जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**
**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.



www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.
Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.
Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ॐ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના


અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ




जैन साईट
JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી અભિનંદન સ્વામિને નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મગુપ્ત સદ્ગુરૂભ્યો નમઃ ॥

# કથાની ક્યારી લાગે પ્યારી

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

પ. પૂ. પ્રવચન પ્રભાવક પ્રવર્તક પ્રવર
મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ સાહેબના
શિષ્યરત્ન
પૂ. મુનિ શ્રી રાજપાલ વિજયજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# “કથાની કયારી
# લાગે પ્યારી”

મુનિ શ્રી રાજપાલવિજયજી

-: પ્રકાશન :-

વિ. સં. ૨૦૫૧, કા.સુ. ૫

(જ્ઞાનપંચમી)

-: મુદ્રક :-

સાગર આર્ટ ગ્રાફીકસ્

સે. નં. ૨, સી/૪૨-૩૦૧, શાન્તિનગર,

મીરા રોડ(ઈ.), મુંબઈ, ફોન નં. - ૮૧૧૦૫૫૨

JAINSITE .com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

નકલ : ૧૦૦૦

કિંમત : ૩૫/=

-: પ્રાપ્તિ સ્થાન :-

DInesh J. Mehta
406/14, Mani Bhuvan,
Telang Road,
Matunga (C.R.),
Bomay - 400 019
Tel. : C/o 437 1629 / 5627

Harshadrai Gulabchand Bavishi
Mahavir Krupa,
1st Floor,
Maharana Pratap Road,
Bhayandar (W.) - 401 101
Dist : Thana (Mah.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મારા મનની વાત

માનવી જન્મ્યો એ સમયે જ વાર્તાનો જન્મ થયો હશે. વેદકાળમાં રાજા પુરુરવા વિશેની વાર્તા પ્રચલિત હતી. વાર્તા સાંભળવી સૌને ગમે છે. ફક્ત બાળકોને જ નહિ પણ યુવાનો અને વૃદ્ધોને પણ વાર્તા વાંચવી કે સાંભળવી ગમે છે.

બાળકો માટે તો કહી શકાય કે વાર્તા વાંચવી એ એમનો જન્મ સિદ્ધ અધિકાર છે. વાર્તા સાંભળતાં કે વાંચતાં બાળકોના મોમાં માતાના દૂધ જેવી મિઠાશ આવે છે.

મુનિ શ્રી રાજપાલવિજયજી મહારાજ બાળ વાર્તાઓનો સંગ્રહ લઈને બાળકો સમક્ષ હાજર થયા છે. એ વાર્તા વાંચતાં બાળકોને જ્ઞાન મળશે, એમને આનંદ થશે, અને એમનામાં સદ્‌ગુણોનો વિકાસ થશે. એ વાર્તાઓ કુટુંબના વડીલો વાંચશે તો વાર્તાને બરાબર યાદ રાખીને અનેક વ્યક્તિઓને કહેશે. જેથી એ વાર્તા લખવા પાછળનો શુભ આશય તેઓ જાણી શકશે.

આ વાર્તાઓ મમતાળુ માનો દુધ જેટલી ગુણકારી અને અમૂલ્ય છે.

આ સંગ્રહમાંની "પુતળીઓ" વાચનારને થશે કે આપણે સંયમી અને સંસ્કારી બનવું જોઈએ. "ઠગ" વાર્તા, ઠગ વિદ્યાનો જાણકાર દુર્ગુણી માનવીનો પરિચય કરાવે છે. એ વાર્તા વાંચીને બાળક નિર્ણય કરશે કે આ ઠગ જેવો હું કદિ બનીશ નહી. કે લોકમાન્ય તિલકના જીવનમાં બનેલ પ્રસંગ વાંચનાર કે ન્યૂયોર્કના મેયર દંડ ચૂકવે છે એ જાણીને વાચક વિચારશે કે હું પણ સત્યપ્રિય બનીશ અને જીવનમાં સત્યનું આચરણ કરીશ.

મુનિ શ્રી રાજપાલ વિજયજી મહારાજે આવી સુંદર વાર્તાઓ સમાજને આપીને સમાજ પર ઉપકાર કર્યો છે.

- પ્રોફેસર હસમુખ શેઠ (એમ. એ.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ શ્રી અભિનંદન સ્વામિને નમઃ ॥

# નમ્ર નિવેદન

સકળ શ્રી સંઘને જણાવતાં અમે ખૂબ જ આનંદ અનુભવીએ છીએ કે આ વર્ષે વિ. સં. ૨૦૫૦ના સાયન શ્રી સંઘમાં ચાર્તુમાસ બિરાજમાન પ. પૂ. વિદ્વાન્ પ્રવચનકાર પ્રવર્તક પ્રવર શ્રી **ધર્મગુપ્ત-વિજયજી મ.** ના બંને શિષ્યો પૂ. મુનિ **શ્રી રાજપાલ વિજયજી મ.** તથા પૂ. મુનિ **શ્રી લબ્ધિદર્શન વિજયજી મ.** તથા પૂ. આ. ભ. **શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.** ના સમુદાયના પૂ. સાધ્વીજી **શ્રી આત્મજયાશ્રીજી**, સા. **શ્રી મુક્તિરત્નાશ્રીજી**, સા. શ્રી **વિરાગરત્નાશ્રીજી** તથા સા. **શ્રી ભક્તિરત્નાશ્રીજી** આદિ પૂજયો જયારથી આપણા શ્રી સંઘમાં પધાર્યા છે, ત્યારથી શ્રી સંઘમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ ફેલાયો છે.

તેઓશ્રીની પાવન નિશ્રામાં અનેક પ્રકારની વિશિષ્ટ કોટીની આરાધનાઓ, અનુષ્ટાનો તથા શિબીરો વગેરે કાર્યક્રમો દ્વારા સંઘમાં તપ-જપ અને જ્ઞાનનો અનેરો યજ્ઞ મંડપ મંડાયો છે.

શ્રી સંઘે ઉત્સાહપૂર્વક આ સર્વ શાસન પ્રભાવનાના ધાર્મિક કાર્યક્રમોમાં ખૂબજ સુંદર રીતે સાથ અને સહયોગ આપ્યો છે. **''કથાની કયારી લાગે પ્યારી''** પુસ્તક પ્રકાશન માટે પૂ. મુનિ **શ્રી રાજપાલ વિજયજી મ.**ની પ્રેરણા થતાં જ તથા સાયન શ્રી સંઘના જ્ઞાનપ્રિય શ્રાવક-શ્રાવિકાઓએ તન-મન-ધનથી ખૂબ જ ઉદારતાપૂર્વક લાભ લઈ જ્ઞાન ભક્તિ કરી છે.

આ પુસ્તકની સુંદર પ્રસ્તાવના **પ્રો. શ્રી હસમુખભાઈ શેઠે** ખૂબ જ સુંદર રીતે લખી આપી છે. તેઓ **''મુંબઈ સમાચાર''**ના ''દિવાદાંડી'' વિભાગમાં હૃદયસ્પર્શી લેખો પ્રસ્તુત કરે છે. સમય કાઢીને તેઓશ્રીએ પ્રસ્તાવના લખી આપવા બદલ ખૂબ આભાર.

JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પુસ્તકને ઘણાંજ ટુંકા સમયમાં આધુનિક કૉમ્પ્યુટર ટેક્નોલોજી દ્વારા ડિઝાઈન કરી, સાજ-સજાવટભર્યું ઓફસેટ પ્રિન્ટિંગ કરી આપનાર સાગર આર્ટ ગ્રાફીક્સના શ્રી સુભાષભાઈ જૈન તથા શ્રી ચન્દ્રપ્રકાશભાઈ જૈનને પણ આ પ્રસંગે કેમ ભૂલી શકાય?

સૌના સહયોગથી આ પુસ્તક સુંદર બન્યુ છે, તેનો અમને આનંદ છે. આ રીતે પૂ. મુનિ શ્રી રાજપાલ વિજયજી આવા અનેક પુસ્તકો પ્રકાશિત કરાવતાં રહે, અને એ રીતે સૌને ધર્મનો બોધ આપતા રહે એ જ શાસનદેવ પાસે પ્રાર્થના.....

લી.

**શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ**

**સાયન (શીવ)**

વિ.સં. ૨૦૫૦ આસો સુદ-૧૦

શ્રી
જૈન શ્વેતામ્બર
મૂર્તિપૂજક સંઘ-સાયનના
જ્ઞાનખાતામાંથી
**૧૧૧૧૧/-**
આ પુસ્તકમાં આપીને
**શ્રી સંઘે**
સુંદર સહયોગ આપ્યો છે.
આ રકમમાંથી
**પૂ. સાધુ-સાધ્વીજીને**
તથા
**જ્ઞાનભંડારોને**
આ પુસ્તકો
ભેટ મોકલવામાં
આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આ પુસ્તકમાં સુંદર સહયોગ આપનાર
## સાયન શ્રી સંઘના
## ભાગ્યશાળીઓની શુભ નામાવલી

| રકમ | નામ |
|---|---|
| ૧૧૧૧ | શ્રી નૌતમલાલ ચુનીલાલ |
| ૧૦૦૧ | શ્રી મહાસુખલાલ જેસીંગલાલ |
| ૧૦૦૧ | શ્રી કૌશિકભાઈ ચિમનલાલ |
| ૫૧૧ | સ્વ. પુસ્કર શરદચંદ્ર શાહના આત્મશ્રેયાર્થે |
| ૫૦૧ | શ્રી વોપાશા પરીવાર |
| ૫૦૧ | શ્રી વ્રજલાલ કેશવલાલ વોરા |
| ૫૦૧ | શ્રી અંબાલાલ દલછારામ |
| ૫૦૧ | શેઠ કાંન્તિલાલ ધરમશીભાઈ |
| ૫૦૧ | સ્વ. બાલચંદ તારાચંદ શાહના સ્મરણાર્થે |
| ૫૦૧ | શ્રી પાનાચંદ લાલચંદ |
| ૫૦૧ | શ્રી ઉજમશી હરચંદ દોશી |
| ૫૦૧ | શ્રી શરદભાઈ ખીમચંદ મોતિચંદ |
| ૫૦૧ | શ્રી વિનોદભાઈ વાડીલાલ ખંભાતવાળા |
| ૫૦૧ | શ્રી તલકચંદભાઈ આણંદજીભાઈ શાહ |
| ૫૦૧ | શ્રી હીંમતલાલ દીપચંદભાઈ શેઠ |
| ૫૦૧ | શ્રી ગીરધરલાલ જે. વોરા |
| ૫૦૧ | કુ. શીતલ અનીલકુમાર જગજીવનદાસ |
| ૫૦૧ | સ્વ. વ્રજકોરબહેન હીરાલાલ કાલીદાસ વોરા |
| ૫૦૧ | સ્વ. રેખાબહેન સુરેશચંદ્ર પોપટલાલ જોગાણી |
| ૫૦૧ | કોકિલાબહેન પ્રવીણચંદ્ર |
| ૫૦૧ | શ્રી રતિલાલ વનમાળીદાસ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


૫૧૧ શ્રી ચંદ્રકાન્ત અંબાલાલ
૨૫૧ શ્રી પ્રતાપરાય રતિલાલ જસાણી
૨૫૧ શ્રી અભેચંદ બેચરદાસ
૨૫૧ શ્રી પુનમચંદ હરિલાલ
૨૫૧ શ્રી બચુભાઈ જેચંદભાઈ ટોલીયા
૨૫૧ શ્રી રજનીકાન્ત મણીલાલ ઝવેરી
૨૫૧ શ્રી માણેકલાલ ત્રીભોવનદાસ
૨૫૧ શ્રી મોતીલાલ પ્રેમચંદ
૨૫૧ સ્વ. કાન્તાબહેન ભૂપતરાય ડાહ્યાલાલ
૨૫૧ શ્રી જેચંદભાઈ રાયચંદ
૨૫૧ શ્રી રણમલ રામજી
૨૫૧ શ્રી ઈશ્વરલાલ પોપટલાલ
૨૫૧ સ્વ. શ્રી પ્રતાપરાય મણિલાલ હરખચંદ
૨૫૧ હસુમતિબહેન-જાપાન
૨૫૧ સ્વ. શ્રી કાન્તિલાલ મોહનલાલ કપાસી
૨૫૧ શ્રી કાન્તિલાલ કસ્તુરચંદ
૨૫૧ શ્રી બચુભાઈ નરોત્તમદાસ વોરા
૨૫૧ શ્રી દેવેન્દ્રભાઈ મણીલાલ દેતારા
૨૫૧ શ્રી ચંપકલાલ ગોરધનદાસ
૨૫૧ શ્રી કીર્તિલાલ રામલાલ માસ્તર
૨૫૧ શ્રી પદમશીભાઈ પ્રાગજીભાઈ શેઠ
૨૫૧ શ્રી કીશોરભાઈ મનસુખલાલ શેઠ
૨૫૧ લીલાબહેન રતિલાલ વોરા
૨૫૧ શ્રી સુમતિલાલ પ્રેમચંદ
૨૫૧ શ્રી નરેન્દ્રકુમાર ચીમનલાલ
૨૫૧ શ્રી કુંવરજીભાઈ છગનલાલ
૨૫૧ શ્રી સૌભાગચંદ પોપટલાલ

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૫૧ શ્રી શાન્તિલાલ સૌભાગ્યચંદ
૨૫૧ શ્રી નારણદાસ વસરામ સંઘવી
૨૫૧ અમરતબહેન ખીમજીભાઈ
૨૫૧ શ્રી ચંદુલાલ કુંવરજીભાઈ
૨૫૧ શ્રી રમણીકલાલ નગીનદાસ
૨૫૧ નિર્મલાબહેન પ્રવિણચંદ્ર
૨૫૧ શ્રી હદીચંદ ખોડીદાસ દોશી
૨૫૧ મૃદુલાબહેન શિરીષભાઈ
૨૫૧ શ્રી તારાચંદ સુન્દરજી રામાણી
૨૫૧ સ્વ.શ્રી રાયચંદ મોતીચંદ
૨૫૧ સ્વ. ચંદનબહેન ધરમદાસ
૧૫૧ સ્વ. શ્રી છગનલાલ લક્ષ્મીચંદ

जैन साईट
JAINSITE .com
જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી લઘુ શાંતિ સ્તોત્ર

વીર નિર્વાણની સાતમી સદીના અંત ભાગે, શાકંભરી નગરીમાં કોઈપણ કારણે કુપિત થયેલી શાકિનીએ, મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો. એ ઉપદ્રવ એટલો ભારે હતો, કે તેમાં દવાઓ કે વૈદ્યો પણ કાંઈ કરી શકતા નહિ. તેથી માણસો મરવા લાગ્યા, અને આખી નગરી સ્મશાન જેવી ભયંકર જણાવવા લાગી.

આ પરિસ્થિતિમાં સુરક્ષિત રહેલા કેટલાક શ્રાવકો જિન ચૈત્યમાં એકઠા થઈને વિચાર કરવા લાગ્યા કે આ શું થવા બેઠું છે ! આજે સંઘના દુર્ભાગ્યે કપર્દી યક્ષ, અંબિકા દેવી, બ્રહ્મશાંતિ યક્ષ, યક્ષરાજ તથા વિદ્યા દેવીઓ પણ અદ્રશ્ય થઈ ગયેલી જણાય છે. અન્યથા આપણી હાલત આવી હોય નહિ. હવે શું કરવું !

તેઓ આ રીતે ચિંતામાં મગ્ન બન્યા, ત્યારે અંતરીક્ષમાંથી અવાજ આવ્યો કે તમે ચિંતા શા માટે કરો છો ? નાડૂલ નગરીમાં શ્રી માનદેવસૂરિજી બિરાજે છે, તેમના ચરણોનાં પ્રક્ષાલન જલનો તમારા મકાનોમાં છંટકાવ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરો એટલે બધો ઉપદ્રવ શાંત થઈ જશે.

આ વચનથી આશ્વાસન પામેલા સંઘે વીરદત્ત નામના એક શ્રાવકને વિજ્ઞપ્તિ પત્ર સાથે નાડૂલ નગરે (નાડોલ-રાજસ્થાન) શ્રી માનદેવસૂરિજી પાસે મોકલ્યો. સૂરિજી તપસ્વી, બ્રહ્મચારી અને મંત્ર સિદ્ધ મહાપુરુષ હતા. લોકોપકાર કરવાની પરમ નિષ્ઠાવાળા હતા. તેથી તેમણે શાંતીસ્તવ નામનું એક મંત્ર યુકત ચમત્કારીક અને શાંતિ કરવામાં નિમિત્તભૂત એવું સ્તોત્ર બનાવી આપ્યું. અને પગ ધોવણ પણ આપ્યું. આ બંને વસ્તુ લઈને વીરદત્ત શાકંભરી નગરીએ પહોંચ્યો. ત્યાં પગ ધોવણનું પાણી અન્ય પાણી સાથે મિશ્રિત કરીને છાંટતાં તથા શાંતીસ્તવનો પાઠ કરતાં મહામારીનો ઉપદ્રવ શાંત થઈ ગયો.

આ સ્તવ (સ્તોત્ર) ૧૯ ગાથાનું છે. તે "લઘુશાંતિ" તરીકે પ્રસિદ્ધ છે. દરરોજ સાંજના પ્રતિક્રમણમાં તે સ્તોત્ર બોલાય છે. અને કોઈપણ ઉપદ્રવના નિવારણ અર્થે પણ બોલાય છે.

> જેના હૃદયમાં પરમાત્મા પ્રત્યે ભક્તિ અને પ્રીતિ હોય તેના પર પરમાત્માની કૃપા વરસે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય

પાટલી પુત્રના બ્રાહ્મણ ધર્મી રાજાએ એવો હુકમ બહાર પાડ્યો કે મારા રાજયમાં વસતાં દરેક માણસે બ્રાહ્મણને નમસ્કાર કરવો. જો કોઈ આ હુકમનું ઉલ્લંઘન કરશે તો તેને હદપારની શિક્ષા કરવામાં આવશે. જૈન મુનિઓનો પણ આમાં સમાવેશ થઈ જતો હતો. એટલે મુનિઓ તો ગૃહસ્થ એવા બ્રાહ્મણોને નમે નહિ. કારણ કે તેમનો આચાર નથી, એટલે સંઘ વિચારમાં પડ્યો કે શું કરવું!

જો મુનિઓ આ કારણે શહેર અને આ પ્રદેશ છોડીને ચાલ્યા જશે તો આપણે ધર્મની આરાધના કેવી રીતે કરશું ? રાજા જૈન ધર્મનો દ્વેષી છે તે કોઈ પણ હિસાબે પોતાની વાત છોડે તેમ નથી. આથી તેમણે પવનવેગી સાંઢણી પર સંઘના બે ભાઈઓને ભરૂચ મોકલ્યા કે જયાં મહામંત્રવાદી આર્ય ખપૂટ બીરાજતાં હતાં. તેમણે સમસ્ત પરિસ્થિતિનું આચાર્યશ્રીને નિવેદન કર્યું. અને તેમાંથી બચાવવાની વિનંતી કરી...

આર્ય ખપુટાચાર્યે આ સાંભળી



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાટલીપુત્ર જવાની તૈયારી કરી. ત્યાં તેમના શિષ્ય શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કહ્યું કે આવા એક નાનકડા કામ માટે આપને પાટલીપુત્ર જવાની શી જરૂર છે? મને આજ્ઞા કરો તો હું એ કામ પતાવી દઈશ. આચાર્યે તેમને આ કાર્ય માટે આશીર્વાદ આપ્યા.

શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય આકાશ માર્ગે પાટલીપુત્ર પહોચ્યાં. આ વખતે તેઓ પોતાની સાથે કરેણની નાની મંત્રેલી બે લાકડીઓ લઈ ગયા હતા. પાટલીપુત્રનો સંઘ તેમના ત્વરિત આગમનથી ઘણો ખૂશ થયો. પછી શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયના સૂચનથી તેમણે રાજાને કહેવડાવ્યું.

હે રાજન્ ! અમારા જૈન મુનિઓ આપના બ્રાહ્મણો-પંડિતોને વિધિસર વંદન કરવા ઈચ્છે છે. તો આવતી કાલે સહુને રાજ સભામાં એકત્ર કરો. આ સાંભળી રાજા હર્ષ પામ્યો. તેણે બીજા દિવસે રીતસર રાજસભા ભરી. તેમાં ૫૦૦ બ્રાહ્મણ વિદ્વાનોને હાજર રાખ્યા...

અહીં શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય, થોડા જૈન મુનિઓ તથા સંઘના કેટલાક આગેવાનોને લઈ રાજસભામાં હાજર થયા. ત્યાં શ્રી દેવેન્દ્ર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાધ્યાયે રાજાને ઉદ્દેશીને કહ્યું કે હે રાજન્! અમે તમારી આજ્ઞાનુસાર બ્રાહ્મણ વિદ્વાનોને વંદન કરવા ઈચ્છીએ છીએ. પણ તેઓ બે વિભાગમાં બેઠેલા છે. એટલે પહેલા પૂર્વાભિમુખને વંદન કરીએ, કે પશ્ચિમાભિમુખને?

રાજાએ કહ્યું કે તમને ઠીક લાગે તેને પ્રથમ વંદન કરો. શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કરેણની એક લાકડી પૂર્વાભિમુખ બેઠેલા બ્રાહ્મણો સામે ફેરવી કે તે બધાની ગરદનો મરડાઈને પશ્ચિમાભિમુખ થઈ ગઈ અને તેઓના મુખમાંથી લોહી નીકળવા લાગ્યું. પછી પશ્ચિમાભિમુખ બેઠેલાઓની સામે લાકડી ફેરવી કે તેમની ગરદન મરડાઈને પૂર્વાભિમુખ થઈ ગઈ અને તે બધા લોહી વમવા લાગ્યા. આથી ત્યાં થોડી જ વારમાં હાહાકાર મચી ગયો.

રાજાની વિહ્વળતાનો પાર ના રહ્યો. છતાં તેણે પોતાના મનને સ્વસ્થ કરીને બે હાથ જોડી મસ્તક નમાવીને શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયને વિનંતી કરી કે આપ તો મહામુનિ છો, દયાના ભંડાર છો, તો દયા કરો અને આ બધા બ્રાહ્મણોના જીવ બચાવો.

શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કહ્યું : અમે



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો સર્વ જીવો ઉપર દયા રાખીએ છીએ પણ તમારા અન્યાયી કૃત્યથી શાસનદેવ કોપ્યા લાગે છે. હવે આ બ્રાહ્મણ પંડિતોને બચવું હોય તો એક જ ઉપાય છે કે તેમણે જૈન ધર્મની દીક્ષા લેવી. જો આ વાત મંજુર હોયતો અમે શાસનદેવને એ બાબતની વિનંતી કરીએ !

માણસને જીવથી વધારે શું વહાલું હોય ? એ શરત મંજુર રાખવામાં આવી એટલે ઉપાધ્યાયજીએ કરેણની બીજી લાકડી ઉલટી ફેરવી કે દરેકની ગરદન સીધી થઈ ગઈ. મુખમાંથી લોહી પડતું બંધ થઈ ગયું.

રાજાએ તેજ વખતે પોતાનો હુકમ પાછો ખેંચી લીધો. અને હવે પછી કોઈ સાધુને તકલીફ થાય તેવું વર્તન નહીં કરવાનું જાહેર કર્યું. બ્રાહ્મણોને સાધુઓ વંદન નહીં કરે તે પણ જાહેર કર્યું. શ્રી સંઘને ઘણો જ હર્ષ થયો. પછી પેલા ૫૦૦ બ્રાહ્મણો શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય પોતાની સાથે ભરૂચ લઈ આવ્યા અને ત્યાં તેમને દીક્ષા આપવામાં આવી.

**પોતાના સુખને સળગાવી દેવી હોય તો જ ક્રોધનો સહારો લેવો.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રી નાગફણા પાર્શ્વનાથ

ઈડરથી કેસરીયાજી પગ રસ્તે જતાં મેવાડની હદમાં બે ડુંગરોની વચ્ચે આ તીર્થ-સ્થાન આવેલું છે. તેની ચારે તરફ ડુંગરો ફેલાયેલા છે. નજીકમાં કોઈ ગામડું નથી.

આ તીર્થમાં એક નાનું જિનાલય છે. તેમાં બે હાથની નાગરાજ ધરણેન્દ્રની ફણાવાળી શ્યામ મુર્તિ છે. તેના ઉપર શ્રીપાર્શ્વનાથ પ્રભુની છ ઈંચ કદની પ્રતિમા છે. મંદિરના નીચેના ભાગેમાંથી પાણીના ઝરણાઓ વહે છે. તે આ સ્થાનની પ્રાકૃતિક શોભામાં ઘણો ઉમેરો કરે છે. આ તીર્થ ચમત્કારિક છે.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

અહીં શ્રી ગુણદેવાચાર્યે ઓસવાલ વીરમ શાહને ધરણેન્દ્રની આરાધના કરાવી હતી. જ્યારે મેવાડનું રાજ્ય અકબર બાદશાહે જીતી લીધું ત્યારે રાણા પ્રતાપને નાશી છૂટવું પડયું હતું અને જંગલોમાં આશ્રય લેવો પડ્યો હતો.

તે વખતે તેમને એક જૈન સાધુનો સમાગમ થયો. તેમને રાણાએ પૂછ્યું કે આપ મને મારું રાજ્ય પાછું મળે તેવો કોઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાય બતાવો. ત્યારે એ મુનિરાજે કહ્યું કે ધરણેન્દ્ર પદ્માવતી યુક્ત શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાનું આરાધન કરવાથી તમારો મનોરથ સફળ થશે. પછી તેમણે અહીં આવી શ્રી નાગફણા પાર્શ્વનાથજીની આરાધના કરી હતી.

ત્યાર બાદ થોડા જ વખતે તેમને ભામાશાહ તરફથી અનર્ગલ ધનની મદદ મળી. અને તેનાથી સજજ થઈને લડાઈ કરતાં મેવાડના બાવન કિલ્લા તથા ઉદયપુર જીતી લીધું હતું. આ તીર્થમાં કોઈ રાત્રીએ રહી શકતું નથી. આશાતના થાય તો ભમરા ઉડે છે.

પામોલનો સંઘ ત્યાં દર્શને ગયો. ત્યારે એક અડચણવાળી બેન મંદિરમાં દાખલ થઈ કે તરતજ ભમરા ઉડ્યા હતા.

જે સંઘ ઈડરથી પગ કેશરીયાજીની યાત્રાએ જાય છે. તે અવશ્ય અહીં યાત્રા કરવા આવે છે. જો વધારે યાત્રાળુ હોય તો ઝરણાંમાંથી વધારે પાણી વહે છે. આરાધના માટે આ સ્થાન ઉત્તમ છે. પણ બધી સગવડ કરીને ત્યાં રહેવું જોઈએ.

ચંદન શીતળતા આપે છે, તેને સળગાવવાથી ઉત્પન્ન થયેલો અગ્નિ તો બાળી જ નાંખે છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બુદ્ધિમાન શેઠ

શેઠ-શેઠાણી રૂમમાં સૂતા હતા. અમાસની અંધારી રાત હતી. અચાનક પોતાની બાજુની રૂમમાં કંઈક અવાજ આવી રહ્યો હતો. શેઠને લાગ્યું કે જરૂર ચોરો આવ્યા લાગે છે. શેઠ મોટા અવાજે પોતાની પત્નીને કહ્યું કે તમે ચોરોની ચિંતા ના કરો. શાંતિથી સૂઈ જાઓ. મેં બધો કિંમતી માલ એક સુંદર જગ્યા પર રાખ્યો છે. જયાં ચોર પણ ન પહોંચી શકે.

બાજુની રૂમમાં ચોરો શેઠનો અવાજ સાંભળી થોડા ગભરાયા પણ હિંમત કરીને શેઠની વાત સાંભળવા ચૂપચાપ ઉભા છે. ત્યાં તો શેઠાણી બોલ્યા કે કઈ જગ્યા પર રાખ્યું છે. તે મને બતાવો !

શેઠ મોટેથી બોલ્યા ''અરે...! તું શા માટે ચિંતા કરે છે. ચોરો લાખવાર માથું પછાડે તો પણ ના મળે એવી જગ્યાએ ધન છુપાવ્યું છે.''

શેઠાણીએ કહ્યું: એવી કઈ જગ્યા છે જયાં ચોરો પણ ન પહોંચી શકે? મારે જાણવું છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠે કહ્યું : તારી ઘણી ઈચ્છા છે તો કહુ છું. આમ કહી શેઠાણીના કાનમાં કંઈક કહ્યું... શેઠાણી તો મોટેથી બોલી ઉઠ્યા. અરે...આ તમે શું કહો છો, મારા બધા જ ઘરેણાઓ પોટલી બાંધી બગીચામાં કેરીના ઝાડ ઉપર બાંધી આવ્યા છો ત્યાંથી તો ચોરો સહેલાઈથી એ પોટલી લઈ લેશે.

ચોરો આ સાંભળી ગયા. જલ્દીથી ઘરની બહાર નીકળી બગીચામાં ગયા. કેરીના ઝાડ પાસે આવીને પોટલી જોવા લાગ્યા. અંધારામાં પોટલી જેવું કંઈક લટકતું તેમણે જોયું. ચોરો ઝાડ પર ચડીને પોટલી ઉતારવા ગયા. કેરીના ઝાડ પર રહેલી હજારો મધમાખીઓ ઉડીને ચોરોને કરડવા લાગી. ચોરોને ખબર પડી ગઈ કે આ તો પોટલી નથી પણ મધમાખીનો પુળો છે. ચોરો ત્યાંથી ભાગ્યા કે ફરી કદી પણ પાછા ન આવ્યા.

શેઠે શેઠાણીને કહ્યું : જો ચોરોને કેવી પોટલી મળી અને હવે કેવા ભાગે છે. માલ લેવા આવ્યા હતા અને મુસીબત લઈ જાય છે. શેઠ પોતાની બુદ્ધિથી ધન બચાવી શક્યા.



જૈન સાઈટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શક્તિની પૂજા

એક વ્યક્તિ રોજ ગણેશની પૂજા કરે. સવારના રોજ મિઠાઈ આદિ મૂકી આરતી કરતો. એક દિવસ તેણે જોયું કે પોતાનું ચઢાવેલું નૈવેદ્ય ઉંદર લઈ જાય છે છતાં ગણેશ કશું જ કહેતાં નથી, રોકતા પણ નથી. તેથી તેના કરતાં ઉંદર શક્તિશાળી કહેવાય. બીજા દિવસથી ઉંદરની પૂજા ચાલુ કરી. નૈવેદ્ય મૂકે, આરતી કરે.

એક દિવસ બિલાડી ઉંદરને જોઈ ગઈ. તેને પકડીને ખાઈ ગઈ. આ જોઈ તે માણસે ઉંદર કરતાં શક્તિશાળી બિલાડીને જાણી તેની પૂજા ચાલુ કરી. કેટલાક દિવસ પછી કોઈ કૂતરાએ તે બિલાડીને મારી નાંખી. આ જોઈ તે માણસે કૂતરાની પૂજા ચાલુ કરી. કૂતરો ઘરમાં જ રહેવા લાગ્યો.

એક વખત તે માણસની પત્ની કબાટમાંથી કાંઈક કાઢવા ગઈ ત્યાં તો કૂતરો રોટલીની થપ્પી લઈને ભાગ્યો. આ જોઈ સ્ત્રીએ લાકડીએથી તેને ખૂબ માર્યો. આ જોઈ તે માણસે વિચાર કર્યો કે કૂતરા કરતાં મારી સ્ત્રી વધુ શક્તિશાળી છે તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માણસ પોતાની પત્નીની પૂજા કરતો. નૈવેદ્ય-આરતી પણ ઉતારતો.

એક દિવસ પતિ-પત્ની વચ્ચે ઝગડો થયો. ત્યારે પતિએ પત્નીને ખૂબ મારી. ત્યારે પતિને લાગ્યું કે અત્યાર સુધી હું શક્તિ વગરનાની પૂજા કરતો હતો. ખરો શક્તિશાળી તો હું પોતે જ છું. ત્યારથી તે પોતાની પૂજા-આરતી કરતો, નૈવેદ્ય ચઢાવતો અને પોતે જ તે ખાઈ જતો.

## ગાંધીજીએ કહ્યું કે...

એકવાર ગાંધીજી પોતાના આશ્રમમાં છોકરાઓ સાથે સાબરમતી નદીમાં નહાવા ગયા. ગાંધીજી પાણીમાં ઉભા રહી છોકરાઓને અહિંસા ઉપર સમજાવતા હતા. ત્યારે એક કાચબો ગાંધીજીના પગે કરડ્યો. થોડુ લોહી પણ નિકળ્યું.

એક છોકરાએ પૂછ્યું બાપુ, તમે અહિંસાની વાતો કરો છો પણ આ કાચબાને અહિંસાની વાત કેમ નથી સમજાવતા ! ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું કે પહેલાં મનુષ્યને તો શીખવાડું બેટા ! આ કાચબાનો નંબર તો પછી આવશે...!



જૈન સાઈટ JAINSITE.com તમે જવાબદાર છો
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મારા ખેતરમાં તારી ભેંસ

બે ખેડુતો હતા. બંને મિત્રો ખેતી કરે અને પોતાનું ગુજરાન ચલાવે. આ વર્ષે કંઈક પાક સારો થયો એટલે થોડા પૈસા બચાવી શકયા.

એક વખત બંને બેઠા હતા. એકે કહ્યું : આપણે આ વર્ષે પૈસા બચાવીને કંઈક ભવિષ્ય માટે કરીએ. બીજાએ કહ્યું: વાત સારી છે પણ શું કરવું એ કહે ! એકે કહ્યું : હું પાંચસો રૂપિયા બચાવી એક સુંદર ભેંસ લાવવા વિચારું છું. બીજો કહે - હું થોડા પૈસા વધારી ખેતરમાં શેરડી વાવીશ.

તું ભેંસ લાવીશ તો બાંધીશ કયાં? એ તો પશુ છે. ગમે ત્યાં ચારો ચરી આવશે એટલે આપણે કયાંક બાંધી દેશું. જો ભાઈ! આપણા બન્નેના ખેતરો નજીક છે. તારી ભેંસ મારા ખેતરમાં ઘૂસી જાય ને મારો પાક બગાડી નાખે તે મને ના પોસાય. એ તો પશુ છે એને શી રીતે સમજાવી શકાય!

જો તારા ખેતરમાં ભેંસ ઘૂસી જાય તો તારે કાઢી મૂકવાની. એમાં મારી ના થોડી છે ! તારી ભેંસ મારા ખેતરમાં ઘૂસે



જૈન સાઇટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ને હું તેને કાઢ્યા કરું ? શું હું તારી ભેંસનો નોકર છું ? જો તારી ભેંસ મારા ખેતરમાં આવશે તો હું તેનો પગ તોડી નાંખીશ. પણ આટલો બધો ગુસ્સો કેમ કરે છે ?

તારા શેરડીના ખેતરમાં તને સફળતા નહીં મળે. શું કહ્યું... જો આ મારું ખેતર. એમ કરીને જમીન ઉપર એણે લીટી દોરીને બતાવ્યું. એમાં આ શેરડી. હવે તારી ભેંસ જો આવશે તો તેની ખબર લઈ નાંખીશ! તરત જ તેના મિત્રે એક નાનો પત્થર એ લીટીમાં નાંખીને કહ્યું : લે, મારી ભેંસ તારા ખેતરમાં ઘૂસી ! અને પેલા શેરડીના ખેતરના માલિકે ભેંસવાળાને મોઢા ઉપર એક મુક્કો મારી દીધો.

પેલો પણ પહેલવાન હતો. બંને વચ્ચે લડાઈ થઈ ગઈ. ગામ ભેગું થયું બંનેને શાંત કરીને પૂછ્યું - કેમ લડો છો ? પેલો કહે મારા શેરડીના ખેતરમાં એની ભેંસ ઘૂસી ગઈ. ગામ લોકોએ કહ્યું પણ તારા શેરડીના ખેતરો ક્યાં છે અને એની ભેંસ ક્યાં છે ?

ત્યારે પેલાએ લીટી દોરેલા ખેતર તરફ સૌનું ધ્યાન ખેચ્યું અને પડેલો પત્થર બતાવીને કહ્યું : આ રહી તેની ભેંસ. ત્યારે



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંનેએ કહ્યું : અમે ભવિષ્યનો વિચાર કરતાં હતા. ગામ લોકોએ સમાધાન કર્યું કે- ભવિષ્યની વાત ભવિષ્યમાં. અત્યારે બંને મિત્રો શા માટે લડો છો ? બંનેની મૂર્ખતા ઉપર આખું ગામ હસવા લાગ્યું.

## શબ્દોની કરામત

એકવાર એક ભાઈ જયોતિષી પાસે જયોતિષ બતાવવા આવ્યા. એ ભાઈના હાથની રેખાઓ જોઈ જયોતિષીએ કહ્યું : તમારા પર ગ્રહની માઠી અસર છે. ભવિષ્ય ખરાબ છે. તમારા કુટુંબના બધાં માણસો તમારી હયાતીમાં જ મૃત્યુ પામશે.

આ સાંભળી પેલા ભાઈને બહુ દુઃખ થયું. પેલા જયોતિષી પર ગુસ્સો પણ આવ્યો. બીજી વખત તે ભાઈ બીજા જયોતિષી પાસે જયોતિષ બતાવવા ગયા.

જયોતિષીએ તેનો હાથ જોઈને કહ્યું: તમારું ભાગ્ય સારું છે. તમારા કુટુંબની વ્યક્તિઓ કરતાં તમારું આયુષ્ય સૌથી વધારે છે. બન્ને જયોતિષીનું કહેવું એક જ હતું. પણ શબ્દો જુદા હતા. પેલા ભાઈ બીજા જયોતિષીની વાત સાંભળી ખૂશ થઈ ગયા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જીસકી લાઠી ઉસકી ભૈંસ

એક બ્રાહ્મણને એક શેઠે એક ભેંસ આપી. ભેંસ લઈને બ્રાહ્મણ પોતાના ઘર તરફ ચાલ્યો. રસ્તામાં જંગલ આવ્યું. જંગલમાં બ્રાહ્મણને લુંટારો મળ્યો. એના હાથમાં મોટી અને જાડી લાકડી હતી. તેણે બ્રાહ્મણને ધમકી આપતા કહ્યું : તારી ભેંસ અહીં છોડીને તું જલ્દી ભાગી જા ,નહીં તો તારા હાડકા તોડી નાખીશ !

બ્રાહ્મણ નિશસ્ત્ર હોવાથી સામનો કરી શકે તેમ ન હતો. તેણે કહ્યું કે હું ભેંસ તો આપી દઉં પણ હું બ્રાહ્મણ છું. મને તેના બદલે કાંઈક આપો. ડાકુને આ વાત ગમી ગઈ. તેણે કહ્યું મારી પાસે તો આ લાકડી છે. તે લઈ લે.

બ્રાહ્મણે લાકડી લઈ લીધી અને કહ્યું મારી ભેંસ મને પાછી આપી દે નહીં તો આ લાકડીથી તારા માથાના ટુકડા કરી નાખીશ. જેની પાસે આ લાકડી છે તેની જ આ ભેંસ છે. ડાકુ ભાગી ગયો. બ્રાહ્મણ ભેંસ લઈ ઘરે આવી ગયો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# લેના એક ન દેના દો

એક કાચબો અને કાગડો બન્ને મિત્રો હતા. એક દિવસ એક માણસે કાગડાને પકડી લીધો. કાચબાથી આ ન જોવાયું. તેણે કહ્યું-કાગડાને છોડી દે. એના બદલામાં તને હું કિંમતી મોતી આપીશ.

માણસે કહ્યું : તું પહેલા મને મોતી આપ. પછી કાગડાને છોડીશ. કાચબો તળાવમાં જઈ એક મોતી લઈ બહાર આવ્યો. માણસને મોતી જોઈ લાલચ જાગી. એટલે તેણે કાચબાને કહ્યું કે આની જોડીનું બીજું મોતી લાવી આપે તો કાગડાને છોડીશ.

કાચબાએ નમ્રતાથી કહ્યું કે હું બીજું મોતી લાવી આપીશ. પણ પહેલા કાગડાને છોડી દે. માણસે કાગડાને મુક્ત કર્યો. કાચબાએ એક બીજું મોતી લાવીને માણસને આપ્યું. પણ આ માણસ લાલચુ હતો. તેણે કાચબાને કહ્યું કે આ મોતી તો નાનું છે માટે બીજું લઈ આવ.

કાચબો બધું સમજી ગયો. એટલે કાચબાએ કહ્યું કે પહેલાનું એક મોતી મને આપો તો તેના માપનું બીજું મોતી લાવીને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપું. જેથી તમારે મોતીની જોડ થઈ જાય. માણસે મોતી આપ્યું.

કાચબો મોતી લઈને તળાવમાં બેસી ગયો. માણસે કાચબાને ઘણી બુમો પાડી પણ કાચબાએ તો પાણીમાં બેઠા બેઠા જ જવાબ આપી દીધો કે - ''ખુદા કરે સો હોય. લેણા એક ન દેણા દોય''.

અર્થાત્ - તું એક મોતી લેતો નથી અને હું બે મોતી આપતો નથી. માણસ નિરાશ થઈ ગયો.

## મૌનનો મહિમા

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

દશ-પંદર માણસોની હાજરીમાં એક માણસે બીજા માણસને ક્રોધના આવેશમાં જ કહ્યું : તારા પર એવો ગુસ્સો આવે છે કે તારું ગળું દબાવી દઉં. ખરેખર તેનો આવો ઈરાદો હતો નહીં પણ બન્યું એવું કે પેલા માણસનું કોઈ બીજાએ જ ખૂન કર્યું. પણ નામ ગળું દાબી દેવાની ધમકી આપનારનું જ આવ્યું અને દશ-પંદરની સાક્ષીને કારણે તે નિર્દોષ હોવા છતાં ફસાઈ ગયો અને આકરી સજા પામ્યો. જુઓ આવેશમાં આવીને ન બોલવાના શબ્દોએ કેવું ભયંકર પરીણામ લાવી દીધું. મૌન રહ્યો હોત તો બચી જાત.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઈમાનદારીનો ચમત્કાર

તોલ માપકી સત્યતા, નહીં બડા કુછ ઔર।
રિદ્ધિ સિદ્ધિ જગમેં નહીં, દેખો કરકે ગૌર ॥

સંવત્ ૧૭૪૦ની આ વાત છે. ગુજરાત- સૌરાષ્ટ્રમાં ભયંકર દુકાળ પડ્યો. અન્ન - પાણી વગર માણસો - પશુઓ મરી રહ્યાં હતાં. ત્યાંના રાજાને કોઈએ કહ્યું કે આપના નગરમાં એક વ્યાપારી છે. તે જો ઈચ્છે તો વરસાદ કરી શકે. રાજાએ સ્વયં તેની પાસે જઈ વરસાદ માટે વિનંતી કરી.

વ્યાપારીએ કહ્યું - હે મહારાજા ! હું તો કોઈ શક્તિ ધરાવતો નથી. હું શું કરી શકું ? પણ રાજાનો આગ્રહ થયો ત્યારે તે ત્રાજવું ઉપાડી બોલ્યો કે હે લોકપાલ અને બધા દેવોની સાક્ષીએ આ ત્રાજવાથી ક્યારેય પણ મેં ઓછું-વધારે તોલ્યું ન હોય અને સત્ય ઈમાનદારીથી જો મેં વ્યાપાર કર્યો હોય તો હે દેવો ! જલ્દી વરસાદ કરો.

થોડી જ ક્ષણોમાં ગર્જના સાથે વરસાદ તૂટી પડ્યો ત્યારે સૌની સમજમાં આવ્યું કે ઈમાનદારીથી વધીને મોટી સિદ્ધિ બીજી શું હોઈ શકે !!!



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દગા કિસીકા સગા નહીં

એક બ્રાહ્મણ રાજાને રોજ કથા સંભળાવે. રાજા કથા સાંભળીને બ્રાહ્મણને એક સોના મહોર આપે. આ જોઈને રાજાના હજામને ઈર્ષ્યા થતી.

એક દીવસ તેણે બ્રાહ્મણને કહ્યું પંડીતજી ! રાજા કહે છે કે તમારા મોઢામાંથી વાસ આવે છે. એટલે તમે નાક અને મોઢા ઉપર પટ્ટી બાંધીને કથા સંભળાવવા આવો. બ્રાહ્મણ ભોળો હતો. તેણે હજામની વાત સાચી માની લીધી. બીજી બાજુ રાજાના કાન ભંભેર્યા.

પૃથ્વીનાથ ! આ અજ્ઞાન બ્રાહ્મણ તો ઘણો કપટી છે. એ કહે છે કે રાજાના મોઢામાંથી વાસ આવે છે એટલે મોઢા ઉપર પટ્ટી બાંધીને જઈશ. હજામની વાત સાંભળી રાજાને ગુસ્સો આવ્યો. એણે બ્રાહ્મણને દંડ દેવાનો સંકલ્પ કર્યો.

બીજે દિવસે બ્રાહ્મણ જયારે નાક અને મોઢા પર પટ્ટી બાંધીને આવ્યો. એ જોઈ રાજાને હજામની વાત પર વિશ્વાસ બેસી ગયો. એ દિવસે રાજાએ બ્રાહ્મણને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે સોના મોહરો આપી અને એક પત્ર પણ આપ્યો. અને કહ્યું કે આ પત્ર હમણાં જ કોટવાલને આપજે.

બ્રાહ્મણે નમસ્કાર કરીને પત્ર લીધો. જેવો તે બહાર નિકળ્યો તેને હજામ સામો મળ્યો. બ્રાહ્મણે સ્વાભાવિક હજામને કહ્યું કે મહારાજાએ આજે મને બે સોનામહોરો આપી છે. આ સાંભળી હજામ બળવા લાગ્યો એ ધુર્ત હતો. તેણે કહ્યું કે ગઈ કાલે મેં તને ઉપાય બતાવ્યો એટલે રાજાએ તને બે મહોરો આપી એટલે એક સિક્કો મને આપ.

એ દિવસે બ્રાહ્મણને જરૂરી કામ માટે બીજે જવાનું હતું એટલે એક સિક્કો આપતા હજામને કહ્યું : આ રાજાનો પત્ર છે કોટવાલને આપી દેજો. હજામે પત્ર કોટવાલને આપ્યો. પત્રમાં રાજાની આજ્ઞા હતી કે પત્ર લાવનારનું તરત જ નાક કાપી લેજો. કોટવાલે હજામનુ નાક કાપી નાખ્યું.

બીજે દિવસે બ્રાહ્મણ કથા સંભળાવવા આવ્યો. તેનુ નાક કપાયેલુ નહોતું. તે જોઈ રાજા નવાઈ પામ્યો. રાજાએ બ્રાહ્મણ પાસે સત્ય જાણ્યું ત્યારે રાજાના મોઢામાંથી નિકળી ગયુ કે **''દગા કીસી કા સગા નહીં''**.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગાંધીજીની લંગોટી

બિહારમાં ભીત હરવા ચંપારણ નામનું એક ગામ છે. ઈસવી સન ૧૯૧૬માં ગાંધીજી ત્યાં ગયા હતા. કસ્તુરબા તેમની સાથે હતા. તેમણે ત્યાં જોયું કે અહીંની સ્ત્રીઓના કપડા ખૂબજ ગંદા છે. એટલે ગાંધીજીએ કસ્તુરબાને કહ્યું કે આ બહેનોને સમજાવો કે ''ગંદા કપડા પહેરવાથી અનેક પ્રકારની બીમારીઓ થાય છે. અને કપડા ધોવામાં ખાસ ખર્ચ પણ નથી.''

કસ્તુરબા તે બહેનોને સમજાવવા લાગ્યા. ત્યારે એક બહેને કહ્યું : અમારી ઝુંપડી તો એકવાર જોઈ લો ! કસ્તુરબા તેમની સાથે અંદર ગયા. ત્યારે એક બહેને કહ્યું કે આ અમારી ઝુંપડી છે. તેમાં બીજા કોઈ કપડાં અમારી પાસે નથી. જો બીજા કપડાં બદલવા માટે હોય તો અમે આ કપડા સાફ કરી શકીએ. તમે મહાત્માને કહીને સાડી અપાવી દો પછી અમે કપડાં ન ધોઈએ તો કહેજો.

કસ્તુરબા એ બધી વાત ગાંધીજીને કરી. ગાંધીજીનું દિલ રડી પડ્યું. હાય !





जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારી ભારતની માતાઓ પાસે સ્નાન કર્યા પછી બદલવા માટે કપડા પણ નથી! આવી તો ભારતમાં લાખો બહેનો હશે! જેની પાસે એક જ વસ્ત્ર છે. તો પછી હું ત્રણ ત્રણ કપડા શી રીતે પહેરી શકું!

આ પ્રસંગ પછી ગાંધીજીએ માત્ર લંગોટ પહેરવાનું વ્રત લીધું. તેમણે કહ્યું: જયાં સુધી ભારતની માતાઓના શરીર પૂરા કપડાંથી નહીં ઢંકાય ત્યાં સુધી મારે શરીર ઢાંકવા આ એક લંગોટ જ પર્યાપ્ત છે. ગાંધીજી એ ત્યારથી લંગોટી લગાડી અને તે જીવનનાં અંત સુધી પહેરી.

## ગલતી મૈંને કી હૈ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

એક વ્યક્તિએ બીજી વ્યક્તિને કહ્યું: મને શુ ખબર કે તમે એટલા બધા દગાખોર હશો! હું તો તમને ખૂબ સજ્જન સમજતો હતો. બીજાએ કહ્યું હું પણ તમને સજ્જન સમજતો હતો. પહેલાએ કહ્યું: તમારી સમજતો સાચી છે. પણ ભુલ તો મારીજ છે. તમે મને સજ્જન સમજો છો તે તમારી સમજ સાચી છે. પણ હું તમને સજ્જન સમજું છું તે જ મારી ભૂલ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ધર્મનું મૂળ ત્યાગ

ધર્મ ગ્રન્થ હોતા વહી, જિસમેં હોં તપ-ત્યાગ ।
ગ્રન્થ કહો કિસ કામકા, ભડકાતા વો આગ ॥

ગોપાલકૃષ્ણ ગોખલે એક વખત પાદરી સાહેબને મળવા ગયા. પાદરી સાહેબની સામે ટેબલ ઉપર ઘણાં પુસ્તકો હતા. સંયોગવશાત્ સૌથી ઉપર બાઈબલ અને સૌથી નીચે ગીતા હતી.

પાદરી વ્યંગમાં બોલ્યા : મિ. ગોખલે! જુઓ બધાં ગ્રન્થોમાં ઉપર તો અમારું બાઈબલ છે ! ગોખલેએ ઉત્તર આપ્યો કે સૌથી નીચે ગીતા છે. ગીતા બધાં ગ્રન્થોનું મૂળ છે. જો ગીતા નીચેથી ખસેડવામાં આવે તો તમારું બાઈબલ પણ પડી જાય. પાદરી ચૂપ થઈ ગયા. એટલે તો રામકૃષ્ણ પરમહંસે ભારતીય સંસ્કૃતિ શું છે ! તેના ઉત્તરમાં કહ્યું : ગીતાને તેરવાર બોલો એટલે ગીતામાંથી ત્યાગી ત્યાગીનો ધ્વનિ નીકળશે... (બંગાળી ભાષામાં ત્યાગીને "તાગી" કહે છે.)

**સુંદર વાણી એ મનનો અરીસો છે.**





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# નાક પકડે તો હજાર રૂપિયા

રાતના સમયે એક વાણીયો પોતાના ઘરની બારી ખોલીને બહારની તરફ જોઈ રહ્યો હતો. ત્યાંજ એક ચોર જે રસ્તા પર ઉભો હતો. તેણે વાણીઆના કાન પકડી લીધા. વાણીયો ઘરમાં હતો. ચોર રસ્તા પર હતો. વાણીયાએ કાન છોડાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ ચોરે કાન છોડ્યા નહીં.

વાણીયાએ ચોરને કહ્યું કે તારે શું જોઈએ છે! જે જોઈએ તે કહે. હું આપીશ, પણ મારા કાન છોડ.

ચોરે કહ્યું કે ૫૦૦ રૂપિયા આપો તો તમારા કાન છોડું.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

વાણીયાએ પોતાની અક્કલ લગાડી. અને હોંશીયારીપૂર્વક પોતાની છોકરીને બૂમ પાડી કે બેટી ! જલ્દીથી ૫૦૦/-રૂપિયા લઈને બારી પાસે આવ. કારણ કે ચોરે મારા કાન પકડ્યા છે. જો કાન છોડીને નાક પકડશે તો ૧૦૦૦/-રૂપિયા આપવા પડશે. માટે જલ્દી થી ૫૦૦/-રૂપિયા લાવ.

આ સાંભળીને ચોર તરત જ કાન છોડી નાક પકડવા ગયો. ચોરને એમકે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાક પકડીશ તો ૧૦૦૦/-રૂપિયા મળશે. પણ વાણીયો તો હોંશિયાર હતો. ચોરે જેવા કાન છોડ્યા. કે તરતજ પોતાનું માથુ અંદર લઈ લીધું. અને બારી બંધ કરી દીધી. વાણીયાની બુદ્ધિ જોઈ ચોર નવાઈ પામ્યો.

## ગાંધીજીનો જવાબ

ગાંધીજી ગાયોના ભક્ત હતા. તે ઈચ્છતા હતા કે ગાયોની સારી રીતે સંભાળ લેવાય. તે માટે તેમણે ''ગૌ સેવક સંઘ''ની સ્થાપના કરી.

એક વખત એક સજ્જને મજાકમાં ગાંધીજીને કહ્યું કે ગાયોની સેવા તો ઘણાં લોકો કરે છે અને સંસ્થાઓ પણ સ્થાપે છે, પણ એક પ્રાણી એવું છે જેના પર લોકો ગમે તેમ અત્યાચાર કરે છે. તેનું નામ ગધેડો છે. શું આપ તેના માટે કાંઈ ન કરી શકો ?

ગાંધીજીએ જવાબ આપ્યો : વાત તો ઠીક છે. મેં ગૌ સેવક સંઘની સ્થાપના કરી છે હવે તમે ''ગદ્ધા સેવક સંઘ''ની સ્થાપના કરો અને તે સંસ્થાના મહામંત્રી બની જાઓ...!



जैन साईट JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પોલ ખુલી ગઈ

રૂપસેન અને વામદેવ નામના બે મિત્રો લાખ-લાખ રૂપિયા કમાઈને ઘરે આવી રહ્યા હતાં. રસ્તામાં રૂપસેનને વામદેવે લાખ રૂપિયાની લાલચથી મારી નાખ્યો. રૂપસેન મરતાં મરતાં એક કાગળ ઉપર ચાર અક્ષર લખ્યા. વા.રૂ.ઘો.લ. એમ લખીને વામદેવને આપતા કહ્યું કે મારા ઘરે આપી દેજે.

વામદેવ અકકલનો અધૂરો હતો. તેણે પત્ર તેના ઘરે આપ્યો. ઘરમાં કોઈને સમજ ન પડવાથી કવિ કાલિદાસ પાસે તેનો અર્થ શું છે તે પૂછવામાં આવ્યો. ત્યારે કાલિદાસે કહ્યું :

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

वामदेवेन मित्रेण, रूपसेनं वनान्तरे ।
घोरनिद्रा वशीभूते, लक्ष लोभान् निपातितः ।।

અંતમાં વામદેવને પણ સ્વીકાર કરવો પડ્યો કે મેં લોભથી રૂપસેનને મારી નાખ્યો છે. હવે તો સૌ એમ જ બોલવા લાગ્યા કે

વા.રૂ.ઘો.લ. મેં હી સભી, ઉખડ ગઈ હૈ પોલ ।
સબને સમજ લીયા સ્વતઃ હૈ યહ ફૂટા ઢોલ ।।

નમ્રતા એ જ્ઞાનનો માપદંડ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શેરના માથે સવા શેર

ચાતુર ને મુંહ પર લીખી, તસ્કર દિલ કી બાત ।
રહી હાથ મેં ગુડગુડી હૃદય જલે દિન રાત ॥

એક ચોર ગમે ત્યાંથી ચોરી કરીને એક ઘોડી લાવ્યો. તેણે વિચાર કર્યો કે જો તેના પર ચઢીને ગમે ત્યાં ફરીશ તો પકડાઈ જઈશ. અને ઘરમાં કેટલા દિવસ રાખી મૂકીશ ! માટે બજારમાં તેને વેચી દઉં. વેચવા માટે તે કોઈ મેળામાં ગયો.

ત્યાં એક બુદ્ધિશાળી માણસ આવ્યો. તેણે ઘોડીની કિંમત પૂછી પણ આ ચોરને ખબર નહીં કે આ ઘોડીને કેટલા રૂપિયામાં વેચવી. તે મૂંઝાયો. પછી બોલ્યો ૧૦૦૦ રૂપિયા. બુદ્ધિશાળીએ કહ્યું : કિંમત ખૂબ છે. એકવાર હું તેના પર બેસી જોઉં, પસંદ પડશે તો લઈશ. એમ કહી બુદ્ધિશાળીએ પોતાની પાસેનો હુક્કો ચોરને આપ્યો. તે ઘોડી ઉપર બેઠો. તેણે કહ્યું : આ હુક્કો સંભાળીને રાખ હું જરા ઘોડી ઉપર બેસી ચક્કર લગાવીને આવું છું. એમ કહી તે ઘોડી લઈને ભાગ્યો. ચોર તેની પાછળ ભાગ્યો.

ત્યારે બુદ્ધિશાળીએ કહ્યું : અરે





જૈન સાઇટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂર્ખ ! શા માટે મારી પાછળ આવે છે. ઘોડી તારી નથી. તું તો મફતનો માલિક બન્યો છે. જા ભાગ અહીંથી. ચોર શું કરે! તે ઘરે આવીને તેની સ્ત્રીને કહે : ઘોડી જેવી આવી હતી તેવી ચાલી ગઈ. ફકત હૃદયને બાળવા માટે આ હુકકો મારા હાથમાં છે.

## શ્રીમંત બાપનો દીકરો

અમેરિકાનો ઉદ્યોગપતિ રોકફેલર એક દિવસ વૉશિંગ્ટનની એક પ્રખ્યાત હોટલમાં ગયો. હોટલના મેનેજરને કહ્યું: મને સસ્તામાં સસ્તા ભાડાનો એક રૂમ આપો.

મેનેજર રોકફેલરને જાણતો હતો. તેણે કહ્યું: સર ! તમે તો ઘણાં મોટા શ્રીમંત છો. તમારો દીકરો તો અહીં આવીને ઘણાં ઠાઠથી રહે છે... અને... તમે...

રોકફેલરે કહ્યું : સાચી વાત છે તમારી! એ દીકરાનો બાપ શ્રીમંત છે. એને ઠાઠથી રહેવું પોષાય. મારો બાપ શ્રીમંત ન હતો. આથી મને ખોટો ખર્ચ પોષાય નહિ. આ સાંભળી મેનેજર ચૂપ થઈ ગયો.

વિશ્વનો પહેલા નંબરનો શ્રીમંત પણ ધનનો દુર્વ્યય કરવાનું પસંદ કરતો ન હતો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# માળા ગણવાનો ક્રમ

પંજાબના રાજા રણજીતસિંહ શ્રદ્ધાળુ અને ભક્ત પુરુષ હતા. તેમના દરબારમાં સંતોનું સન્માન થતું હતું. એક દિવસ એક વૃદ્ધ ફકીર ત્યાં આવ્યા. ભોજન કરી નમાજ પઢી અને માળા ફેરવવા લાગ્યા.

રાજા પણ ત્યાં બેસી માળા ફેરવવા લાગ્યો. રાજાની માળાના મણકા હિન્દુ ક્રમ પ્રમાણે અંદરની તરફ જતાં હતા. અને ફકીરના મુસલમાન ક્રમથી બહારની તરફ મણકા જતાં હતા. આ જોઈ રાજાએ ફકીરને પૂછ્યું: આ બંને ક્રમમાં કયો ક્રમ સાચો છે?

ફકીરની સામે આ સમસ્યા હતી. હવે કયા ક્રમને સાચો બતાવવો ને કયા ક્રમને ખોટો બતાવવો ! ફકીરે યુક્તિથી કામ લેવું એમ નક્કી કરી બોલ્યા : હે રાજન્! તમે જે રીતે માળા ફેરવો છો એનાથી અંતર આત્મામાં સારા ગુણોનો સંચય થાય છે, ગુણો વધે છે અને હું જે ક્રમથી ગણું છું તેનાથી આત્માના દુર્ગુણો બહાર નીકળે છે. એટલે બંને ક્રમ ઠીક છે. ફકીરનો ઉત્તર સાંભળી રાજા નવાઈ પામ્યો.

JAINSITE.com
જૈન સાઈટ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# એક માત્રાનો ચમત્કાર

પરિવર્તન ભી તનિક-સા, કરતા બડા અનર્થ ।
અપ્ કા આપ બના દિયા, બદલ ગયા સબ અર્થ ॥

નવા શ્લોક બનાવીને લાવનારને મહારાજા ભોજ એક લાખ સુવર્ણમુદ્રા ભેટ આપતા. આ ઉદારતાથી રાજાની કીર્તિ ઘણી ફેલાઈ ગઈ. કવિઓ ઈનામ માટે દૂર દૂરથી આવતાં.

એક કવિ હતા તેનું નામ શતંજય હતું. તેને થયું જયાં સુધી કાલીદાસ પંડિત છે ત્યાં સુધી મારું કાંઈ નહીં ચાલે. માટે કાલીદાસને નીચે જોવું પડે તેવું કરું એટલે તેને એક શ્લોક બનાવી પોતાના શિષ્ય દ્વારા રાજા પર મોકલ્યો.

શ્લોક : अपशब्दशतं माघे, भारवो च शतत्रयम् ।
कालिदासे न गण्यन्ते, कविरेकः शतंजयः ॥

અર્થ : કવિ તો એક શતંજય જ છે. કારણ કે માઘ કવિનાં કાવ્યમાં સો અપશબ્દ છે. (ખરાબ શબ્દો) ભારવીના કાવ્યોમાં ત્રણસો અને કાલીદાસના કાવ્યોમાં તો અપશબ્દોનો પાર નથી. સંયોગવશાત્ તે શિષ્યો કાલીદાસને મળ્યા. જયારે તેમણે



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શતંજયનો પત્ર વાંચ્યો ત્યારે તે બોલી ઉઠ્યા કે તમારા ગુરુએ શ્લોક તો સુદંર બનાવ્યો છે પણ એક જગ્યા ઉપર જરા ભૂલ રહી ગઈ છે. શિષ્યો તો બુદ્ધુ હતાં, એટલે કાલીદાસના કહેવા પ્રમાણે 'અપ' શબ્દની જગ્યાએ ''આપ'' કરી નાખ્યું એક માત્રા વધારી નાખી અને તે શ્લોકનો અર્થ બદલાઈ ગયો.

શ્લોક : आपशब्दशतं माघे, भारवौ च शततत्रयम् ।
कालिदासे न गण्यन्ते, कविरेकः शतंजयः ।।

અર્થ : ''આપ'' એટલે પાણીનાં સો નામ તો માઘ કાવ્યમાં છે, ત્રણસો ભારવીના કાવ્યમાં છે પણ કાલિદાસના કાવ્યમાં તો તેની ગણત્રી જ નથી. પણ શતંજયના કાવ્યમાં તો એક જ નામ છે.

રાજસભામાં જ્યારે શ્લોક વાંચીને સંભળાવવામાં આવ્યો ત્યારે સૌ હસી પડ્યા. શતંજયના શિષ્યોને ઈનામના બદલે તિરસ્કાર જ મળ્યો.

ફૂલો પાસે સુવાસ લેવા જવું પડતું નથી, ફૂલો જ પોતાની સુવાસ ફેલાવે છે. તેમ આપણા ગુણો ફૂલોની સુગંધ જેવા હોવા જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## માથાનું મુંડન...ગધેડા ભૂંકે તે પર્વમાં...

બન જાતે કામાંધ, જબ બડે-બડે મતિમાન ।
તબ ગર્દભ બનકર ભૌંકતે, ભૂલ ભાલ નિજ ભાન ॥

રાજા ભોજ અને કવિ કાલિદાસ બંને ધારા નગરીની એક વેશ્યાને ત્યાં જતા હતા. વેશ્યા ઘણી ચતુર હતી. તેણે એવી વ્યવસ્થા કરી હતી કે રાજા અને કવિ એક બીજાને ન મળી શકે. રાજા અને કવિ બંને આ વાત મનમાં સમજી ગયા.

રાજાએ એક દિવસ વેશ્યાને કહ્યું : આજે જ્યારે કાલિદાસ અહીં આવે ત્યારે તેને કહેજે કે "તમે જો મને સાચા દિલથી ચાહતા હો તો મુંડન કરાવીને બતાવો." જ્યારે કવિ આવ્યા ત્યારે વેશ્યાએ તેમને પ્રેમપૂર્વક આ વાત કરી.

કવિ સમજી ગયા કે આ કામ રાજાનું જ છે. કવિએ મુંડન કરાવી દીધું. પછી કહ્યું કે જો તારી ઈચ્છા પૂર્ણ કરી. હવે જ્યારે રાજા અહીં આવે ત્યારે તેમને કહેજે કે "ગધેડા બનીને બે ત્રણ વાર અવાજ કરો. રાજા ગધેડા જેવા અવાજ કરે પછી જ પ્રસન્ન થજે."

JAINSITE.com जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે રાજા આવ્યા ત્યારે તેણીએ પોતાના મનની વાત કરી. રાજા વેશ્યાનાં પ્રેમમાં પાગલ હતો. તેથી ગધેડો થઈ ભૂંકવા લાગ્યો.

બીજે દિવસે કવિ રાજસભામાં આવ્યા ત્યારે માથે મુંડન હોવાથી રાજાએ વ્યંગમાં કહ્યું :

कालिदास कविश्रेष्ट ! कस्मिन् पर्वणि मुन्डनम्?

કવિરાજ આજે ક્યા પર્વના ઉપલક્ષમાં મુંડન કરાવ્યું છે ? આ સાંભળીને કવિએ તરત જ જવાબ આપ્યો કે... राजानो गर्दभायन्ते, तत्र पर्वणि मुन्डनम् ।।

જે પર્વમાં રાજાઓ ગધેડાની જેમ ભૂંકે છે તે જ પર્વમાં મેં મુંડન કરાવ્યું છે. આ સાંભળી બંને એક બીજા સામે જોતાં રહી ગયા. આવા હતા હાજર જવાબી કવિ કાલિદાસ !

દર્શન કરતાં મનની જો ચંચળતા હોય તો ભગવાનની દ્રષ્ટિ સાથે આપણી દ્રષ્ટિ મળતી નથી. જ્યાં સુધી દ્રષ્ટિ સાથે દ્રષ્ટિ ન મળે ત્યાં સુધી એ દર્શનમાં જે આનંદ આવવો જોઈએ તે નથી આવતો.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કાલિદાસની કવિતા

મહારાજા ભોજને એવી ઈચ્છા થઈ કે મારા મૃત્યુ પછી જે કવિતા ગવાશે, મારી જે ગુણગાથા લોકો ગાશે એ કવિતા-ગુણગાથા કાલિદાસના મુખેથી સાંભળું પણ આ કઈ રીતે સંભવ બને ! ત્યારે રાજાએ ગુસ્સે થઈને કાલિદાસને કાઢી મૂકયો કવિ જંગલમાં ભટકવા લાગ્યો. અહીં રાજા સ્વયં વેશ બદલીને જંગલમાં આવી કવિને મળ્યા. કવિના પૂછવાથી રાજાએ કહ્યું કે હું ધારા નગરીથી આવું છું. અને મહારાજા ભોજનું સ્વર્ગવાસ થયું છે. આ સાંભળીને પંડિત ખૂબ દુઃખિત હૃદયે બોલી ઉઠ્યો :-

શ્લોક : अद्य धारा निराधारा, निरालम्बा सरस्वती ।
पंडिताः खंडिताः सर्वे, भोजराजे दिवंगते ॥

અર્થ : ભોજરાજાના સ્વર્ગવાસથી ધારા નગરી નિરાધાર થઈ ગઈ. સરસ્વતીને કોઈ આશ્રય રહ્યો નહીં. બધા પંડિતો હવે ખંડિત થઈ ગયા.

મહારાજા ભોજ આ સાંભળતાં જ મૂર્ચ્છિત થઈ ગયા. અને જ્યારે તે ભાનમાં આવ્યા ત્યારે ફરીથી પૂછ્યું કે તમે શું કહ્યું?



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે મહાકવિ કાલિદાસ તરતજ સમજી ગયા. કે આ તો મહારાજા પોતે જ છે એટલે કવિએ તરત જ ગાયું.

શ્લોક : अद्य धारा सदाधारा, सदालम्बा सरसस्वती ।
पंडिता: मंडिता: सर्वे, भोजराजे भुवंगते ॥

અર્થ : હવે તો આખો અર્થ જ બદલાઈ ગયો. ભોજ રાજા આ પૃથ્વી પર હોવાથી ધારા નગરી ઉત્તમ આધારવાળી છે.

સરસ્વતીને પણ સુંદર આશ્રય મળશે, અને પંડિતોની શોભા સો ગણી વધી જશે.

કવિ કાલિદાસ ખૂબ આનંદમાં આવી ગયા. પછી મહારાજા ભોજ કવિ કાલિદાસને લઈને ધારા નગરીમાં પાછા ફર્યા.

## નેપોલિયનનો જવાબ

નેપોલિયને રશિયા પર પોતાના લશ્કર સાથે આક્રમણ કર્યું. તે વખતે રશિયાના એક જનરલે નેપોલીયનને લખી જણાવ્યું: મી. નેપોલિયન ! તમે ધન-દોલત માટે લડો છો. પણ અમે રશિયનો તો ઈજ્જતને માટે લડીએ છીએ. નેપોલિયને જવાબમાં લખ્યું: તમારી વાત તદ્દન સાચી છે. જેની પાસે જે વસ્તુ ન હોય, તે તેને માટે જ લડે ને !



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચાર નક્ષત્ર

હોતા હૈ યદિ ચતુર તો, સભી જમાતા બાત ।
સુભાશિષ હૈ દે રહા યહ તો પૃથ્વીનાથ ॥

એક મંદ બુદ્ધિનો બ્રાહ્મણ કાંઈક ઈનામ મેળવવા માટે કવિ કાલિદાસ પાસે આવ્યો. કવિએ બે-ત્રણ મહિના મહેનત કરી સત્તાવીશ નક્ષત્રોના નામો પાકા કરાવ્યા. બીજે દિવસે રાજસભામાં આવવા કહ્યું.

તે બ્રાહ્મણ બીજે દિવસે ભોજરાજાની સભામાં આવ્યો. ત્યારે ચાર નક્ષત્ર સિવાયના બધા નામો ભુલી ગયો. તે બોલ્યો: ''અશ્વિની-પુનર્વસુ-રેવતી-કૃતીકા'' આ સાંભળી રાજા વિચારમાં પડ્યો કે બ્રાહ્મણ શું બોલે છે ! રાજા કાંઈ સમજ્યો નહીં.

ત્યારે વાતાવરણને સંભાળતા કાલીદાસ બોલ્યા આ બ્રાહ્મણ તો મોટા પંડિત છે તેઓ સંક્ષેપમાં આશીર્વાદ આપતાં એમ કહે છે કે ...

શ્લોક : अश्विनी वसतु देवमन्दिरे,
मन्दिरे वसतु ते पुनर्वसु ।
रेवतीपति कनिष्ठ सेवया,
कृतिकातनय विक्रमो भव ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થ : અશ્વિની (ઘોડી) પુનર્વસુ અર્થાત્ લક્ષ્મી તમારા ભવનમાં હંમેશા રહો અને રેવતીપતિ અર્થાત્ બલભદ્રનાં નાના ભાઈ કૃષ્ણની સેવાથી કૃતિકાનો પુત્ર કાર્તિક સ્વામી જેવું તમારું પરાક્રમ થાઓ.

રાજા આ સાંભળી ખુશ થઈ ગયો અને ઈનામ આપી તેને રવાના કર્યો. તે બ્રાહ્મણ કાલીદાસનો ઉપકાર માનતો પોતાનાં ઘરે ગયો.

## વ્યંતર ચાલ્યો ગયો

એક વખત એક આચાર્ય ભગવંતને રાત્રીના સમયે કોઈ વ્યંતરદેવે જોયા. વ્યંતરદેવને આચાર્ય ભગવંત ઉપર પૂર્વભવના કોઈ વૈરના કારણે તેમને મારવાની બુદ્ધિ થઈ.

તે દરમ્યાનમાં આચાર્ય ભગવંત પોતાના શરીર ઉપર ઓઘો ફેરવીને પડખું ફરે છે. નિદ્રાવસ્થામાં પણ જીવદયા પ્રત્યે કેટલી જાગૃતિ ! આવા મહાપુરુષોને મારીને મારે દુર્ગતિમાં જવું નથી. ! એમ વિચારીને તે પસ્તાવો કરવા લાગ્યો અને આચાર્ય દેવને ખમાવીને તે વ્યંતર પોતાના સ્થાને ચાલ્યો ગયો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સાસુનું સામાયિક

સ્વાર્થ ભાવના ભી કભી, કરતી સીમા પાર ।
બુઢિયાને સબ કહ દિયા, ગુણ અદભૂત નવકાર ॥

એક ડોશી સામાયિક કરવા ઘરના દરવાજાની બાજુમાં જ બેસે. ઘરની રક્ષા પણ થાય અને સામાયિક પણ થાય. છોકરાની વહુ રસોઈ કરતાં કરતાં કોઈ કામ પ્રસંગે ઉપરના માળે ચાલી ગઈ. ડોસીને ખબર હતી કે ઘરમાં કોઈ હતું નહીં. પોતે સામાયિક લઈને બેઠી હતી અને ઉંઘ આવી ગઈ.

અહીં એક કૂતરો રસોડામાં ઘૂસી દુધ-દહીં સાફ કરી રહ્યો હતો. ડોસી જાગી ગયા. તેણે જોયું સહન થયું નહીં પણ સામાયિકમાં શું થાય, એટલે પોતાની વહુને બોલાવવા તેણે સંકેત યુકત ભાષા બોલી. **''લંબડ પૂછો લંકા પેટો ઘરમેં ધસિયો આણંજી'' ''નમો અરિહંતાણં''**. લાંબી પુછવાળો, નાના પેટવાળો કૂતરો ઘરમાં ઘૂસ્યો છે. **''નમો અરિહંતાણં''** પણ ઉપર બેઠેલ વહુએ આ સાંભળ્યું નહીં.

ડોસી ફરી બોલી. **''દુધ-દહીંના ચાડા ફોડ્યા ઓર માંહી ધસીયોજી''**



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

''નમો સિદ્ધાણં'' ડોસીને લાગ્યું કે વહુએ સાંભળ્યું નથી લાગતું એટલે તે ફરી બોલી કે ''ઉજજલ દંતા કી ગુડ ખંતા વહુઅર નીચે આવોજી'' ''નમો આયરિયાણં'' સફેદ દાંતવાળો કૂતરો ઘી ગોળ ખાઈ રહ્યો છે વહુજી હવે તો જલ્દી નીચે આવો.

આ વખતે વહુએ સાંભળ્યું તે તરત જ નીચે આવી સાસુને પૂછ્યું તમે શું ફરમાવો છો ! ત્યારે ડોસી બોલી મારે તો સામાયિક છે પણ આ કૂતરો રસોડામાં ઘૂસ્યો છે શું જોયા કરે છે? '' ઉખલ લારે મુસલ પડિયો, લેઈણ ને ધમકાઓજી'' ''નમો ઉવજ્ઝાયાણં''.

વહુ સાસુની ચાલાકી જોઈ હસી પડી. કુતરાને તો બહાર કાઢ્યો પણ....નવકારનો પાંચમો પદ પૂરો કરવા તે બોલી-'સામાયિક તો હમારે પીરે હી કરતા આ કરિયા નહીં દેખીજી'' ''નમો લોએ સવ્વસાહૂણં'' વહુએ કહ્યું સામાયિક તો અમે પિયરમાં પણ કરતા હતા પણ આ રીતે સામાયિક તો અમે કોઈ વખત નથી જોયું.

આઈ બહુ નીચે તુરત(સૂન) સાસુકા સંગીત !
સામાયિક તો કી બહુત (પર) નહિ દેખી યહ રીત !!



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઐતિહાસિક તળાવ

સોળમાં સૈકામાં મિથિલા દેશમાં બની ગયેલી આ ઘટના છે. દરભંગામાં શંકરમિશ્ર નામનો ખૂબ ગરીબ બ્રાહ્મણ હતો. પણ ખૂબ બુદ્ધિશાળી હતો. તેનું લાલન-પાલન એક ધાવ માતાએ કર્યું હતું. ધાવ માતાએ તેનુ લાલન-પાલન કર્યા પછી તે બાળકની માતા પાસે આવી બાળક સોપ્યું ત્યારે બાળકની માતાએ નિઃશ્વાસ છોડતા કહ્યું : આજે તો મારી પાસે તને ઈનામ આપવા કશું જ નથી, પણ આ બાળકની પહેલી કમાઈ હું તને આપી દઈશ.

એક વખત શંકર બાળકો સાથે રમી રહ્યો હતો. ત્યારે ત્યાંના રાજા ત્યાંથી પસાર થતા હતા. તેમણે શંકરના પ્રભાવશાળી ચહેરા સામે જોઈ પૂછ્યું : તું કોણ છે ? શું કંઈ ભણેલો છે ? છોકરાએ જવાબ આપ્યો-

बालोऽहं जगतां नाथ ! न मे बाला सरस्वती ।
अपूर्णे पंचमे वर्षे, वर्णयामि जगत्त्रयम् ॥

હે મહારાજા ! હજુ તો મને પાંચ વર્ષ પણ પૂરા થયા નથી, પણ મારું જ્ઞાન બાળક જેવું નથી. હું ત્રણ જગતનું વર્ણન

જૈન સાઇટ JAINSITE .com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારી કવિતામાં કરી શકું છું. રાજા ખુશ થઈ તે બાળકને રત્નોની થેલી ભરી આપી.

આ રત્નો લઈ તેની મા ધાવમાતા પાસે ગઈ અને કહ્યું : આ મારા પુત્રની પહેલી કમાઈ છે તે લઈ લે પણ ધાવમાતાએ લેવાની ના પાડી. એટલે સૌ રાજા પાસે આવ્યા. રાજાએ પણ ધાવમાતાને આગ્રહ કર્યો. પણ તેણે લેવાની ના પાડી. તેણે તે રત્નોમાંથી એક તળાવ બંધાવ્યું. એ તળાવ આજે પણ લોકોનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. ''દાઈ કા તાલાબ'' (દરભંગા).

## સ્ત્રીઓને મૂછ કેમ નહિ?

કેશ ન આતે અધિક જો, લેતે સિરસે કામ।
મુંહ સે લેતી કામ બહુ, મૂછ ન પાઈ વામ ॥

શિક્ષકે છોકરાઓને શારીરિક જ્ઞાન સમજાવતાં કહ્યું કે જે વ્યક્તિ દિમાગથી કામ વધારે કરે તેના માથામાં વાળ આવતાં નથી. આ સાંભળી એક છોકરો નવાઈ પામી બોલ્યો કે તમે સાચું કહો છો. કારણકે સ્ત્રીઓને મૂછ નથી આવતી. તેમને મોઢાથી (જીભથી) વધારે કામ લેવું પડે છે. આખો દિવસ જીભ ચાલુ જ રહે છે...



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શેઠની ચાલાકી

એક શેઠે દેવીની પાસે જઈ કહ્યું : જો મારું અમુક કામ થઈ જશે તો હું તમારી આગળ અમુક કિલો તેલ ચઢાવીશ. સંયોગવશાત્ શેઠનું કામ થઈ ગયું.

શેઠે દેવીને ચઢાવવા તેલ ખરીદ્યું. તેલ ખરીદ્યા પછી તે તેલના ભાવ વધી ગયા. એટલે શેઠે વિચાર કર્યો કે હમણાં આ તેલ વેચી નાખું તો ખૂબ પૈસા મળશે. જ્યારે તેલ સસ્તું થશે ત્યારે હું ચઢાવી દઈશ.

અહીં થોડા દિવસ પછી અચાનક ઘરમાં જે જગ્યાએ તેલ રાખ્યું હતું ત્યાં આગ લાગી. ઘરમાં તેલ બળતું જોઈ શેઠ ગભરાયા. કારણકે નફો પણ ન મળ્યો અને દેવીને તેલ ચઢાવવાનું પણ બાકી હતું.

શેઠ કંઈક વિચાર કરી બોલ્યાઃ હે દેવી ! આ તેલ જે મારા ઘરમાં બળી રહ્યું છે તે તમારા નામનું છે. મેં તો તેલ તમારા નામે ચઢાવી દીધું છે. હવે તમારે રાખવું હોય તો રાખી લો હું કંઈ ન જાણું. તમે જાણો - તમારું તેલ જાણે. સૌ શેઠની ચાલાકી પર હસી પડ્યા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# તમે જેને છોડો તે ડૂબે

જિસકા કર તુમ પકડતે, વહ હો જાતા પાર ।
આપ છોડ દેતે જિસે, વહ જાતા મઝધાર ॥

જ્યારે સીતાને લાવવા માટે રાઘવદળ સમુદ્રની પાસે પહોચ્યાં ત્યારે સૌના મનમાં એકજ પ્રશ્ન હતો કે આ સમુદ્રને કેવી રીતે તરાશે ! અંતમાં પૂલ બાંધવાનો વિચાર કર્યો.

રામે સમુદ્રમાં એક પત્થર ફેંક્યો. પત્થર ડૂબી ગયો પત્થરને ડૂબતો જોઈ રામે વિસ્મયથી પૂછ્યું હનુમાન ! લોકો કહે છે કે રામ જેનો હાથ પકડે છે તે તરી જાય છે તો પછી આ પત્થર કેમ ડૂબ્યો ?

હનુમાને નમ્રતાથી કહ્યું : પ્રભુ ! (રામ) તમે જેનો હાથ પકડો છો તે તરી જાય છે એમાં શંકા નથી. પણ આપ જેને છોડી દો છો તે તો ડૂબી જ જાય ને ! પત્થરની જેમ. આમા શંકા જેવી કોઈ વાત જ નથી.

સ્વ ઉપકાર કરનારમાં પરોપકાર હોય પણ ખરો અને ન પણ હોય. પણ પરોપકાર કરનાર આત્મા સ્વ ઉપકાર તો કરે જ છે.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચરણોની પ્રસાદી

એક કંજૂસને તેના કેટલાક મિત્રોએ પાર્ટી આપવા માટે ખૂબ જ આગ્રહ કર્યો. પણ કંજૂસ તેમની વાત પર ધ્યાન નહોતો આપતો. પણ એક દીવસે બંધાઈ ગયો અને હા પાડી. બધા મિત્રો પાર્ટીમાં આવી ગયા. થાળીમાં તો અનેક પ્રકારની મીઠાઈઓ પીરસાઈ ગઈ.

કંજૂસ બધા ઉપર પંખા નાખી રહ્યો હતો. મિત્રો તો ભોજનના વખાણ કરી રહ્યા છે. પણ કંજૂસ તો એક જ જવાબ આપતો કે આ તો તમારા ચરણોની પ્રસાદી છે. મારા તો હવા પાણી છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

બધા મિત્રો જમવા આવ્યા ત્યારે કંજૂસનો ભાઈ બધા મિત્રોના બૂટ-ચંપલ વગેરે લઈને મિઠાઈવાળાની દુકાને ગિરવે મૂકી આવ્યો અને તેના બદલે મિઠાઈઓ લઈ આવ્યો હતો. સૌ જમીને બહાર આવ્યા. પોતાના બૂટ-ચંપલ શોધવા લાગ્યા પણ મળ્યા નહીં એટલે કંજૂસને પૂછ્યું. ત્યારે તે બોલ્યો કેઃ મેં તો તમને જમતી વખતે કહ્યું હતું કે મારા તો હવા પાણી જ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકી તો બધો તમારા ચરણોંનો જ પ્રસાદ છે એટલે કે તમારા બૂટ-ચંપલ બાજુની મિઠાઈવાળાની દુકાને ગિરવી મુકીને આ બધી મિઠાઈઓ તમને ખવડાવી છે. હવે તમારા બૂટ-ચંપલ જોઈતા હોય તો મિઠાઈ વાળાને પૈસા આપી છોડાવી લો.... સૌ નવાઈ પામ્યાં.

## ભલાઈનો બદલો

*અધ્યાપકને આજ તો, દિયા ઝૂઠ હી કૂટ।*
*વકત ભલાઈ કા ભલા આયા જમાત સે ઉઠા॥*

એક છોકરો રડતાં રડતાં ઘેર આવ્યો. પોતાના પિતાને ફરીયાદ કરતા બોલ્યો: તમે કહેતા હતા કે ભલાઈ કરો. મેં આજ માસ્તરની ભલાઈ કરી તો મને માર પડ્યો.

પિતાએ પૂછ્યું : તે શું ભલાઈ કરી? છોકરાએ કહ્યું કે માસ્તરની ખુરશી પર કોઈએ શાહી ઘોળી નાખી. જયારે માસ્તર બેસવા જતા હતા ત્યારે મેં તેમની ખુરશી લઈ લીધેલી. જેથી માસ્તરના કપડા ન બગડે. ખુરશી લઈ લીધી એટલે માસ્તર પડી ગયા અને મને માર પડ્યો. હવે તમે જ કહો, ભલાઈનો આ જમાનો છે !!



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અવિનિત વિદ્યાર્થી

યદિ વિદ્યા અવિનીત કે, લગ જાતી હૈ હાથ।
દેતા દુઃખ ગુરુરાજકો સાફ સાફ હૈ બાત ॥

લુકમાન નામનો એક ખૂબ જ અનુભવી હકીમ હતો. તેણે પોતાના અનુભવના આધારે એક પુસ્તક લખ્યું. જેમાં અનેક પ્રકારના રસ-રસાયાણોની ચર્ચા કરતા એક જગ્યાએ સોનું બનાવવાની વિધિ પણ લખી છે.

આ પુસ્તક એક સામાન્ય જ્ઞાનવાળા વિદ્યાર્થીના હાથમાં આવ્યું. તેણે સોનું બનાવવાનુ શરુ કર્યું. પણ સોનું બન્યું નહીં. કારણ કે વિધિનું તેને પૂરું જ્ઞાન હતું નહીં. તે વિદ્યાર્થી ગુસ્સામાં આવી લુકમાન હકીમની મૂર્તિ બનાવી ચંપલથી તેને મારવા લાગ્યો.

લુકમાન હકીમ ત્યાંથી પસાર થયાં. જ્યારે તેમણે પોતાની મૂર્તિને ચંપલથી મારતા જોયો ત્યારે તેમણે બધી વાતનો ભેદ જાણી લીધો. અને એજ પુસ્તકના આધારે સોનું બનાવી તે વિદ્યાર્થીને બતાવ્યું. વિદ્યાર્થીએ પગે પડી માફી માંગી.

હકીમે એ પુસ્તકને બાજુની નદીમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પધરાવી દીધી. અને બોલ્યા કે ફરી તારા જેવા કોઈ મૂર્ખનાં હાથમાં આવે અને ન જાણે મારા પર શું ત્રાસ ગુજારે....તે તો મારી મૂર્તિને જૂત્તા માર્યા. બીજો કોઈ હોય તો તે મનેજ જુતાથી મારી નાંખે ! હકીમે કહ્યું કે વિદ્યા ભૂલી જવી સારી, પણ અવિનીતને આપી દેવી તે સારી નથી.

## ગાંધી જયંતિ

એકવાર સેવાગ્રામમાં ગાંધી જયંતિ ઉજવાતી હતી. કસ્તૂરબા અને ગાંધીજી પણ ત્યાં હાજર હતા. કેટલાક આશ્રમવાસીઓ ભેટો આપવા માટે લાવ્યા હતા.

JAINSITE .com જૈન સાઈટ જયમ્‌ જયતિ શાસનમ્

બહેનો કસ્તૂરબા માટે સાડી લાવ્યા હતા. સાડી ગાંધીજીની બાજુમાં પડી હતી. તે જોઈ ગાંધીજીએ કહ્યું કે શું તમે મને સાડી પહેરાવવા માગો છો ?

બહેનોએ કહ્યું : ના આ તો કસ્તૂરબા માટે લાવ્યા છીએ.

ગાંધીજીએ કહ્યું : જન્મ જયંતિ મારી અને ભેટ કસ્તૂરબાને ! આ વળી કયાંનો ન્યાય !



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## છોકરાની શું ઈચ્છા છે ?

પતિ-પત્ની વાતો કરતા હતા. પત્ની બોલી આ વખતે પરમાત્માએ આપણી વિનંતી સ્વીકારી છે. એમ લાગે છે કે આપણને પુત્ર થશે. પતિ કહે : આ તો ખૂશીની વાત છે. આપણું ભાગ્ય ફેવરમાં છે પણ જયારે એ છોકરો મોટો થશે ત્યારે તેને વકીલાતનો અભ્યાસ કરાવીશું એટલે વૃદ્ધાવસ્થામાં આરામ મળશે.

પત્ની બોલી ના વકીલ નથી બનાવવો હું તો તેને ડૉક્ટર બનાવીશ. કારણ કે મારું શરીર અસ્વસ્થ રહે છે એટલે હું તો તેને ડૉક્ટર બનાવીશ. પતિ-પત્ની વચ્ચે આ વાતનો ઝગડો થયો અને બંને મારા મારી પર આવી ગયા. લોકો ભેગા થયા. લડાઈ બંધ કરાવી પછી કહ્યું : તમે બંને નકામાં લડો છો.

છોકરાને ડૉક્ટર વકીલ બનાવવો હોય તો પહેલા છોકરાનો શું વિચાર છે તે જાણી લો. પછી બીજી વાત. જો છોકરો કહે ડૉક્ટર બનવું છે તો ડૉક્ટર બનાવજો અને વકીલ બનવાનું કહે તો વકીલ બનાવજો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલાવો તમારા છોકરાને અમે પૂછી લઈએ! ત્યારે બંને એ કહ્યું કે એ તો હજી સુધી પેટમાં પણ આવ્યો નથી ! લોકો ધન્યવાદ આપતા રવાના થયાં કે તમારી દિર્ઘદ્રષ્ટિ ને ધન્યવાદ છે !

## વીરધવળની લોકપ્રિયતા

ધોળકાના રાજા વીરધવળ એવા પ્રજા પાલક હતા કે જ્યારે એ મૃત્યુ પામ્યા ત્યારે એમના અગ્નિસંસ્કાર વખતે સ્મશાનમાં લોંખડના તારની વાડ બાંધવી પડી હતી.

જે રાત્રે રાજા ગુજરી ગયા હતાં. તે જ રાત્રે રાજ્યના ગુપ્તચરો દ્વારા જાણ થઈ ગઈ કે આવતી કાલે રાજાની ચિતામાં ૧૧૦ યુવાનો ઝંપલાવવાના છે. રાજા મૃત્યુ પામતાં, એમનાં જીવનનો રસ ઉડી ગયો હતો.

અમારા પ્રજાપાલક મૃત્યુ પામ્યા, હ અમારે જીવીને શું કામ છે ? આ યુવાનો ઝપાપાત કરી ન બેસે તે માટે રાજાની ચિતાની આસપાસ લોખંડી ચોકી પહેરો ગોઠવી દેવો પડ્યો.

આર્યદેશના આદર્શ રાજાઓ આવા લોકપ્રિય હતા.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સો જોશી...એક ડોશી...

આશરે ૮૦૦ વર્ષ પહેલાંની આ વાત છે. ગુજરાતના પાટણ શહેરમાં સિદ્ધરાજ જયસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને કોઈ સંતાન ન હતું.

તેણે એકવાર સભા ભરીને જોષીઓને પૂછ્યું : મારા પછી કોણ ગાદીએ આવશે? જોષીઓએ ભવિષ્ય ભાખ્યું. મહારાજા ! તમારા પછી કુમારપાળ રાજા બનશે.

સિદ્ધરાજાને કુમારપાળ ગાદીએ આવે તે ગમતું ન હતું. આથી તેને મારી નાખવા માટે તેમણે પ્રયત્ન કર્યો. સિદ્ધરાજના સૈનિકો કુમાર પાળને મારવા ચારે બાજુ ફરવા લાગ્યા.

એક દિવસ કુમારપાળ પાટણમાં આવેલા, તે સૈનિકોને ખબર પડતાં, તેમને પકડવા માટે તેની પાછળ દોડ્યા. કુમારપાળ એક મોટા મોહલ્લામાં પેસી ગયા. ત્યાં સાત સાત માળાની હવેલીમાં શેઠીઆઓ રહેતા હતા.

તેમાં એક ડોશીના ઘરમાં કુમારપાળ સંતાઈ ગયો. સૈનિકોએ સિદ્ધરાજને ખબર આપ્યા. સિદ્ધરાજે મોટા મોટા લગભગ



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સો જોષીઓને બોલાવ્યા અને કુમારપાળ કોના ઘરમાં સંતાયો છે તે શોધી કાઢવા કહ્યું.

ડોશીને આ વાતની ખબર પડી એટલે તેણીએ કુમારપાળને ઘરના ખુણામાં એક ઘંટી હતી તેના ઉપર બેસવા કહ્યું : કુમાર પાળ ઘંટી ઉપર બેઠા. ઘંટીના થાળાને આજુ બાજુથી બંધ કરી તેમાં પાણી ભર્યું.

જોષીઓએ પોતાના જોષ જોતાં કુમારપાળ કોઈ એક દરિયા વચ્ચે બેટ ઉપર બેઠેલા જણાયા. અને આ પ્રમાણે રાજાને વાત કરી.

સિદ્ધરાજને થયું કે કુમારપાળ અહીંથી ભાગીને કોઈ બીજી જગ્યાએ ગયા હશે! આથી સૈનિકોને પાછા બોલાવી લીધા. આવી રીતે ડોશીએ બુદ્ધિપૂર્વક કુમારપાળનો જીવ બચાવ્યો. ત્યારથી કહેવત પડી કે-

**''સો જોષી અને એક ડોસી.....''**

ત્યાંથી કુમારપાળ બીજી જગ્યાએ ભાગી ગયા.....

મન ઉપર માનવીનો કાબુ એટલે વિકાસ.
માનવી ઉપર મનનો કાબુ એટલે વિનાશ.



જૈન સાઈટ JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# હું દટાઈ જવા તૈયાર છું

ઈટાલીના મહાકવિ રોઝીલીનને વર્ષમાં માત્ર થોડા જ દિવસ પેટ પૂરતું ભોજન મળતું. પણ કવિતા માટે તેમણે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી હતી. તેથી સદા મસ્ત રહેતા એક વખત તેઓ ફ્રાંસ ગયા હતા.

તે પ્રસંગે તેમના ફ્રેંચ પ્રશંસકોએ તેમની પ્રતિમા પ્રસ્થાપિત કરવાનું નક્કી કર્યું.

કવિએ આ વાત સાંભળી, સમિતિના સભ્યોને પૂછ્યું : મારી પ્રતિમા પાછળ કેટલા ફ્રેંક ખર્ચશો ? લગભગ નેવું લાખ ફ્રેંક...

રોઝીલીન ખૂબ ગંભીર થઈ બોલ્યા: અરે મિત્રો ! તમે મને માત્ર ૪૫ લાખ ફ્રેંક આપો તો પ્રતિમાને સ્થાને હું ખુદ ખોદાઈ જવા તૈયાર છું.

પ્રશંસકોએ કવિની ગંભીર માંગણીને પણ હસી કાઢી, ત્યારે કવિ હસતાં હસતાં બોલી ઉઠ્યા કે મારે ખુદને પેટપૂજાના સાંસા છે ને મારા પ્રેમીઓ મારી પ્રતિમાની પૂજા માટે પારાવાર ધન ખર્ચી રહ્યા છે...(વિવેકની ખામી)



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મરદ તો આનું નામ

એક હતો દરજી અને એક હતી દરજણ. દરજી જરા અવળચંડો, અને દરજણનો મિજાજ કડક. કોઈકવાર દરજણનો મિજાજ છટકે તો ગજ લઈને ઢીબી નાખે દરજીને. દરજીમાં દમ નહીં તે માર ખાઈ લે બીજું શું કરે ?

લોકોને માટે તો આ તમાશો થયો. વર બૈરીને મારે એ તો બને પણ આ તો બૈરી વરને મારે. વહુ લડે ત્યારે બારણાં બંધ થાય, પણ દરજણ ઘાંટા પાડે તે તો લોકો સાંભળે ને ! અને દરજી બાપરે કરે તો ય સંભળાય. લોકોને તો મજા પડી ગઈ.

પાડોશીમાં રોજ ચર્ચા થતી એટલે દરજી દરજણે ઘર બદલાવ્યું. શું ખાત્રી કે અહીં પણ દરજીની આબરૂ નહીં જાય ! એટલે દરજીએ એક યુક્તિ શોધી કાઢી. એણે દરજણને કહ્યું કે તારે મને મારવો હોય તો મારજે પણ મને મારતી વખતે તારે કાંઈ પણ બોલવાનું નહીં.

દરજણે કહ્યું : હું કશું બોલીશ નહીં



JAINSITE.com जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૌન રાખીને જ તમને ઢીબી નાખીશ. એક દિવસ પાછો દરજણનો મિજાજ ગયો. તે ધોકો લઈને ઢીબવા લાગી. જરા પણ બોલ્યા વગર ઢીબવાનું ચાલુ રાખ્યું. દરજણને આ ફાવી ગયું. કારણ કે હવે ઢીબવાનું કામ ધ્યાનથી થતું હતું.

દરજણ બરાબર ફટકારતી ગઈ અને દરજી હોંશિયાર તે માર ખાતાં-ખાતાં મોટેથી બોલવા લાગ્યો. એ લેતી જા...રાંડ લેતી જા. મરદ જેવા મરદનું કહ્યું માનતી નથી ! તને તો મારી મારીને પાંસરી કરી નાંખું... માર તો પોતે ખાતો જાય પણ ઓ બાપ રે બોલવાને બદલે લે લેતી જા રાંડ... લેતી જા.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

માર મારે દરજણ-દરજીને, પણ માર ખાતાં-ખાતાં ય બહાદૂરીભર્યા ઘાંટા દરજી પાડે. એવા અવાજો કરે કે પાડોશી એમ જ સમજે કે વાહ દરજી ! બહાદુર લાગે છે. પોતાની સ્ત્રીને ધડાધડ ફટકારે છે. બૈરીને આમ જ કાબૂમાં રખાય... પડોશીઓમાં તો દરજીનાં વખાણ થવા લાગ્યા. સૌ કહેવા લાગ્યા કે મરદ તો આનું નામ....!...



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જીવન પાટીમાં ખોટા અક્ષરો

જયપુરના મહારાજાએ લાડકોડમાં ઉછેરેલી મા વિનાની પોતાની દિકરીને વળાવી. દિકરી પતિને ઘરે ગઈ. પતિએ કહ્યું : તમારે કશું જ કરવાનું નથી. આપણે ત્યાં ઘણાં નોકરો છે. ફક્ત એક જ કામ કરવાનું. હું હોકાનો બંધાણી છું. મને જયારે હોકો પીવાની ઈચ્છા થાય. ત્યારે એ તૈયાર કરી આપવાનો.

રાજકન્યાનું મગજ ફરી ગયું... સમ્રાટની પુત્રીને હોકો ભરવાનું કહેવાય ! એના પતિએ જવાબમાં કહ્યું : તમે સમ્રાટની પુત્રી જરૂર છો, પણ મારા તો પત્ની છો. અને આટલું કામ ન કરો ?

રાજ કન્યા તો પિયર જતી રહી. પિતાને વાત કરી. મહારાજા સમજી ગયા કે પુત્રીની જીવન પાટીમાં ખોટા અક્ષરો પડી ગયા છે. મા વિનાની પુત્રીને હું કાંઈ કહીશ તો દુઃખી થશે. દિકરીએ હઠ પકડી તમારા જમાઈને બોલાવી ભરસભામાં અપમાન કરો તો જ હું જમીશ...

પુત્રીની જીદ સામે પિતા લાચાર હતા. એણે જમાઈને કચેરીમાં બોલાવ્યા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રી ઝરૂખામાં બેઠી હતી મહારાજાએ એક ચોકીદારને કહીં રાખેલ કે જમાઈ આવે ત્યારે એની મોજડી કોઈને ખબર ન પડે તેમ કપડામાં લપેટીને મને આપી દેજે.

એક કલાક સુધી વાતો કરી પરંતુ રાજાએ અપમાન કર્યું જ નહીં. એટલામાં ખબર પડી કે જમવાનું તૈયાર છે. મહારાજા અને જમાઈ કચેરીમાંથી ઉઠ્યા. દિકરી ગુસ્સે થઈ હતી. પિતાએ એના પતિનું અપમાન કર્યું ન હતું.

તેઓ પગથીયા ઉતર્યા. મહારાજાએ પોતાના બૂટ પહેર્યા. જમાઈ એની મોજડી શોધવા લાગ્યા... મારી મોજડી નથી દેખાતી, તમારી મોજડી મારી પાસે છે. બગલમાં રાખેલી મોજડી બહાર કાઢી ખભેથી પીતાંબર લઈ એને સાફ કરી જમાઈના પગમાં પહેરાવવા લાગ્યા.

દિકરીએ આ જોયું એને થયું-મારા પિતા એટલા મોટા રાજા અને મારા પતિની મોજડી સાફ કરી પગમાં પહેરાવતાં હોય તો મને હુકકો ભરવામાં શું વાંધો ! એ સમજી ગઈ...

લગ્ન મંડપમાં મા-બાપ જમાઈના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પગ ધોઈ દિકરીને સમજ પાડે છે કે તારો બાપ ગમે તેટલો મોટો છે તોય આજે એના પગ ધોવે છે બેટા તું આ પગની સેવા કરજે.

## ઝઘડો પાણીનો

અમદાવાદમાં પાણી માટે બે સ્ત્રીઓ વચ્ચે ઝઘડો થયો. આ ઝઘડામાં એક સ્ત્રીને એટલો બધો આઘાત લાગ્યો કે તેણે પોતાના ઘરે જઈને પોતાના ઉપર કેરોસીન છાંટીને બળી મરવાનો વિચાર કર્યો. એ વિચારને તેણે અમલમાં મૂક્યો. આખું શરીર બળતું હતું.

એવા બળતા શરીરે જ તે સ્ત્રી દોડતી પેલી સ્ત્રીને વળગી પડી.(જેની સાથે તેણે ઝઘડો કર્યો હતો) લોકો ભેગા થઈ ગયા. તેને છોડાવવાનો ઘણો પ્રયત્ન કર્યો. આ સ્ત્રી બોલી : હું મરું અને આને પણ મારતી જાઉં. અંતે બન્નેને છોડાવી હોસ્પીટલમાં દાખલ કરી ત્યાં બન્ને રીબાઈ રીબાઈને મરણ પામી.

અમદાવાદમાં બનેલી આ સત્ય ઘટના છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મારે નામ નથી જોઈતું

ચેક કાટકર દે દિયા, લિખા ન નીચે નામ।
ભૂખ નહીં હૈ નામ કી, દેતા મૈં નિષ્કામ ॥

શહેરના કેટલાક આગેવાનો ફંડ ભેગું કરવા માટે એક શેઠને ત્યાં ગયા. શેઠે સૌનું સન્માન કરી પછી તે લોકોને ફંડમાં જેટલી જરૂર હતી તેથી પણ વધારે રૂપિયા લખાવ્યા. બધા ખુશ થતાં ધન્યવાદ આપતાં રવાના થયા.

લોકો તેને ભલે કંજૂસ કહે પણ આ તો ખૂબ જ ઉદાર છે. એટલામાં એકે કહ્યું કે : આ ચેકની નીચે શેઠની સહી નથી. તેઓ ઉતાવળમાં ભૂલી ગયા હશે! સૌએ શેઠ પાસે પાછા આવી સહી કરવા કહ્યું.

ત્યારે શેઠે કહ્યું : હું જે દાન આપું છું, તે નામની ઈચ્છાથી નહીં પણ ગુપ્તદાન કરું છું પછી નામ શા માટે લખું !

લોકોએ ખૂબ સમજાવ્યા. પણ આ તો એક જ જવાબ આપે કે હું ગુપ્તદાનમાં માનું છું. મારે નામની જરૂર નથી. હું નામ નહીં લખી આપું....

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાનમ્ જ્યોતિ શાશ્વતમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઇશ્વર પુત્ર

ઈશુ- ઈશ્વરપુત્ર હૈ, જબ જીવિત હૈ બાપ।
તબ ક્યોં પૂજે પુત્રકો, જરા સોચિયે આપ॥

ઇસાઇ ધર્મના પ્રચાર માટે એક પાદરી એક ગામમાં ગયા..ત્યાંના લોકોને પોતાના ધર્મની સુંદરતા બતાવતા બોલ્યા : ઈશુ ખુબ દયાળુ છે. તમની ઉપાસના કરવાથી સૌનું કલ્યાણ થાય છે. તે આપણા પિતા ઈશ્વર (ભગવાન) ને કહીને બધાના ગુના માફ કરાવી દેશે.

એક વ્યકિતએ પૂછયું. ઇશુ કોણ છે ! જવાબ મળ્યો : પરમાત્માના સૌથી પ્યારા એકના એક પુત્ર છે. લોકોએ ફરી પુછયું : પરમાત્મા જીવીત છે કે મરી ગયા છે ! પાદરીએ જવાબ આપ્યો : એ તો અમર છે.

ત્યારે લોકોએ કહ્યું : જયારે બાપ જીવીત છે તો બેટાને શા માટે યાદ કરવા પડે ? અમે તો ઘરમાં પણ જોઈએ છીએ કે મોટાની પૂજા થાય છે પુત્રની પૂજા ન થઇ શકે...! પાદરી ચૂપ થઈ રવાના થઈ ગયા.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચાર પુતળીઓ

એક કઠીયારાને એક સંતે લીલા ઝાડ નહીં કાપવાનો નિયમ આપ્યો. ખૂબ વરસાદ પડવાથી સાત દિવસ સુધી તેને સૂકા ઝાડ કાપવા ન મળ્યા. છતાં તે પોતાના નિયમમાં દ્રઢ રહ્યો. ભૂખ્યો રહ્યો. પણ લીલા ઝાડ તેણે ન જ કાપ્યા.

તેની આ દ્રઢતા જોઈ દેવે પ્રસન્ન થઈ વરદાન આપ્યું અને કહ્યું : આ સામેનું ઝાડ કાપી તેમાંથી એક સુંદર પલંગ બનાવજે. પલંગના ચાર પાયામાં ચાર પુતળીઓ બનાવજે. જે તને સવા લાખ સોનાના સિક્કા આપે તેને જ આ પલંગ વેચજે.

ત્યાંના રાજાએ સવા લાખ મુદ્રાઓ આપી પલંગ લઈ લીધો. તેને એમ કે જરૂર આ કિંમતી પલંગમાં કાંઈક ચમત્કાર હશે જ!...રાજાએ તે પલંગને પોતાના શયન ખંડમાં મૂકાવી દીધો. અને રાણીને ત્યાં આવવા કહ્યું.

સંયોગવશાત્ રાતના સમયે રાણી તેની દાસીઓ સાથે વાતો કરતાં કરતાં બાજુના ખંડમાં સૂઈ ગઈ. હવે અહીં રાજાની પુત્રી,



જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે લગ્ન થયા પછી પહેલીવાર પિયરમાં આવી હતી તે પલંગ જોવા ગઈ. અને તેના પર ચાદર ઓઢીને સૂઈ ગઈ.

રાત્રીના સમયે રાજા પલંગ પાસે આવ્યો. પોતાના કપડા બદલી સૂવા લાગ્યો. ત્યારે એક પુતળીએ વિચાર કર્યો કે અનર્થ થશે. કારણકે રાજાને ખબર નથી કે આ તો મારી પુત્રી છે ! જો અમે પુતળીઓ આવા અવસરે મૌન રહીશું તો આ રાજાએ મોટી કિંમત આપીને પલંગ લીધો છે તેનો શો અર્થ ! એમ વિચાર કરી તે બોલી : રાજન, તમારા ખજાનામાં ચાર ચોર ઘૂસ્યા છે ત્યાં જલદી જાઓ.

રાજા નવાઈ પામ્યો. ખજાનામાં જઈને જોયું તો ખરેખર ચાર ચોર હતા. ચોકીદારોને જગાડી એક ચોરને મારી નાખ્યો. ત્રણ જણને જેલમાં પૂર્યા. પછી રાજા તરત જ સૂવા માટે આવ્યો.

ત્યાં તો બીજી પુતળી બોલી કે મહારાજા તમે મહેલની બહાર જે પગરખા ઉતાર્યા છે. તેમાં તો એક સાપ ઘૂસી ગયો છે. જો કોઈ તેને ભૂલથી પણ ઉપાડશે તો તે સાપ તેને કરડશે અને ઉપાડનાર મરી



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જશે. માટે અત્યારે જ સાપ ને કાઢી દૂર જઈને છોડી દો. રાજા તો દોડતો ત્યાં આવ્યો. નોકર પાસે પગરખામાંથી સાપ કઢાવી દૂર-દૂર તેને છોડી દીધો. પાછો રાજા સુવા માટે આવ્યો.

ત્યાં તરતજ ત્રીજી પુતળી બોલી : મહારાજા ! તમે જ્યાં ઘોડાઓ બાંધ્યા છે એ તબેલાનું મકાન હમણાં જ તૂટી જશે. અને અનેક ઘોડાઓ તથા તમારી પ્રિય રેવતી નામની ઘોડી એ મકાન નીચે દબાઈને મરી જશે. માટે તમે જલ્દી ત્યાં જઈ ઘોડાઓને બંધન મુક્ત કરી યોગ્ય જગ્યાએ મૂકાવી દો.

રાજા તુરત જ ત્યાંથી દોડ્યો. નોકરો દ્વારા બધા ઘોડાઓને સલામત સ્થાને મૂકાવી દીધા કે તુરત જ ઘોડા રાખવાનો તબેલો તૂટી પડ્યો. રાજા આશ્ચર્ય સાથે બોલ્યો : વાહ રે ચમત્કારી પલંગ ! સવા લાખ મુદ્રાઓ વસુલ થઈ ગઈ.

પાછો રાજા પલંગ તરફ સૂવા માટે આવ્યો કે તરત જ ચોથી પૂતળી બોલી : રાજન્ ! આપની પુત્રી સાસરેથી આવી હતી તે ક્યાં છે ? પહેલા એની તપાસ કરો.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ પુત્રીની તપાસ માટે દાસીઓને મોકલી.

એટલામાં રાણી જાગી ગઈ. અને રાજા પાસે આવી. અંતે જ્યારે ચાદર દૂર કરી ત્યારે ખબર પડી કે પુત્રી તો પલંગ ઉપર સૂતેલી છે. રાજાના આશ્ચર્ય અને હર્ષનો પાર ન રહ્યો.

બીજા દિવસે સવારના કઠિયારાને બોલાવીને ખૂબ-ખૂબ ધન્યવાદ આપ્યા અને મોટું ઈનામ પણ આપ્યું. રાજા અકાર્યથી બચી ગયો હતો. તેથી તેને ખૂબ આનંદ હતો.

## મહાન કોણ ?

એક પાટા પરથી ટ્રેન આવે છે, એ જ પાટા પર સામેથી કીડી ચાલી આવે છે. હવે ટ્રેન કીડીને ચગદી નાખશે ને ! અજીવ ટ્રેન સજીવ કીડી કરતા મહાન ને !

સ્વામી વિવેકાનંદને એક માણસે પૂછ્યું : જો કીડી ચાહે તો પાટા પરથી નીચે ચાલી શકે. ટ્રેન નહીં... હવે કોણ મહાન્ ! સ્વામી વિવેકાનંદે જવાબ આપ્યો.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# બાદશાહી રામાયણ

સીતા રાવણ ઘર રહી, આપ રહી કિસ સાથ।
ભસ્મસાત્ કાગજ કિએ સુનહુર માને બાત ॥

હિન્દુ સમાજમાં રામાયણનું ખૂબજ મહત્ત્વ જોઈને બાદશાહે વિચાર્યું કે રામાયણે રામને યુગ-યુગ સુધી અમર બનાવી દીધા છે. તો હું પણ બાદશાહી રામાયણ લખાવીને અમર બની જાઉં. આ આશયથી આ કામ બિરબલને સોંપવામાં આવ્યું.

બિરબલે લખવાનું બહાનું કાઢી કાગળોના બંડલો ભેગા કરાવ્યા. વચ્ચે વચ્ચે બાદશાહ બીરબલ ને પૂછતાં કે કેટલું કામ થયું! કામ ચાલુ જ છે એમ કહીને બાદશાહને સંતોષ કરાવતો. એક દિવસે બિરબલે કહ્યું: રામાયણ તો પૂરી થઈ ગઈ છે. પણ એક પ્રશ્ન બાકી છે. તે બેગમ સાહેબને પૂછીને પૂર્ણ કરવામાં આવશે.

આમ કહીને બિરબલે બેગમને એકાંતમા જઈ પૂછ્યું કે જેમ સીતા રાવણ સાથે ગઈ અને લંકામાં રહી હતી. એવી રીતે તમે કોની સાથે ગયા હતા અને ક્યાં રહ્યા હતા ? આ વાત છૂપાવ્યા વગર બરાબર



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બતાવી દો એટલે રામાયણ પૂરી થઈ જાય.

બેગમને આ સાંભળી ક્રોધ ચઢ્યો. તેણે બાદશાહી રામાયણના બધા જ કાગળો બાળી નાખ્યા અને બાદશાહને કહેવડાવ્યું કે આપણે રામાયણ નથી લખાવવી બીરબલ ખૂશ થઈ ગયો. તેને તો મફતનું ઈનામ મળી જ ગયું હતું !

## હું મોટો પંડિત છું

એક દિવસ દયાનંદ સરસ્વતીને એક મોટા પંડિતજી મળવા માટે આવ્યા. સ્વામીજીએ એમને બેસવા માટે એક આસન આપ્યું. પંડિતજી બોલ્યા : હું એક મોટો પંડિત છું એટલે બેસવા માટે ઉંચી જગ્યા જોઈએ.

સ્વામીજીએ હસીને પાસેના ઝાડ તરફ આંગળી ચીંધતા મીઠા અવાજે કહ્યું: પંડિતજી ! બેસવાની જગ્યાથી જો મહાનતા દેખાતી હોય તો આપણા કરતાં વધુ મહાન એક કાગડો છે. જે પેલા ઝાડની છેક ઉપર બેઠો છે. સ્વામીજીની વાત સાંભળીને પંડિતજી શરમાઈ ગયા. અને પછી નીચા આસને જ ચૂપચાપ બેસી ગયા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કડક શિક્ષા

એક ફૂલ વેચનારી માલણ રાજાને ત્યાં રોજ ફૂલ આપવા આવતી. તે રાજાની વિશ્વાસપાત્ર બની ગઈ. અંતઃપુરમાં ગમે ત્યારે જઈ શકે. આ નગરીમાં એક દુરાચારી માણસ ફરતો ફરતો આવી ગયો. તે રાજમહેલની નીચેથી પસાર થયો. રાણી તેના પર મુગ્ધ થઈ ગઈ. ઉપર આવવાનો સંકેત કર્યો પણ ઉપર જવું કેવી રીતે ?

અહીં ફૂલો વેચનારી માલણને લાલચ આપી તે માણસ સ્ત્રી વેશ પહેરી માલણ સાથે મહેલમાં જઈ રહ્યો હતો ત્યારે રાજાએ પૂછ્યું : આ સાથે કોણ છે ? ત્યારે માલણ બોલીઃ હે અન્નદાતા આ તો મારી પુત્રવધૂ છે. હું વૃદ્ધ થઈ ગઈ એટલે ચડ ઉતર થતી નથી. મને થયું કે આને પણ રાણી સાથે પરિચય કરાવી દઉં. એમ વિચારી તેને આજે સાથે લાવી છું.

રાજાને માલણ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. માલણ પેલાને લઈને ઉપર ગઈ. જ્યારે નીચે આવી ત્યારે તેના પગના અવાજથી રાજાને શંકા પડી કે આ તો કોઈ પુરુષનો



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પગ લાગે છે. સ્ત્રીનો નથી લાગતો. રાજાએ ફરી પૂછ્યું : માલણે પહેલા જે ઉત્તર આપ્યો હતો તે જ આપ્યો. રાજાએ તેનો ઘૂંઘટ કાઢી નાંખ્યો. ત્યારે મૂછોવાળો માણસ નિકળ્યો. રાજાને ખૂબં ગુસ્સો આવ્યો.

રાજાએ આજ્ઞા આપી કે નગરીની વચ્ચે ત્રણ ખાડા કરો. એક ખાડામાં મહારાણીને અને દુરાચારીને હાથ-પગ કાપીને ગળા સુધી દાટી દો. બીજા ખાડામાં માલણને દાટી દો. ખાડાની બાજુમાં ચંપલ રાખો ત્યાંથી આવતાં જતાં લોકો આ ચંપલથી મારતા જાય. તેમના પર થૂંકતા જાય. જો કોઈ તેમની પ્રશંસા કરે તો આ ત્રીજા ખાડામાં દાટી દો. જેથી અસદાચારનું પરિણામ સૌને ખ્યાલમાં આવે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

રાજાની આજ્ઞાનુસાર સેવકોએ કાર્ય કર્યું. એક દારૂડીયો અહીંથી પસાર થયો. દારૂના નશામાં તે બોલ્યો : શાબાસ છે આ વીરોને ! જે જમીનમાં દટાઈને પડ્યા છે. મરવાનું તો સૌને એકવાર છે જ. પણ તમારા જેવું મૃત્યુ બહુ ઓછાને મળે.

આ સાંભળી તરત જ રાજસેવકોએ તેને પકડીને હાથ-પગ કાપીને ત્રીજા ખાડામાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાટી દીધો.

આનું નામ અસદાચારની સામે લાલબત્તી.

## માતૃભૂમિ કી સેવા

દે દેતે હૈ વ્યંગ મેં, પંડિત સાફ જવાબ ।
માતૃભૂમિ ખાને યહાં આયે નહી જનાબ ॥

એકવાર પંડિત નેહરુ રાષ્ટ્રીય આંદોલન વખતે જેલમાં ગયા. તે વખતે જેલમાં ત્રાસ આપવા માટે રોટલીઓમાં પણ માટી મિક્સ કરવામાં આવતી. આ બધું જોઈને નેહરુજીએ એ જેલના સુપરિન્ટેન્ડેન્ટ ને આ વાતની ફરીયાદ કરી.

સુપરિન્ટેન્ડેન્ટે વ્યગમાં કહ્યું : અહીં માતૃભુમિની સેવા કરવા આવ્યા છો, કે માટીવાળી રોટલીની ફરીયાદ કરવા આવ્યા છો ? પંડીત નેહરુ તેમનો વ્યંગ સાંભળીને ચૂપ રહે તેમ ન હતા.

તેમણે તરત જ જવાબ આપ્યો. "અમે તો માતૃભૂમિની સેવા કરવા જ આવ્યા છીએ. માતૃભૂમિને ખાવા માટે નહીં ! અધિકારી ચૂપ જ થઈ ગયો...



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અશરણ-શરણ

યુનાનના બાદશાહ બીમાર પડ્યા વૈદ્યોએ એવી સલાહ આપી કે લક્ષણ યુક્ત કોઈ વ્યક્તિનું પિત્તાશય મળી જાય તો બાદશાહ બચી શકે. એના સિવાય બાદશાહને બચવાનો કોઈ ઉપાય નથી.

એક ગરીબ બાળકને લક્ષણ યુક્ત જોઈને વૈદ્યોએ આ બાળક યોગ્ય છે એમ કહ્યું. બાદશાહનું દિલ વ્યથિત થયું. તેમણે કહ્યું મારી ખાતર આ બાળકની હત્યા થશે? કાજીએ કહ્યું : બાદશાહના પ્રાણ બચાવવા એક વ્યક્તિના પ્રાણ લઈ લેવા એ કાંઈ ગુનો નથી એટલે આ છોકરાને મારવામાં વાંધો નથી.

આખી રાજ સભા ભરાઈ હતી. જલ્લાદો તે છોકરાને મારવા માટે તલવાર લઈને આવી ગયા અને મારવા માટે તલવાર ઉપાડી. બાળક આકાશ સામે નજર કરી જોર જોરથી હસવા લાગ્યો. એના હાસ્યથી સૌ લોકો વિસ્મય પામ્યા. તેને હસવાનું કારણ પુછ્યું ?

ત્યારે તે બોલ્યો : ધનના લોભ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે પોતાના પ્રાણ પ્યારા છોકરાને મા-બાપે વેચી નાખ્યો. ન્યાયમૂર્તિ કાજીએ પણ આ હત્યાને નિર્દોષ જાહેર કરી છે. પ્રજા રક્ષક બાદશાહ પોતાની નિર્દોષ પ્રજાની જાન લેવા તૈયાર થાય છે. આવી અસહાય અવસ્થામાં મારા રક્ષક કોણ ?

હું પરમ પિતા પરમાત્માને આ પ્રાર્થના કરતાં હસ્યો છું કે હે પરમાત્મા ! આ સંસારની સ્વાર્થમય લીલા તો જોઈ લીધી છે હવે તો મારે તારી લીલા જોવી છે એટલે કે આ જલ્લાદો જે તલવાર પકડીને ઉભા છે એ ઉપાડેલ તલવારને હવે તું શું કરી શકે છે ! તે મારે જોવું છે. કારણ કે હું પરમાત્માને શરણે છું.

આ સાંભળી બાદશાહે તે બાળકની માફી માંગી તેને યોગ્ય ઈનામ આપી તેને ઘરે મોકલી દીધો.

> જે ક્રોધી હોય તે દુઃખી હોય, પણ જે દુઃખી હોય તે ક્રોધી હોય એવો નિયમ નથી. ક્ષમાશીલ હંમેશા સુખી હોય જ, પણ જે સુખી હોય તે ક્ષમાશીલ હોય જ એવો નિયમ નથી.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અસત્યનું સામ્રાજ્ય

કૌન પૂછતા સત્યકો પગ પગ ચલતી ઝુઠ
પાચ ટકેકી ચીજ કે સાત લીએ હૈ લૂંટ ॥

ભક્ત કબીરે એક ફેંટો તૈયાર કરી તેને વેચવા બજારમાં ગયા. એમણે નક્કી કર્યું કે પાંચ ટકાથી વધારે મારે કમાણી ના જોઈએ. આ માલ પણ પાંચ ટકાનો જ છે. એટલે તેને પાંચ ટકામાંજ વેચી દઉં. આવતાં જતાં પાસે કબીરે પાંચ ટકા માંગ્યાં. પણ કોઈ ચાર ટકા, તો કોઈ ત્રણ ટકા દેવા તૈયાર થયા. પાંચ ટકામાં તો કોઈ લેવા તૈયાર જ ન થયું.

કબીર સાંજે ફેંટો પાછો ઘરે લઈ આવ્યા. કબીરની પુત્રી કમાલીએ જયારે બધી વાત જાણી ત્યારે તે જ પાગડી લઈને બજારમાં ગઈ. તેણે દસ ટકા માંગ્યાં. છેવટે તેણે સાત ટકામાં વેચી. તે સાત ટકા ઘરે લાવી. કબીરને બધી વાત કરી કબીર મનમાંજ હસ્યા અને એક દોહો બોલ્યા :

સાંચ ગયો પાતાલ મેં ઝુઠ રહ્યો જગ છાય ।
પાંચ ટકે કી પાગડી સાત ટકે મેં જાય ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગાયનું દૂધ

ગ્વાલિયરમાં પૂર્વે દૂજણા ન હતા. ત્યારે આ બાજુના કોઈ રાજાએ ગ્વાલિયરના રાજાને ૪-૫ ગાયો ભેટ મોકલી આપી. પણ કોઈને દોહતા આવડતું નહોતું. તેથી ગાય મુતરે ત્યારે ડોલ મૂકે અને વાછરડાને છોડી મૂકે. એથી વાછરડા બધુ દૂધ પી જતા અને ગોમૂતરથી ડોલ ભરાઈ જતી.

એ લોકો ગોમૂતરને દૂધ સમજીને તેને ગાળીને પીવા લાગ્યા. સ્વાદમાં તો ખારું લાગવા માંડ્યું અને ઝાડા થવા લાગ્યા. ગ્વાલિયરના રાજાએ ગાયો મોકલનાર રાજાને પત્ર લખી જણાવ્યું કે તમારી ગાયોનું દૂધ ખારું લાગે છે અને પીવાથી ઝાડા થાય છે.

આ પત્રથી રાજા સમજી ગયો કે આ મૂર્ખ શેખરો ગોમૂત્રને દૂધ માની પીતા લાગે છે. એથી રાજાએ ગોવાળીયા મોકલી દૂધ દોહવાની રીત સમજાવી. પેલા લોકોને ગો મૂત્રને દૂધ માની લેવાની ભૂલ સમજાઈ, એમણે ગોમૂત્ર છોડી દૂધ પીવા માંડ્યું. દૂધનો ખરો સ્વાદ ચાખીને ગ્વાલીયરની પ્રજા ખુશ થઈ ગઈ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વાહ રે... હિન્દુસ્તાન

દિયા દંડ પર બંડકા કયા હોતા અપમાન ।
સભી વસ્તુએં મુફ્ત હૈ વાહરે હિન્દુસ્તાન ॥

એક પરદેશી પહેલી જ વાર હિન્દુસ્તાનમાં આવ્યો હતો. એક મોટા શહેરના બજાર વચ્ચે ફરી રહ્યો હતો, એક મિઠાઈ વાળાની દુકાનમાં ખૂબ સુંદર મિઠાઈઓ જોઈ ખાવાનુ મન થયું. એ તો ત્યાં જઈને બેઠો. પેટ ભરીને મીઠાઈઓ ખાધી. જયારે મિઠાઈવાળાએ પૈસા માંગ્યા ત્યારે તેની પાસે પૈસા ન હતા મિઠાઈવાળો તેને રાજા પાસે લઈ ગયો. પણ પરદેશી તો અહીંની ભાષા પણ ન સમજે. એટલે જવાબ પણ શું આપે ? રાજાએ ગુસ્સામાં આવી આજ્ઞા કરી કે આને ફાટેલા કપડાં પહેરાવો. માથું મુંડાવી મોઢું કાળું કરો. ગધેડા પર બેસાડી આખા નગરમાં ફેરવી પછી એને છોડી દો. રાજસેવકો એ રાજાની આજ્ઞા પ્રમાણે કરીને તેને છોડી દીધો. બીજા શહેરમાં પણ ફળ મફતના ખાધા. ત્યાં પણ આ રીતે તેનું સ્વાગત થયું. જયારે તે પોતાના દેશમાં ગયો ત્યારે તેણે હિન્દુસ્તાન માટે લખ્યું કે ખૂબ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધનાઢ્ય દેશ છે. પરદેશીઓનું સ્વાગત પણ ખૂબ સારી રીતે કરે છે. ત્યાં દરેક વસ્તુઓ મફતમાં મળે છે. ફળો મિઠાઈઓ સ્વાગત બધું જ મફતમાં ! વાહ રે...હિન્દુસ્તાન ! જો મારો જન્મ ત્યાં થયો હોત તો કેટલું સરસ થાત ! બહુ સારો દેશ છે...!!

## ધન્યવાદ

હુઈ ચિકિત્સા આપકી મેરે હિત વરદાન ।
ચાચા મરનેસે મિલા ઉનકા સબ સામાન ॥

એક વ્યક્તિ સવારના પહોરમાં ડૉક્ટર સાહેબને ધન્યવાદ આપવા ગયો... હું તમારો ખૂબ આભાર માનુ છું, તમારી ચિકિત્સાથી મને ઘણો જ ફાયદો થયો છે.

વિસ્મય સાથે ડૉક્ટરે કહ્યું : મેં તમારી દવા ક્યારે કરી ?

પેલાએ કહ્યું કે તમે મારી દવા તો નથી કરી. પણ મારા કાકાની દવા કરી હતી. તમારી દવાથી મારા કાકા તો મરી ગયા અને એની બધી સંપત્તિ મને મળી ગઈ. એટલે મને તો લાભ થયો છે. માટે આપને હું ધન્યવાદ આપવા આવ્યો છું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દુનિયા દોરંગી

દુનિયા યશ દેતી નહીં રચતી હૈ તુફાન।
જો ન સમજતે સોચતે, વે હોતે હૈરાન ॥

એક સંત પશ્ચિમ તરફ પગ કરીને સૂઈ ગયા. આ જોઈ એક વ્યક્તિએ કહ્યું : પશ્ચિમમાં તો દ્વારકા નગરી છે-એટલે એ તરફ પગ કરી સૂવું ઉચિત નથી. એની વાત માની સંત પૂર્વ દિશા તરફ પગ કરી સૂતા-એટલે બીજી વ્યક્તિએ કહ્યું કે પૂર્વમાં તો જગન્નાથ પૂરી જેવું પવિત્ર સ્થાન છે-એ તરફ પગ કરવા એ ભયંકર પાપ છે.

આ સાંભળી સંતે ઉત્તર દિશામાં પગ કર્યા એટલે ત્રીજી વ્યક્તિએ કહ્યું : અહીં તો બદરીનારાયણ જેવું પવિત્ર તીર્થ ધામ છે. અહીં તો પગ થાય જ નહીં, મહાપાપ લાગે. સંતે દક્ષિણ દિશામાં પગ કર્યા એટલે ચોથી વ્યક્તિએ કહ્યું કે અહીં તો રામેશ્વરમ્ જેવું પ્રસિદ્ધ તીર્થધામ છે. અહીં પગ કરી શી રીતે સૂવાય !

સંતે શીર્ષાસન કર્યું. માથું નીચે-પગ ઉપર કર્યા. એટલે પાંચમી વ્યક્તિએ કહ્યું: ઉપર તો ચંદ્રલોક, સૂર્યલોક, વૈકુંઠલોક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા અનેક દિવ્ય લોકો છે. ઉપર પગ કરવા એ તો જરા પણ ઉચિત્ત નથી.

આ સાંભળી સંત ઉભા રહ્યા એટલે છઠ્ઠાએ કહ્યું : નીચે તો પાતાળ લોકમાં શેષ નાગની ઉપર વિષ્ણુ ભગવાન સૂતા છે એમની તરફ પગ કરવા મહાપાપ છે. સંત તો આ બધાનું સાંભળીને હેરાન થઈ ગયા. પોતે ખૂબ થાકેલા હતા. તેમણે વિચાર્યું આ દુનિયાને કોઈ ન પહોંચી શકે એ તો પહેલા જેમ સૂતા હતા તેમ જ સૂઈ ગયા. કોઈનું કશું પણ સાંભળ્યું નહીં એ દિવસથી એક કહેવત પડી ગઈ કે-

'સૂનો સબ કી કરો મન કી'

जैन साईट JAINSITE.com જયતિ શાસનમ્

## ગુણોની સુવાસ

ગુલાબનું ફૂલ કોઈ દિવસ દુર્ગંધ ગ્રહણ કરતું નથી. ગુલાબનું ફૂલ છોડ પરથી નીચે પડે તો પણ માટીને સુવાસિત કરી દે છે, પણ માટીની વાસને ગુલાબ ગ્રહણ કરતું નથી. તેમ આપણે ગુલાબની જેમ ગુણોને પ્રસરાવીએ. આપણા ગુણો બીજાને આપીએ, પણ બીજાના દુર્ગુણો આપણે ન લઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સહન શક્તિ

ચંપારન જીલ્લાના એક આયોજનમાં જવા માટે ગાંધીજી ટ્રેનમાં જઈ રહ્યા હતા. તેઓ ટ્રેનની એક સીટ ઉપર સૂતા હતા. એક સ્ટેશને એક ગામડીયો ટ્રેનમાં ચઢ્યો.

જે ગાંધીજીનાં દર્શન અને ભાપણ સાંભળવા જઈ રહ્યો હતો. તેને બેસવાની જગ્યા ન મળી. એટલે તેણે આખી સીટ પર સૂતેલા ગાંધીજી ને હાથ પકડી ને ઉભા કર્યા. અને બોલ્યો. આખી સીટ રોકીને પડ્યા છો. જાણે આ ગાડી તમારા બાપની હોય. આમ આખી સીટ રોકીને સૂઈ ગયા છો...અમે પણ પૈસા આપીએ છીએ...

ગાંધીજી આ સાંભળી ચૂપચાપ એક તરફ બેસી ગયા. ગામડીયો પણ સીટ પર બેસી ગયો. અને હુક્કો ગગડાવતો બોલ્યો. ધન્ય છે ગાંધીજીને. જે લોકોના દુઃખ દૂર કરવા રાત-દિવસ મહેનત કરે છે. એમના દર્શન થાય તો બહુ સરસ.

તે ગામડીયાએ કદિ ગાંધીજીને જોયા ન હતા. એટલે બાજુમાં બેઠેલા ગાંધીજીને તે ઓળખી શક્યો નહીં. ગાંધીજી તો

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સાંભળી મનમાં જ હસ્યા કરે...જયારે ગાડી સ્ટેશન પર ઉભી રહી. પ્લેટફોર્મ પર હજારો માણસો ગાંધીજીને લેવા માટે આવ્યા હતા. તેઓ **''મહાત્મા ગાંધી કી જય''** ના અવાજો સાથે ગાંધીજીના ડબ્બામાં આવ્યા.

ત્યારે પેલા ગામડીયાને ગાંધીજીની ઓળખ થઈ. પોતાની અજ્ઞાનતા પર પસ્તાવો કરતો ગાંધીજીનાં પગમાં પડી ક્ષમા માંગવા લાગ્યો. તે ખૂબ રડી પડ્યો. ગાંધીજી તેને પ્રેમથી ભેટી પડ્યા.

### સંત લોરેન્સના સુવચનો

* આજના દિવસે તું અસહાયના આંસુ લૂછવાનો અને પડેલાને ઉભો કરવાનો સંકલ્પ કરે તો જ તું પ્રભુ સાથે મૈત્રી કરવાને લાયક બની શકે.

* હું સતત એ જ પ્રાર્થના કરું છું કે હે પ્રભુ ! તમે મારી સાથે જ રહો, કારણ કે તમારી મદદ વિના હું કશું જ કરી શકવા સમર્થ નથી.

* ભગવાન તો ઈચ્છે છે કે એ આપણા હૃદયમાં આવીને વસે. પણ તે માટે આ પણું હૃદય સ્વચ્છ-નિર્મળ તો જોઈએ ને ! જ્યાં મલિન વિચારો હોય, ત્યાં ઈશ્વરનો વાસ ક્યાંથી હોય ! જો ઈશ્વરને હૃદયમાં વસાવવા હોય તો બધાં જ મલિન વિચારો દૂર કરવા જ રહ્યા.

जैन साईट JAINSITE.com जिनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આને આપી દેજો

એક ઠગે શહેરમાં મિઠાઈની દુકાને આવી ૫૦૦ લાડવાનો ઓર્ડર આપ્યો. લાડવા તૈયાર રાખજો હું થોડીવાર પછી લઈ જઈશ.

તે ઠગ કપડાવાળાની દુકાને ગયો. પોતાની પસંદગીના ૫૦૦ રૂપિયાના કપડા ખરીધા. ખીસામાંથી પાકીટ કાઢીને બોલ્યો: ભાઈ રૂપિયા તો લાવવાનું ભૂલી ગયો છું. તમારા મુનિમને મારી સાથે મોકલો.

મારા મિત્ર મિઠાઈવાળાને ત્યાંથી રૂપિયા અપાવી દઈશ. કપડાનું બંડલ કારમાં મૂકી મુનિમને સાથે લઈ મિઠાઈવાળાને ત્યાં આવ્યો. રસ્તા પર કાર ઉભી રાખી મિઠાઈ-વાળાને કહે : આ ભાઈને (મુનિમને) ૫૦૦ આપી દેજો. મારે અગત્યનું કામ છે.

મિઠાઈવાળાએ કહ્યું : ભલે. મુનિમને ત્યાં બેસાડી ઠગ રવાના થઈ ગયો. મિઠાઈ-વાળાએ ૫૦૦ લાડવા ગણીને આપ્યા. ત્યારે મુનિમે કહ્યું : લાડવા નથી જોઈતા ૫૦૦ રૂપિયા જોઈએ છે. બંને વચ્ચે ઝઘડો થયો. અંતે જયારે ઠગાઈ થઈ છે એમ ખબર પડી ત્યારે બંને પછતાયા.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સાર્વજનિક સ્થાન

લગભગ ૪૦૦ વર્ષ પહેલા હૈદ્રાબાદમાં એક સાધુએ વિચાર્યું કે એક એવું સ્થાન બનાવું કે જયાં સૌ ભેદભાવ ભૂલીને આવી શકે. આમ વિચારી તેમણે એક મંદિર બનાવ્યું પણ મંદિરમાં મુસલમાન ક્યાંથી આવી શકે! એટલે તેમણે મસ્જિદ બનાવી. પણ મસ્જિદમાં હિંદુ તો આવે જ નહીં. અંતે નિરાશ થયા હવે શું કરવું ?

તેમણે ખૂબ વિચાર કર્યો, અંતે તેમણે સંડાસ બાથરુમ બનાવી દીધા. હવે તો સૌ હિંદુ-મુસ્લીમ ભેદભાવ વગર જ આવવા લાગ્યા. અંતે સંતને તો સંતોષ થયો...!

આ પ્રસંગને જો આજના જમાનામાં વિચારવામાં આવે તો સંડાસ બાથરુમ કરતાં સિનેમાઘર હોય તો સૌ ભેદભાવ વગર જ અંદર પ્રવેશ કરે જ. એ વખતનું સંડાસ અને આજનું સિનેમા-બેમાં કોઈ જ ફરક નથી લાગતો. આજના સિનેમા સંડાસથી પણ વધારે ખરાબ છે.

**કર્મની શક્તિ કરતાં ધર્મની શક્તિ મહાન છે.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ખોટા તર્કો

એક તર્કવાદી પંડિત હતો. તે દરેક વાતમાં તર્ક કર્યા કરે. કોઈની વાત માને નહીં.

એકવાર તે ચાલ્યો આવતો હતો. ત્યારે સામેથી એક હાથી આવ્યો. ઉપર મહાવત બેઠેલો હતો. પણ હાથી મસ્તીએ ચઢેલો હતો અને મહાવતના કાબુમાં રહેતો ન હતો. આથી મહાવતે બૂમ મારી કે ઓ ભાઈ દૂર ભાગી જાવ. નહીં તો આ તોફાની હાથી તમને મારી નાંખશે.

આ તો પંડિત એ કંઈ એક અભણ મહાવતની વાત એમ ને એમ થોડી જ માની લે ! તેણે પોતાની ટેવ પ્રમાણે તર્ક કરીને કહ્યું : કે અલ્યા મહાવત ! હાથી અડીને મારશે કે અડ્યા વિના મારશે ! જો હાથી અડીને મારતો હોય તો તું અડીને રહ્યો છે. છતાં કેમ મરી ગયો નથી ! અને આ હાથી અડ્યા વિના મારતો હોય તો હું ગમે તેટલો દૂર ભાગું તો યે શું ! માટે તારી વાત ખોટી છે !

એ તર્કવાદી રસ્તામાંથી દૂર ખસ્યો



जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહીં. એવામાં હાથીએ આવીને તર્કવાદીને પોતાની સૂંઢમાં પકડી પોતાના પગ નીચે દબાવીને મારી નાંખ્યો. જો તર્કવાદીએ અનુભવી મહાવતની વાત માની હોત તો બચી જાત.

## શું પંજાબ દૂર છે ?

*જબ જાતા જલ સૂર્ય તક (તબ) દૂર નહીં પંજાબ।*
*દંગ રહ ગયે સુન સભી (યહ) નાનક દેવ જવાબ॥*

નાનક દેવ ફરતાં ફરતાં ગંગાના કિનારે પહોંચ્યા. ત્યારે ત્યાં કેટલાક લોકો સૂર્ય સામે પાણીની ધાર કરીને સૂર્યદેવની પૂજા કરતાં હતા. નાનક તેઓને સમજાવવા માટે ગંગાનું પાણી લઈ ઉત્તર દિશા તરફ ફેંકવા લાગ્યા.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

લોકોએ નાનકને આમ કરવાનું કારણ પૂછ્યું : ત્યારે નાનક બોલ્યા કે ઉત્તર દિશામાં પંજાબમાં મારું ખેતર છે. ત્યાં પાણી પહોંચાડી રહ્યો છું. ત્યારે લોકો હસ્યા અને બોલ્યા કે ભાઈ એટલે દૂર પાણી કેવી રીતે પહોંચી શકે ! ત્યારે નાનકે કહ્યું કે જો સૂર્ય સુધી તમારું પાણી પહોંચી જાય તો પંજાબ તો બહુ દૂર નથી. ત્યાં કેમ ના પહોંચી શકે ! સૌ ચૂપ થઈ ગયા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તામ તીમ તસરથ

સવારનો સમય હતો. એક પંડિતજી, એક મૌલવી સાહેબ અને એક શેઠજી કોઈ નગર તરફ જઈ રહ્યાં હતાં. ત્રણે જણા વાતો કરતા-કરતા રસ્તો પસાર કરી રહ્યાં હતાં.

નગર દૂર હતું. રસ્તામાં એક પહેલવાન મળ્યો. આગળ જંગલ આવતું હતું. એટલે પેલા ત્રણે જણ પહેલવાનની સાથે ચાલવા લાગ્યા. ત્રણે જણે પહેલવાનને નમસ્તે કહ્યું. પહેલવાને પણ નમસ્તે કહ્યું... અને સૌ વાતો કરતાં- કરતાં આગળ વધવા લાગ્યા. એટલામાં સૂર્યોદય થયો.

જંગલનું સુંદર વાતાવરણ હતું. પક્ષીઓએ વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. થોડા આગળ વધ્યા અને એક વિચિત્ર પક્ષી-વિચિત્ર ભાષામાં **"તામતીમ.. તમ તમ"** બોલી રહ્યો હતો. ચારે જણ આ સાંભળી નવાઈ પામ્યા. પછી આ પક્ષી શું બોલે છે તે અંગે સૌ પોતપોતાના અભિપ્રાયો જાહેર કરવા લાગ્યા...

સૌથી પહેલા પંડિતજીએ કહ્યું કે આ પક્ષી **"તામ તીમ તસરથ સિયારામ**



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશરથ''નું વારંવાર ઉચ્ચારણ કરી રહ્યો છે. શેઠજીએ એનો વિરોધ કરતાં કહ્યું : તમે ખોટું કહો છો. આ પક્ષી તો એમ કહે છે કે ''તામ તીમ તસરથ નમક મિર્ચી અદરખ'' મૌલવીએ બરાડા પાડીને કહ્યું: તમે બંને ખોટા છો અને બુદ્ધુ છો.

આ પક્ષી તો એમ કહે છે કે...

''તામ તીમ તસરથ સુભાન તેરી કુદરત'' એમ કહે છે. અત્યાર સુધી ચૂપ રહેલો પહેલવાન બોલ્યો. તમે ત્રણે તમારી અક્કલ પ્રમાણે બોલ્યા હવે આ પક્ષી ખરેખર શું કહે છે તે સાંભળો. આ પક્ષી તો મારું આ શરીર જોઈ, કસરત જોઈને એમ બોલે છે કે ''તામ તીમ તસરથ - શાબાસ તેરી કસરત'' એમ કહી મને શાબાસી આપે છે.

પહેલવાનની વાતો ત્રણેમાંથી કોઈને પણ પસંદ ના પડી. ત્રણે જણ બોલ્યા કે અમે કહીએ છીએ તેજ સાચું. પહેલવાન મૌન રહ્યો. આ બાજુ ત્રણે જણા પોત પોતાને વિદ્વાન માની, અભિમાનથી કહેવા લાગ્યા કે તમને વિશ્વાસ ન હોય તો પરીક્ષા કરી સિદ્ધ કરો...

ત્રણે જણાની ચર્ચા ઉગ્ર બની ગઈ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને લડાઈ પર આવી ગયા. એટલે અત્યાર સુધી મૌન રહેલા પહેલવાને વિચાર્યું કે આ લોકો અહીં જ લડી પડશે. આગળ જવામાં વિલંબ થશે. માટે હવે આ લોકોને સીધા કરવા જોઈએ. પહેલવાને ત્રણેને કડક શબ્દો કહીને ચૂપ કર્યા. અને શેઠજીને પકડી જમીન ઉપર પછાડી તેમની છાતી પર પગ મૂકી પૂછ્યું : બોલો - પક્ષીએ શું કહ્યું હતું...!

શેઠજી ગભરાઈ ગયા. તે હાથ જોડી કહેવા લાગ્યા કે જે રીતે તમે અર્થ કર્યો તે જ સાચો. મારો અર્થ ખોટો. પછી પંડિતજી અને મૌલવી તરફ લાલ આંખ કરી પૂછ્યું: બોલો પક્ષીએ શું કહ્યું હતું!

પંડિત અને મૌલવીએ ઉત્તર આપ્યો કે "તામ તીમ તસરથ શાબાસ તેરી કસરત" એમ બોલી રહ્યા હતા. પહેલવાને શેઠજીને છોડી દીધા. બધા ચૂપચાપ પોતાના રસ્તે આગળ વધ્યા.

મારું ગમે તેટલું કોઈ બગાડી જાય, પણ મારે ક્રોધ કરવો જ નથી. મારે કોઈને ક્રોધનું દાન આપવું જ નથી. મારે તો ક્ષમાનું જ સૌને દાન કરવું છે.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિચિત્ર ન્યાય

રશિયામાં બે ભાઈઓ રહેતા હતા. મોટોભાઈ સુખી હતો. નાનોભાઈ દુઃખી હતો. ઠંડીના દિવસો હતા. નાનાભાઈ પાસે બાળવા માટે કંઈ ન હતું. તેણે જંગલમાં જઈ લાકડા કાપ્યા. પરંતુ ઘરે પહોંચાડવા કેવી રીતે ? તેની પાસે ઘોડો ન હતો. તેણે મોટાભાઈ પાસે જઈ ઘોડો માંગ્યો.

મોટાભાઈએ કહ્યું કે આ વખતે ભલે ઘોડો લઈ જા. પણ હવે કદી પણ કોઈ વસ્તુ માંગવા નહિ આવતો. નહીં તો હું પણ રોડનો ભિખારી બની જઈશ.

નાનોભાઈ ઘોડો લઈ તેની પૂંછડીને દોરીથી બાંધી જંગલમાં લઈ ગયો. તે ભારો ઘોડા પર નાંખીને પાછો આવી રહ્યો હતો, ત્યારે દોરીમાં ઝાડનું ઠુંઠું ભરાઈ જવાથી ઘોડાએ જોરથી ખેંચ્યું તેથી તેની પૂંછડી કપાઈ ગઈ.

નાનોભાઈ ગભરાયો. તેણે મોટાભાઈ પાસે જઈ બધી વાત કરી. મોટોભાઈ ખૂબ ગુસ્સે થયો. તેણે કોર્ટમાં કેસ દાખલ કર્યો. બંનેને અદાલતમાં બોલાવવામાં આવ્યા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ તે નગર તરફ જઈ રહ્યાં હતાં. નાનોભાઈ વિચારે છે કે મેં કોઈ દિવસ કોર્ટ જોઈ નથી. ત્યાં તો ગરીબને જ અપરાધી બનાવવામાં આવે છે.

બંને ભાઈઓ પૂલ ઉપરથી પસાર થાય છે. પૂલ કઠેડા વગરનો હતો તેથી નાના ભાઈનો પગ લપસી જવાથી તે નીચે પડ્યો. એ જ વખતે એક વેપારી પોતાના બીમાર પિતાજીને ડૉક્ટર પાસે લઈ જવા માટે પૂલની નીચેથી પસાર થાય છે. તેના પિતાને ઘોડા ઉપર બેસાડ્યા છે. નાનોભાઈ તે વેપારીના બિમાર પિતા ઉપર પડ્યો. અને તેના બિમાર પિતા મરી ગયા.

નાનાભાઈને જરાપણ ન વાગ્યું. વેપારી ખૂબ ગુસ્સે થયો. તે નાનાભાઈને અદાલતમાં લઈ ગયો. બિચારો ગરીબ ભાઈ એક સાથે બે કેસમાં ફસાયો. ત્રણે જણા આગળ વધ્યા.

નાનાભાઈને થયું કે મને જરૂર સજા થશે. એટલે તેણે એક પત્થર કપડામાં લપેટીને પોતાના કોટના ખિસ્સામાં છૂપાવી દીધો. જો જજ સાહેબ મારી વિરૂદ્ધ ફેંસલો કરશે તો તેને હું આ પત્થર મારી બીજી દુનિયામાં પહોંચાડી દઈશ.



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણે જણા કોર્ટમાં પહોંચ્યા. નિર્ધન ભાઈની સામે બંને કેસ ચાલુ થયા. નાનો ભાઈ અદાલતમાં જજની સામે વારંવાર જોયા કરે છે અને કપડામાં લપેટેલો પત્થર કાઢ્યા કરે છે અને બોલ્યા કરે છે. મૈં ન્યાય માંગને આયા, પર સાથ આજ કયા લાયા...

જજે આ જોયું. એણે વિચાર્યું કે આ ભાઈ કપડામાં કાંઈક લાવ્યા છે. સોનું-ચાંદી જેવું કાંઈક હશે. અને મને આપવા જ લાવ્યા હશે..! એમ વિચારી જજે લાલચમાં આવી નાના ભાઈના પક્ષમાં ફેંસલો આપતાં કહ્યું કે જ્યાં સુધી ઘોડાની પૂંછડી ન ઉગે ત્યાં સુધી ઘોડો નાનાભાઈ પાસે રહેશે.

જજે બીજા કેસના ફેંસલામાં કહ્યું: આ ગરીબ ભાઈએ વેપારીના પિતાની પૂલ પરથી પડીને હત્યા કરી છે. તેથી ગરીબ ભાઈને પૂલ નીચે ઉભા રાખી વેપારી પૂલ પરથી ગરીબભાઈ પર પડી તેની હત્યા કરે.

મોટાભાઈએ નાનાભાઈને વિનંતી કરી કે પૂંછડી કપાયેલો ઘોડો મને પાછો આપી દે. પણ નાનોભાઈ માન્યો નહિ. એટલે ૩૦ રૂબલ તેને આપી મોટાભાઈએ ઘોડો પાછો લીધો.

JAINSITE.com
જૈન સાઈટ
જનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેપારી પણ નિર્ધન ભાઈને કહેવા લાગ્યો કે મારા પિતાજી હવે તો મરણ પામ્યા છે. તેથી હવે તમારો ગુનો હું માફ કરું છું. પણ નાનોભાઈ માન્યો નહિ. તે બોલ્યો કે હું પૂલ નીચે ઉભો રહીશ. અને તમે પૂલ ઉપરથી મારા પર પડો. એ સિવાય હું કશું જાણતો નથી.

અંતે વેપારીએ તેને સો રૂબલ ભેટ આપી. તેની સાથે દોસ્તી કરી લીધી. નાનોભાઈ ૧૩૦ રૂબલ લઈને જવાની તૈયારી કરતો હતો, ત્યારે જજે તેને ખાનગીમાં બોલાવીને કહ્યું કે તમે મને આપવા માટે કપડામાં જે લાવ્યા હતા. અને વારંવાર બોલતા હતા કે-મેં ન્યાય માંગને આયા પર સાથ આજ કયા લાયા ! એ શું હતું. મને આપો.

પેલાએ કપડામાંથી પત્થર કાઢી જજને બતાવતાં બોલ્યો. જો તમે મારા વિરૂદ્ધ ફેંસલો આપ્યો હોત તો હું આ પત્થરથી જ તમારો જાન લઈ લેત ! જજને થયું કે - સારું થયું. મેં આ નિર્ધનના પક્ષમાં ફેંસલો આપ્યો. નહીં તો હું અત્યારે જીવતો જ ન હોત. તેણે ત્રણેને જવા દીધા. નિર્ધન ખૂશ થતો પોતાના ઘરે ગયો.

जैन साइट JAINSITE .com जनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અપૂર્વ શાંતિ

એક પ્રોફેસરે વીસ વર્ષની મહેનત બાદ પોતાની ૮૦ વર્ષની જૈફ ઉંમરે ૮૦ હજાર શબ્દોનો એક મહાકોષ તૈયાર કર્યો. કોઈ કારણસર પોતાની ઓફીસમાંથી તેઓ બહાર ગયા.

તેમના પાળેલા કૂતરાએ ઓફીસમાં આવી અને કુદકો મારતા ટેબલ ઉપર પડેલા એક દીવાને પગની લાત લાગી ગઈ. સળગતો દીવો ટેબલ પર રહેલા પુસ્તકો પર પડ્યો. અને ધીરે ધીરે પેલા મહાકોષના પ્રેસ મેટરના તૈયાર કરેલા બધા જ કાગળો આગમાં બળી ગયા.

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

શબ્દકોષના પ્રણેતા જયારે ઘરમાં આવ્યા ત્યારે પરિસ્થિતિ જોઈને તેમણે કૂતરાને ખૂબ શાંતિથી એટલું જ કહ્યું : ટોમી ! તે આ શું કરી નાખ્યું. તેની તને જ ખબર નથી. ચાલ હવે આવું ના કરતો. વીસ વર્ષની જહેમત થોડી જ વારમાં સાફ થઈ જવા છતાં પ્રોફેસરે જરાપણ ક્રોધ કર્યો નહિ.

ઉત્તમ પુરુષો પરોપકાર કર્યા વિના રહી ન શકે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## માટે હું રડું છું...!

પેલા શીખ નેતા ગોવિંદસિંહ ! મુસ્લિમોની સાથે લડતાં. એકવાર તેમના ઘણા સૈનિકો માર્યા ગયા. પછી તે એક કિલ્લામાં ભરાઈ ગયા. પોતાના સૈનિકોમાં વધુ ઉત્સાહ લાવવા માટે પોતાના દીકરાને કહ્યું. આ કિલ્લા ઉપરથી નીચે ઉભા રહેલા મોગલ સૈન્ય ઉપર તૂટી પડ. અને તારી તલવાર ચલાવ.

તે વખતે દીકરાએ પિતાજીને કહ્યું: જરાક પાણી પીને તૂટી પડું છું. ગોવિંદસિંહે કહ્યું. બેટા ! હવે પાણી પણ પછીથી પીવાનું રાખજે. આ શબ્દો પૂરા થયા ન થયા ત્યાં તે દિકરો કિલ્લા ઉપરથી મોગલ સૈન્ય ઉપર કૂદી પડ્યો. તેનું પોરસ જોઈને સૈનિકો પણ કૂદી પડ્યા. અને વિજય મેળવ્યો.

આ ગોવિંદસિંહના બીજા બે બાળકો ને ધર્માંતર કરાવવાની મુસ્લિમો એ ફરજ પાડી. ત્યારે તે નાનકડા દશ-બાર વર્ષના બાળકોએ તેનો સાફ ઈન્કાર કરી દીધો. ત્યારે બંનેને સામસામી દિવાલમાં જીવતા ચણવાની શરૂઆત કરી.



JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વખતે મોટો દિકરો આંખમાંથી આંસુ પાડવા લાગ્યો. ત્યારે નાના દિકરાએ તેને કહ્યું : અરે ! રડે છે શા માટે ! આ મોત નથી. પણ ઉંમરમાં અને ઉંચાઈમાં તું નાનો હોવાથી તારા નાક સુધી ઈંટો જલ્દી ગોઠવાઈ જશે. હું મોટો હોવાથી મારા નાક સુધી ઈંટો આવતાં થોડીક વાર લાગશે.

આમ ગુંગળાઈ ને મરવામાં પહેલું સદ્‌ભાગ્ય તને પ્રાપ્ત થશે મને નહિ ! તે બદલ હું રડું છું. ધન્ય છે તેના શૌર્યને ! અને તેની ખુમારીને.

## એકાગ્રતા

जैन साईट JAINSITE .com

એક મુસલમાન સંતના પગમાં એક અણીદાર હથિયાર ઘૂસી ગયું હતું. પીડાનો પાર ન હતો. કોઈ અડે તો પણ સહન થઈ શકતું ન હતું. તો એ કાઢવું કઈ રીતે! ત્યારે તે સંતને જાણનારાએ હકીમને કહ્યું: જ્યારે એ નમાજ પઢવા બેસે ત્યારે કાઢી લેજો. એમને ખબર પણ નહીં પડે. અને એમ જ થયું. આવા સંતો જ્યારે ભક્તિમાં એકાગ્ર બની જાય છે ત્યારે આસપાસનું તો ઠીક પણ દેહનું પણ ભાન ભૂલી જાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અમૂલ્ય મોતી

બગદાદના ખલીફાને એક બહુ જ કદરૂપા નોકર પ્રત્યે અત્યંત પ્રેમ હતો. આ જોઈ એના છ ઉમરાવોને ઘણી નવાઈ લાગી. એકવાર ઉમરાવે પૂછ્યું : નામદાર, એના પ્રત્યે આપના અતિ પ્રેમનું કાંઈ કારણ છે?

ખલીફાએ જવાબ આપ્યો: એકવાર ઉંટ પર બેસી હું લપસણા રસ્તા પરથી પસાર થતો હતો. ઉંટ લપસી ગયું અને હાથીદાંતની પેટીમાંથી મોતી વેરાયા. મેં તે વખતે સાથે ચાલતાં નોકરને કહ્યું : જે કોઈ મોતી શોધી લાવશે તેને તે મળી જશે.

બધા જ નોકરો મોતી શોધવા દોડી નીકળ્યા, ફક્ત આજ એક મારી પાસે ઉભો રહ્યો. મેં તેના ઉભા રહેવાનું કારણ પૂછ્યું: ત્યારે એણે કહ્યું : નામદાર, સૌથી અમૂલ્ય મોતી તો (આપ) અહીં જ છો. તો શું એનું રક્ષણ કરવાની મારી ફરજ નથી ? મારે મારી ફરજ પહેલા બજાવવી જોઈએ.

આ સાંભળીને ઉમરાવોને લાગ્યું : ખરેખર કદરૂપા માણસનું હૃદય કદરૂપું ન હતું.



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચાર મૂર્ખ બ્રાહ્મણો

ચાર બ્રાહ્મણો ખૂબ જ ગરીબ હતા. તેઓ મૂર્ખ અને સ્વાર્થી હતા. કોઈએ તે ચારે બ્રાહ્મણો વચ્ચે એક ગાય આપી.

ચારે જણા રોજ વારાફરથી દૂધ દોહતા હતા. પોત પોતાની વારીના દિવસે દૂધ દોહતા હતા. પણ ગાયને ઘાસ કોઈ નાખતાં ન હતા. કારણકે જો આજે ગાયને ઘાસ નાંખે તો તે કાલે બીજાને દૂધ આપે, પોતાને ન મળે. બીજો પણ એમજ વિચારતો.

ચારે જણા આ વાતને લઈને ઘાસ નાંખતા ન હતા. જો ઘાસ નાંખે તો એ ઘાસનું દૂધ બીજા દિવસે જેની વારી હોય તેને મળે. ગાયે દૂધ આપવાનું બંધ કર્યુ. અંતે ગાય મરી ગઈ.

લોકોએ ગાયના મૃત્યુ ની વાત જાણી ત્યારે ચારે જણાને ધિક્કારવા લાગ્યા. દૂધ લેવા તૈયાર પણ ઘાસ નાંખવા તૈયાર નહી. મૂર્ખ અને સ્વાર્થી બ્રાહ્મણો ઉપર લોકો હસવા લાગ્યા.

અભિમાનીને કદી સાચા મિત્રો હોતા નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દંડ ચૂકવી દીધો

ન્યુયોર્કના એક મેયરની વાત છે. લૉ. ગારડીયાને પોલીસ કોર્ટના ખટલામાં બહુ રસ હતો. એટલે એ પોતે જ આવા ખટલા ચલાવતો.

એક દિવસ પોલીસે એક માણસને રોટલીના ચોરી કરવાના ગુના બદલ એની સમક્ષ ખડો કર્યો. પેલા માણસે પોતાના બચાવમાં માત્ર એક જ વાકય કહ્યું : મારું કુટુંબ ભૂખ્યું હતું એટલે લાચાર બનીને મેં ચોરી કરી છે.

મેયર ગારોડીયાને એ માણસ બદલ સહાનુભૂતિ પ્રગટી. એણે ચુકાદો આપ્યો: ચોરીના ગુના બદલ એને દસ ડોલરનો દંડ કરુ છું. પછી એમણે પોતાના ખીસ્સામાંથી દસ ડોલર કાઢી ગુનેગારને આપ્યા. આ રહ્યા દસ ડોલર. તારો દંડ ચૂકવી દે.

એ અદાલતમાં લોકો તરફ ફરી કહ્યું: અહીં હાજર રહેલા દરેક વ્યક્તિને હું પચાસ સેંટ દંડ કરુ છું. કારણ કે સમાજમાં રહેવાનો ગુનો તેમણે કર્યો છે. જેમાં એક ઈન્સાનને એક રોટલીની ચોરી કરવી પડે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# માથું ન ખાઓ

એક રોગી ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરે દવા લખી આપી. રોગીએ કહ્યું : કે ખોરાકમાં શું લેવું ? ડૉક્ટરે કહ્યું : થોડું થોડું બધું ખાઓ. ભારે ખોરાક ન લેવો.

દરદી થોડો બહેરો અને મંદ બુદ્ધિનો હતો. થોડીવારે પાછો આવી પૂછયુંઃ મોસંબી ખાઈ શકું ? ડૉક્ટરે હા પાડી. દરદીએ પાંછા આવી કહ્યું : હું દ્રાક્ષ ખાઈ શકું ? ડૉક્ટરે કહ્યું : હા ખાઈ શકો છો. ભારે ચીજ ન ખાવી. આ બધું તો ખાઈ શકો છો.

આ તો વારે વારે પૂછવા આવતો. કયારેક દુધ, કયારેક ચા, કયારેક દહીં, કયારેક ખીચડી, કયારેક ભાત. વારે વારે ડૉક્ટરને જવાબ આપવો પડતો. તેથી કંટાળીને બોલ્યા : તમે બધું જ ખાઓ પણ મારું માથું ન ખાઓ. આવા દરદી ડૉક્ટરને ભારે પડી જાય છે.

દેવી જેનાથી પ્રસન્ન થાય તેને મંત્ર કહેવાય. દેવી જેનાથી પ્રસન્ન થાય તેને વિદ્યા કહેવાય અને આત્મ શક્તિથી જે પ્રગટ થાય તેને લબ્ધિ કહેવાય.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શબ્દોની ભેટ

રાજ દરબારમાં કવિએ પોતાની કવિતા બાદશાહને સંભળાવી. કવિતાથી ખૂશ થઈ રાજાએ ૧૦૦૦ મુદ્રા આપવાની જાહેરાત કરી. કવિ આ ઈનામથી ખૂબ જ ખૂશ થયો.

બીજા દિવસે ઈનામ માટે કવિ સુંદર કપડાં પહેરી રાજસભામાં હાજર થયા. રાજાએ પૂછ્યું : કવિ આજે ફરીથી કેમ અહીં આવ્યા છો ? કવિ આશ્ચર્યથી બોલ્યો : રાજન્ તમે ૧૦૦૦ મુદ્રા આપવાની જાહેરાત કરી એ ઈનામ લેવા આવ્યો છું.

રાજા હસ્યો અને બોલ્યો : કવિ.... તમે મને કવિતા સંભળાવીને શબ્દોની ભેંટ આપી ખૂશ કર્યો. મેં પણ તમને ૧૦૦૦ મુદ્રાઓ આપવાની જાહેરાતથી તમને ખૂશ કર્યા છે. અને તમે ખૂશ થયા છો. હવે કાંઈ લેવા દેવા નથી. કવિતાના શબ્દોથી હું ખૂશ થયો છું. સુવર્ણ મુદ્રાની જાહેરાતથી તમે ખૂશ થયા છો. હવે ઈનામ શાનું ?

**વસ્તુ પ્રત્યેનું મમત્વ એટલે જ પરિગ્રહ.**



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ

કચ્છ અબડાસા તાલુકામાં સુથરી ગામની મધ્યમાં આવેલ શિખરબંધી મંદિરની બાંધણી અને રંગકામ ભવ્ય છે. મૂળ તો ઉદ્દેશી નામના એક શ્રાવકને કોઈ વ્યક્તિ પાસેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ મળેલી. તે ખાદ્ય પદાર્થના ભંડકિયામાં મૂકતાં આખુ ભંડકિયું ખાદ્ય પદાર્થોથી ભરાઈ ગયું.

આ ઘટનાથી તે અતિ આશ્ચર્ય પામ્યો. તેણે આ વાત ગામના યતિજીને કરી એટલે યતિજીએ ગામમાં એક નાની દેહરી બંધાવી. તે મૂર્તિ એમાં પધરાવી. પ્રતિષ્ઠાના સમયે સંઘ વાત્સલ્ય રાખવામાં આવ્યું. ત્યારે ઘીના એક કુલ્લામાંથી ઘી નીકળ્યા જ કર્યું. પાંચ મણ ઘીના કુલ્લામાંથી પચ્ચીસ મણ ઘી નીકળે એટલે સહુને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે.

તપાસ કરી તો દહેરીમાં પધરાવેલા પ્રતિમાજી એ કુલ્લામાં હતા પછી એ કુલ્લુ તોડી નાંખી તેમાંથી પ્રતિમાજીને બહાર કાઢ્યા. અને ફરી મોટું મંદિર કરાવી તેમાં તેની પ્રતિષ્ઠા કરી. ત્યારથી તે શ્રી ઘૃતકલ્લોલ



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાર્શ્વનાથના નામથી ઓળખાય છે.

## વસ્તુનો શ્રેષ્ઠ ઉપયોગ

ડેપ્યુટી કલેકટર રામચરણ બસુ વૈદ્યનાથમાં પોતાના ગુરુ બાલાનંદ સ્વામી સાથે રહેતા હતા. એક સમયે એમણે સ્વામીજીને એક કિંમતી શાલ ઓઢાડી. સ્વામીજી એ શાલ ઓઢી બહાર ફરવા ગયા. માર્ગમાં ટાઢથી ધ્રૂજતા એક માણસને જો[ઈ] એ શાલ એને ઓઢાડી દીધી. સ્વામીજી ફરીને પાછા આવ્યા. ત્યારે બસુએ સ્વામીના અંગ પર એ શાલ ન જોઈ, એટલે ખૂબ જ નમ્રતાપૂર્વક ગુરુજીને પૂછ્યું : સ્વામીજી! આપ શાલ ક્યાંક ભૂલી આવ્યા લાગો છો?

સ્વામીજીએ કહ્યું : રામચરણ ! તેં શાલ મને આપી દિધી, પણ તેં તેના ઉપર તારું સ્વામીત્વ ચાલુ રાખ્યું છે ? આ શાલ તેં મને ભક્તિભાવે આપી હતી. મેં મારા કરતા વધુ જરૂરીઆતવાળાને આપી દિધી. શાલ ઠંડીથી રક્ષણ કરવા માટે છે. તે કોઈની પણ પાસે હોય તેમાં શું ફરક પડે છે ! જેને જે વસ્તુની જરૂર હોય તેની પાસે તે વસ્તુ જાય તે જ તેનો શ્રેષ્ટ ઉપયોગ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અમૂલ્ય સાવરણી

અમેરિકામાં પ્રમુખ પદની ચુંટણીમાં એ વખતના રમુજી સ્વભાવવાળા શ્રી આઈઝન હોવર ચુંટાઈ આવ્યા.

તે સમયે અનેક નાની મોટી ભેટ સોગાદો તેમને મળતી. પરંતુ એ બધી ભેટ સોગાદોમાં એક સૌથી જુદી તરી આવતી ભેટ હતી.

'એક મામુલી સાવરણી' એ ભેટ મોકલનારે સાથેના પત્રમાં લખ્યું હતું કે...પ્રમુખ શ્રી...આપશ્રીએ ચુંટણી વખતે પ્રજાને વચન આપ્યું હતું કે ''પ્રમુખ પદ મેળવ્યા બાદ રાજકારણની તમામ ગંદકી પ્રથમ સાફ કરીશ.'' તો આપ શ્રી હવે પ્રમુખ પદે ચુંટાઈ આવ્યા છો, તો આપના આ સફાઈ કાર્યમાં ઉપયોગી નીવડે એટલા માટે આ મામુલી સાવરણી મેં ભેટ મોકલીને આપને યાદી પાઠવી છે. મારી આ નાની ભેટ આપને એ વચનની હંમેશા યાદ અપાવશે.

પ્રમુખ શ્રી આઈઝન હોવર રમુજી સ્વભાવના હતા. તેમણે પોતાને મળેલી આ તમામ ભેટોનું એક પ્રદર્શન યોજયું.



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રદર્શનમાં સાવરણીને પ્રથમ સ્થાન આપ્યું. પ્રદર્શન જોવા આવનાર પોતાના નામાંકિત મિત્રોને સાવરણીનું મહત્ત્વ સમજાવતાં. પ્રમુખ શ્રી આઈઝન હોવર કહેતા કે મારા માટે સર્વોત્તમ ભેટ આ સાવરણી છે. આ સાવરણી મારફત મારા દેશનો આત્મા મારી સાથે સીધી વાતચીત કરી રહ્યો છે.

## બે મુરતિયા ન ચાલે

લોકમાન્ય બાળ ગંગાધર તિલક સામે એક કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. એક આરોપી તરીકે તિલક આરોપીના પાંજરામાં ઉભા હતા. એમના વકીલનું નામ બોલવામાં આવ્યું, પણ વકીલ ક્યાંય દેખાયો નહિ. આ જોઈ ત્યાં ઉપસ્થિત બે બૅરિસ્ટરો તિલકને કહેવા લાગ્યા : મુંઝાશો નહિ, તમારો કેસ અમે બે જણ લડી લઈશું.

તિલકે કહ્યું : ના ભાઈઓ એવું ના બની શકે. અઢાર વરસની કન્યા માટે નવ-નવ વરસના બે મુરતીયા ન ચાલી શકે !

આખી કોર્ટ હસી પડી. બેરીસ્ટરો ચૂપ થઈ ગયા.

जैनम् जयति शासनम्
JAINSITE



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અગમ બુદ્ધિ

રાજા કૃષ્ણદેવરાયના દરબારમાં આવી એક મહાપંડિતે પાંડિત્યનું પ્રદર્શન કર્યું. રાજાએ પ્રસન્ન થઈ એને હજાર સોનામહોરો આપી. પછી પંડિત ધર્મશાળામાં આવ્યો.

ધર્મશાળામાં સૌને ખબર પડી કે અહીં મહાપંડિત ઉતર્યા છે. તેને રાજાએ હજાર મહોર આપી છે. રાત્રે પંડિત શેતરંજી પાથરી સૂઈ ગયો. થોડીવાર પછી એક માણસ પંડિત પાસે આવી સૂઈ ગયો. તે ચોર હતો. તેને ધર્મશાળામાં કોઈ ઓળખતું ન હતું.

મધ્યરાતે સૌ નિદ્રાધીન હતા. ત્યારે પેલા ચોરે પંડિતના માથા નીચેથી થેલી લઈ લીધી. તેમાં જોયું તો મહોરો હતી જ નહીં. પંડિતની પથારી નીચે પણ જોયું. મહોરો ન મળી. ચોર આશ્ચર્યમાં પડી ગયો.

પંડિતે મહોરો ક્યાં મૂકી છે તે જાણવા પેલો ચોર આખી રાત જાગતો રહ્યો. સવાર પડતાં પંડિતજી ઉઠ્યા. તેમણે ચોરના ઓશિકા નીચેથી સોના-મહોરની થેલી કાઢી લીધી, અને પછી આગળ ચાલવા માંડ્યું. ચોર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ન્યાયી વર્તન

ખૂબ પસ્તાવો કરવા લાગ્યો.

બાજીરાવ બક્ષાજી પાસે એક પઠાણ સરદાર સૈનિકની નોકરી માટે આવ્યો. એ વખતે બાજીરાવે તેને બે હજાર લશ્કરીઓના ઉપરી તરીકે નીમીને મૂલ્યવાન વસ્ત્રો અને મહોરો આપી. પરંતુ બક્ષિસ તરફ નજર સુદ્ધાં કર્યા સિવાય પઠાણે પ્રશ્ન કર્યો.

મને નવાઈ લાગે છે કે તમે મારી પરીક્ષા કર્યા વગર મને ઉંચા પદે બેસાડો છો ! અને આટલી બધી બક્ષિસ આપો છો તેનું શું કારણ ? પેશ્વાએ કહ્યું : એ તમારે જોવાનું નથી.

પઠાણે જવાબ આપ્યો કે - જો એમ હોય તો હું તમારા દરબારમાં નોકરી નહીં સ્વીકારું.

પેશ્વાએ કારણ પૂછ્યું - પઠાણે ગૌરવભેર જવાબ આપતાં કહ્યું કે : જે બાદશાહ જોયા વિના, પરીક્ષા કર્યા વિના બક્ષિસ આપે છે તે નોકરનો અપરાધ જોયા વિના શિક્ષા પણ કરી બેસે છે. એમાં શંકા નથી. એવા યજમાનની નોકરી કરવી નકામી છે.



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુભવી કલાકાર

પઠાણ પેશ્વાને બોધપાઠ દેતો ગયો.

એક પ્રધાનમંત્રીને એવી ટેવ કે જગતમાં જે સુંદર ચિત્રો દેખાય તેનો સંગ્રહ કરવો. અને એના બદલામાં યોગ્ય પુરસ્કાર આપવો.

એક દિવસ એમણે એવું જ મનોહર ચિત્ર ખરીદ્યું, અને યોગાનુયોગે એના ઉપર એક ચુનાનું શ્વેત ટપકું એવી રીતે પડ્યું કે બહુ ધારીને જોઈએ તો પણ મહામુશ્કેલીએ દેખાય.

પ્રધાનમંત્રી બધા ચિત્રકારોને આ ચિત્ર બતાવે અને કહે.. આમાં ખામી હોય તો તે મને બતાવો ! ઘણાં ચિત્રકારો આવ્યા અને ગયા. પણ ખામી બતાવી શક્યા નહીં. જે જુએ તે કહે કે ખૂબ સુંદર ચિત્ર છે.... અને આ સાંભળી મંત્રી પ્રસન્ન થવાને બદલે ચિડાઈ જતાં.

એવામાં એક વૃદ્ધ અનુભવી ચિત્રકાર આવ્યો. મંત્રીએ એ ચિત્ર બતાવ્યું. અને કહ્યું : આમાં જો તમે ખામી નહિ બતાવો તો મને ચિત્રકારો પ્રત્યે તિરસ્કાર થશે. હવે હું કંટાળ્યો છું. ચિત્રકારે પોતાનો અનુભવ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામે લગાડ્યો. હાથમાં રંગ ભરેલી પીંછી લઈ તે ચિત્ર પર ફેરવવા જવા માટે દોડ્યો. મંત્રી એને ગાંડો જાણી પાછળ દોડ્યો અને હાથ પકડી લીધો. અરે આ શું કરે છે ?

ચિત્રકારે કહ્યું : આપના ચિત્રની ખામી દૂર કરું છું. આ મારી પીંછીમાં એવું જાદુ છે કે આ ચિત્ર પર ફરશે કે તમારા ચિત્રની ખામી દૂર થઈ જશે. અને એમ કહી ફરી તે દોડ્યો. મંત્રી ગભરાઈ ગયો. એને થયું કે નક્કી આ ગાંડો માણસ મારું ચિત્ર બગાડી નાખશે. એને સહસા ટપકો આપતાં બોલી ઉઠ્યા અરે ...ભલા માણસ!

એક ચુનાનું ટપકું દૂર કરવા આખા ચિત્ર પર પીંછી ફેરવવાની હોય ! ચિત્રકારે પીંછી ફેંકી દીધી અને સમજી ગયો કે આમાં ચુનાનું ટપકું જ શોધવાનું છે. અને બારીકાઈથી જોતાં તે મળી ગયું. યોગ્ય રસાયણથી દૂર કરી મંત્રી પ્રત્યે બોલ્યો : મહાશય ! હું કાંઈ ગાંડો માણસ નથી કે ચિત્ર બગાડી નાંખું. હું જાણું છું કે કોઈને પણ પોતાની પ્રિય ચીજ બગડે તે ગમતું નથી. એથી ચિત્રની ખામી આપના મુખેથી બોલાવવા જ આ નાટક કર્યું હતું. આ તો માનસશાસ્ત્ર



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણે તેનું કામ હતું. અને મંત્રી તેની અનુભવ બુદ્ધિ પર પ્રસન્ન થઈ ગયો. સારું ઈનામ આપી પ્રશંસા કરી વિદાય કર્યો.

## મનીરામ

મધ્ય પ્રદેશની ચંબલની ખીણ તરફ પદયાત્રા કરી રહેલા વિનોબાજીને એક સભામાં શ્રોતાએ પૂછ્યું : બાબા, મનોનિગ્રહ કેમ થાય ?

ચંબલની ખીણના ડાકુઓ વિખ્યાત હતા. મારફાડ, ધાડ અને લૂંટ તો તેમના સ્વભાવમાં....ચકોર વિનોબ એ જોયું કે પૈસા માટે આ લોકો શું નથી કરતા !

મનીરામ ઉપર કાબુ મેળવવો, છે તો મુશ્કેલ. પણ અભ્યાસ દ્વારા તે સિદ્ધ થઈ શકે છે.

પ્રશ્ન કરનારે પૂછ્યું : એ કઈ રીતે?

મની(MONEY)ને છોડી દો. રામને પકડી લો. મની એટલે રૂપિયા, પૈસા, માયા. કે જેના કારણે તમે કંઈ પણ કરતાં અચકાતા નથી. રામને કેવી રીતે પકડીએ બાબા ? રામને બધી જગ્યાએ શોધતા શીખો. દરેક કામમાં પ્રભુને જ આંખ સામે રાખો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હનુમાન અને રામદાસ

અજૈનોની રામાયણમાં પણ કેવા આશ્ચર્યજનક મત મતાંતરો આવે છે. તેનું એક દ્રષ્ટાન્ત જોઈએ : જયારે રામદાસ રામાયણ ઉપર ગ્રંથ લખી રહ્યા હતા. ત્યારે છૂપાઈને હનુમાનજી ત્યાં હાજર રહ્યા હતા. અજૈનોમાં એવી એક માન્યતા છે કે જયારે જયારે રામાયણ વંચાય કે બોલાય ત્યારે ત્યાં ખૂદ હનુમાનજી ગુપ્ત રીતે પણ ઉપસ્થિત રહે છે. (જૈન દર્શનની આવી માન્યતા નથી)

જયારે હનુમાનજી સીતાને રામનો સંદેશો આપવા ગયા, ત્યારનો પ્રસંગ તેઓ લખી રહ્યા હતા. રામદાસજીએ પોતાના શિષ્યને કહ્યું કે વત્સ ! એમ લખો કે જયારે હનુમાનજી સીતાજી પાસે ગયા ત્યારે ઉદ્યાનમાં તેમણે સફેદ ફુલો જોય'

જયારે આ રીત રામદાસે લખાવ્યું ત્યાં જ ગુપ્ત રીતે ઉભેલા હનુમાનજી એકદમ પ્રગટ થઈ ગયા, અને તરત જ રામદાસજીને કહ્યું કે અરે સ્વામીજી! તમે ભૂલો છો. હું જયારે ઉદ્યાનમાં પેઠો ત્યારે મેં સફેદ નહિ પણ લાલ ફૂલો જોયાં હતાં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાક્ષાત્ હનુમાનજીનો આવો ખુલાસો છતાંય જયારે રામદાસજીએ હનુમાને સફેદ પુષ્પો જ જોયા હતાં. એમ લખાવવાનો આગ્રહ રાખ્યો ત્યારે હનુમાને કહ્યું...પણ સ્વામીજી ! પુષ્પો જોનાર હું પોતે જ હતો ને ! પછી હું કહું તે સાચું કે આપ કહો તે સાચું ?

ત્યારે રામદાસજીએ ખુલાસો કરતાં કહ્યું કે હનુમાનજી ! હું કહું તે સાચું છે. ફૂલો હકીકતમાં સફેદ જ હતા. પરંતુ તમે લાલ જોયા તેનું કારણ એ હતું કે રાવણે સીતાનું અપહરણ કર્યું એ કારણથી તમે ગુસ્સાથી એકદમ લાલ પીળા થઈ ગયા હતા. આથી સફેદ ફુલો પણ તમને લાલ દેખાયા. આ વાત સાંભળીને હનુમાનજી ઠંડાગાર થઈ ગયા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રસંગમાં જુઓ કેવો આશ્ચર્ય જનક મંતાતર દેખાય છે ! પુષ્પો જોનાર હનુમાનજી કહે છે કે ફૂલો લાલ હતાં.... રામાયણના લેખક રામદાસજી કહે છે કે પુષ્પો સફેદ હતાં.

આદર્શોને આચરણમાં મૂકવામાં જ શહીદોને સાચી અંજલિ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દીર્ઘ જીવનનું રહસ્ય

થોડા વર્ષ પૂર્વે કર્વે નામના એક મોટા પત્રકાર થઈ ગયા. તેમને સો વર્ષ પૂરા થયા ત્યારે તેમની શતાબ્દી ઉજવાઈ. એ વખતે કેટલાક પત્રકારો ભેગા થયા. ત્યારે એક પત્રકારે પ્રશ્ન કર્યો કે કર્વે સાહેબ ! આપની સો વર્ષની પૂર્ણાહુતિ પાછળ કયું રહસ્ય પડ્યું છે ?

કર્વેએ જવાબ આપ્યો કે જુઓ પત્રકારો ! તમારા કોઈના મનમાં એમ હશે કે હું દરરોજ સવારે ત્રણ માઈલ ફરું છું માટે સો વર્ષનો થયો હોઈશ ! કોઈના મનમાં એમ હશે કે હું રોજ ફળોનો રસ લઉં છું માટે સો વર્ષ પુરા થયા હશે ! કોઈના મનમાં એમ હશે કે મારી જીવન ચર્ચામાં હું ખૂબ નિયમિત હોઈશ માટે હું સો વર્ષનો થયો ! પણ હકીકત સાવ જુદી જ છે.

મારા દીર્ઘ જીવનનું રહસ્ય મારા જીવનમાં બનેલો એક પ્રસંગ છે. હું જયારે ચાલીસ વર્ષનો હતો ત્યારે અમારા ઘરે એક પ્રૌઢ બાઈ ઘરકામ કરતી હતી. એક રાત્રે તે અચાનક મારા ઘરે આવી, આવતાંની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે જ ધ્રૂસકે-ધ્રૂસકે રડવાં લાગી. મેં એને સમજાવીને શાંત કરી. પછી એણે કહ્યું : સાહેબ ! મારો ૧૮ વર્ષનો એક છોકરો છે. આજે એનો ઍક્સીડેન્ટ થયો છે. એને તત્કાળ સારવારની ખાસ જરૂર છે. એ માટે ડૉક્ટરને મારે હમણાં ને હમણાં ૨૦૦ રૂપિયા પહોંચાડવાની જરૂર છે.

જો હું ડૉક્ટરને તત્કાળ ૨૦૦ રૂપિયા નહિ પહોંચાડું તો ડૉક્ટર તેની સારવાર નહિ કરે. અને....મારા છોકરાનો પ્રાણ ચાલ્યો જશે. શેઠ ! કોઈપણ ઉપાય કરો અને મારા દીકરાને બચાવો. હવે મારું શરણ આપ જ છો...

પત્રકારોને કહે કહે છે કે આ બાઈની વાત હું સાંભળી જ રહ્યો. અને હું ખરેખર પીગળી ગયો. એ છોકરો એ બાઈનો એક્નો એક જ આધાર હતો. આથી મેં તરત જ ઉભા થઈને કબાટમાંથી ૨૦૦ રૂપિયા કાઢીને એ કામવાળીના હાથમાં મૂકી દીધા. એ પૈસા જોઈને એ એટલી હર્ષમાં આવી ગઈ કે એના અંતરમાંથી ઉદ્‌ગારો સરી પડ્યા. કે **"બેટા ! સો વર્ષનો થજે."**

પત્રકારો ! કદાચ તમને વિશ્વાસ

जैन आर्ट JAINSITE .com जैनं जयतु शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહિ બેસે, પરંતુ એ ડોશીનાં અંતરમાંથી નીકળી ગયેલા આ આશીર્વાદથી જ હું સો વર્ષનો થયો છું. મારા સો વરસના દીર્ઘ જીવનનું આજ રહસ્ય છે.

## હું નિર્દોષ છું !

રાતનો સમય હતો. એક ચોર એક બેંકમાં ઘૂસ્યો. જોયું તો તીજોરી પર લખ્યું હતું કે "હેન્ડલ ફેરવો તીજોરી ખુલી જશે."

ચોરના આનંદનો પાર ન રહ્યો. તિજોરી ખોલવાની તેને સરળ રીત મળી ગઈ હતી. તેણે હેન્ડલ ફેરવ્યું, પણ આ શું એકાએક? રોશની થઈ ગઈ એની આંખો અંજાઈ ગઈ. ઘંટડીઓ જોરજોરથી વાગવા લાગી, અને ચોકીદારો આવી પહોંચ્યા. એમણે ચોરને પકડી લીધો અને પોલીસને સોંપી દીધો.

ચોરને મેજીસ્ટ્રેટ સામે ખડો કરવામાં આવ્યો. એને પુછવામાં આવ્યું : તે અપરાધ કર્યો છે એ બાબતમાં તારે કાંઈ કહેવું છે? ચોરે કહ્યું : શું કહું સાહેબ ! આજે માનવતા પરથી મારો વિશ્વાસ ઉઠી ગયો છે, ખોટું બોર્ડ લગાવીને મારી સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. હું નિર્દોષ છું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કિંમત ભાષણની કે ધનની...!

એક વખતની વાત છે. બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ ટેકસીમાં બેસીને જઈ રહ્યાં હતાં, અધવચમાં જ એક વિચાર આવતાં તેમણે ટેકસી ડ્રાયવરને કહ્યું : ભાઈ! મારે આ મકાનમાં અગત્યના કામે જવાનું છે, તું પંદર મિનિટ અહીં ઉભો રહે...ડ્રાયવરે ચર્ચિલની માંગણીનો ઈન્કાર કરતાં કહ્યું : કે હું અહીં પંદર મિનિટ ઉભો રહીને સમય બગાડવા માંગતો નથી...

જ્યારે ચર્ચિલે કારણ પૂછ્યું : ત્યારે ડ્રાયવરે કહ્યું કે અહીં નજીકમાં આવેલા મેદાનમાં મિ. ચર્ચિલ ભાષણ કરવાના છે, મારે તે સાંભળવું છે. એટલે તમારી વાતનો સ્વીકાર નથી કરતો.

પેલા ડ્રાયવરને ખબર ન હતી કે હું જેની સાથે વાત કરી રહ્યો છું તે મિ. ચર્ચિલ પોતે જ છે. ચર્ચિલને પોતાના ભાષણની આટલી વ્યાપક અસર જોઈને આનંદ થયો. પરતું વિશેષ ચકાસણી કરવા માટે તે જ વખતે ચર્ચિલે એક ડોલર ડ્રાયવરને આપતાં કહ્યું કે ભાઈ તું મારી વાત સ્વીકાર.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હસી પડતાં ડ્રાયવરે કહ્યું સારું સાહેબ! આપ કામ પતાવીને આવો. હું અહીં જ ઉભો છું.

ચર્ચિલે પૂછ્યું પણ... પેલા ચર્ચિલનું ભાષણ તું નહીં સાંભળે !

એવા તો કેટલાય ચર્ચિલો આવ્યા અને ગયા. મને તેની કાંઈ પરવા નથી. ડ્રાયવરે ધડાક દઈને જવાબ આપી દીધો.

આ પ્રસંગ જણાવીને ચર્ચિલે કહ્યું: કે જુઓ પૈસાનો પ્રભાવ! જેણે મારા ભાષણની કિંમત માત્ર એક ડોલર જેટલી જ બનાવી દીધી ને !

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

## GOD-DOG

અંગ્રેજીમાં પરમાત્માનો ગૉડ (GOD) સ્પેલીંગ આવે છે. તે શું શીખવે છે ? પરમાત્માનો સ્પેલીંગ સીધો લખો તો GOD. એટલે કે પરમાત્મા. પણ તેને ઉલટો લખો તો (DOG) ડૉગ એટલે કૂતરો.

સીધા ચાલો તો પરમાત્મા બનો

અને

ઉલટા ચાલો તો કૂતરા બનો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નેપોલિયનની હાર પાછળ..

ફ્રાંસના ભાગ્ય વિધાતા તરીકે પંકાયેલો નેપોલિયન વોટર્લુના યુદ્ધમાં કેમ હારી ગયો ! આખા વિશ્વને ધ્રુજાવનારો (''આલ્પ્સ'' નામના વિરાટ પર્વત ઉપર ચઢતાં થાકી ગયેલા સૈનિકોને પણ જબ્બર હિંમત આપીને તેની ઉપર ચઢાવી દેનાર ) અંતે ''સેંટ હેલીના ટાપુમાં'' સડી-સબડીને મરી ગયો. એનું કારણ...એના જીવનની એક નબળી કડી હતી.

વિશ્વ વિજેતા બનવાની ભાવના ધરાવતો નેપોલિયન જ્યારે યુદ્ધ મેદાનમાં ઘોડેસવાર બનીને રણે ચડે ત્યારે તેની અપ્રતિમ લડાયક શક્તિ જોઈને શત્રુઓ પણ નવાઈ પામતા. એ નેપોલિયનને કોઈકે એકવાર પૂછ્યું : તમારી આટલી બધી તાજગીની પાછળ કયું બળ કામ કરે છે ? ત્યારે તેણે કહ્યું : મારી પત્નીનો સ્નેહ પામીને જ્યારે હું જંગે ચડું છું ત્યારે પર્વતો પણ મારી આડે ઉભા રહી શકતા નથી.

એક વખતની વાત છે, યુદ્ધમાં શત્રુઓ એને કોઈપણ રીતે જીતી શકે તેમ ન હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે એ લોકોએ એની નબળી કડી ઉપર ઘા કરી દીધો.

નેપોલિયનના અત્યંત વિશ્વાસુ માણસને ફોડી નાખ્યો. અને એને દોડાવ્યો. તેણે ચાલુ યુદ્ધમાં જ નેપોલિયનના કાનમાં કહ્યું કે આપના શ્રીમતી હાલ છાવણીમાં કોઈ લશ્કરી ઑફીસરની સાથે આનંદ માણે છે. આ સાંભળતા જ નેપોલિયનને ભયંકર આઘાત લાગ્યો.

જેને હું મારા જાનથી પણ વધુ ચાહું છું એણે જ મને દગો દીધો...! હાય...!

આ વિચારે એ તૂટી પડ્યો. ઘોડા ઉપરનો એનો કાબૂ ચાલ્યો ગયો... એનો જુસ્સો, તાજગી અને સ્ફુર્તિ બધું જ ઓસરી ગયું. યુદ્ધ તો ચાલુ જ હતું પણ તે હારતો જ ગયો. અંતે એ જ યુદ્ધમાં શત્રુઓએ એને જીવતો પકડી લીધો...!

સમયની ગણતરી માટે રેતી વપરાય છે. પણ રેતીની ગણતરી માટે સમય નથી વપરાતો. માટે અરે ઓ સાધક! આત્માની આરાધના માટે શરીર વાપરવું. પણ શરીર માટે આત્મની આરાધના છોડવી ન જોઈએ.



जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હું રામ બની જઈશ તો...

આ અજૈન રામાયણનો એક પ્રસંગ છે. એક દિવસની વાત છે, બપોરનો સમય હતો, રાક્ષસીઓ સીતાજીથી દૂર બેઠી હતી, ત્યાં એકાએક સીતાજીએ મોટેથી ચીસ નાખી અને તરત જ બેભાન બની ગયા.

બધી રાક્ષસીઓ એકદમ દોડી આવી. મોઢા ઉપર પાણીનો છંટકાવ કરીને સીતાજીને ભાનમાં લાવ્યા. થોડીવારમાં એ સ્વસ્થ થયા. અને રાક્ષસીઓએ પૂછ્યું: મહાસતીજી એકાએક આપને શું થયું !

ગંભીર મુદ્રા સાથે સીતાજીએ કહ્યું: આ સામેના વૃક્ષ તરફ જુઓ. એક ભમરીએ તેના થડ ઉપર માટીના ઢેફાંનો કાદવ લગાવીને તેની ઉપર ઘર બનાવ્યો છે. તેમાં ઉંડા કાંણા પાડ્યા છે. લીલી વનસ્પતિમાં થતી લાંબી ઈયળોને પકડી ભમરી તેને ડંખ મારી મૂર્છિત કરે છે. તેને પોતાના ઘરમાં મૂકીને એ ઘરને માટીનો લેપ કરીને બંધ કરી દે છે. પછી તેની ચારે બાજુ ગુંજન કરે છે.

આમ કહી સીતાજી આગળ બોલે છે કે હું જયારે મારા પિયરમાં હતી, ત્યારે



जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેં એક વાત સાંભળી હતી કે આવી રીતે ભમરીનુ ગુંજન સાંભળીને અંદરની ઈયળ ભાનમાં આવ્યા બાદ એકદમ ભયભીત થઈને-હમણાં ભમરી આવશે ને મને મારી નાંખશે. આવું સંવેદન ઈયળને થતાં તે ભયથી ભમરીનું વારંવાર ધ્યાન કરતાં ઈયળ ભમરી બની જાય છે. જે જેનું ધ્યાન કરે તે તેના જેવો થાય.

રાક્ષસીઓએ કહ્યું : પણ તમે ચીસ શા માટે પાડી ! તેનું કારણ સમજાયું નહીં! સીતાએ કહ્યું : આ દ્રશ્ય જોયા પછી મને વિચાર આવ્યો કે આર્યપુત્ર રામનુ હું અહર્નિશ ધ્યાન ધરું છું તો હું રામ તો નહીં બની જાઉને !

હું રામ બની જાઉં તો અમારો રામ-સીતા તરીકેનો સંસાર શી રીતે ચાલે! ના મારે રામ બનવુ નથી તો શું મારે રામનું નામ લેવાનુ બંધ કરી દેવું ! ઓહ....! એ તો બની જ ના શકે ! એ તો મારા પ્રાણ છે, સર્વસ્વ છે...અને આ વિચારે હું મુંઝાઈ ગઈ અને મોંટથી ચીસ નીકળી ગઈ.

આ વખતે એક વૃદ્ધા જોરથી હસી પડી. એણે સીતાજીને કહ્યું : આજ સુધી

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો મેં આપને અત્યંત વિચક્ષણ કલ્પ્યા હતાં. પણ આપ તેવા ન નીકળ્યા. અન્યથા આપની આ સ્થિતિ ન જ રહેત. લો, સાંભળી લો- મારી વાત. શું સીતાને જ એ રામ ઉપર અથાગ પ્રેમ છે ! અને એ રામને એ સીતા ઉપર એવો પ્રેમ નથી ! મહાદેવી ! આપ એવું માનો છો ખરા ! રાક્ષસીએ પૂછ્યું...

સ્મિત કરતાં સીતાએ કહ્યું : ના, આર્યપુત્રને મારી પ્રત્યે જે અનુરાગ છે તેની કોઈ સીમા જ નથી.

બસ ત્યારે...મૂકી દો પેલી ચિંતા કે હું રામ બની જઈશ તો...રામ-સીતાનો આ વ્યવહાર શી રીતે ચાલશે ! કેમ કે જે પળે રામ-રામનું રટણ કરતી સીતા રામ બની જશે તે જ પળે સીતા-સીતાનુ રટણ કરતાં રામ સીતા બની જશે ! હવે લો છે કાંઈ વાંધો !

રાક્ષસીના આ શબ્દો સાંભળીને સીતાજી હર્ષ વિભોર બની ગયા.

દુઃખ આપનાર પ્રત્યે જરાપણ દ્વેષ ન જાગે તો ખરેખર આપણે ન્યાલ થઈ જઈએ. આ આપણા જીવન માટે એક મહત્ત્વપૂર્ણ વાત છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# લિંકનનો જવાબ

અમેરિકાના પ્રમુખ પદે ચુંટાઈ આવેલા અબ્રાહમ લિંકને જ્યારે જુના પ્રમુખના જ બધાં સારા માણસોને પોતાની કેબીનેટમાં ચાલુ રાખ્યા. ત્યારે લિંકનને માટે રાત દીવસ એક કરી ચૂકેલા તેના મિત્રોએ આ બાબત સામે વાંધો ઉઠાવીને પોતાને કેબીનેટમાં લેવા માટે પ્રસ્તાવ મૂક્યો. ત્યારે તેમને લિંકને કહ્યું કે તમને એક વાર્તા કહું છું તે તમે પહેલાં સાંભળો.

કોઈ નગરનો રાજા ચોમાસાના દિવસોમાં સાંજે ચાર વાગે જંગલમાં ફરવા નિકળ્યો હતો. ત્યારે સાવચેતી ખાતર તેણે મંત્રીને પૂછ્યું કે .વરસાદનું વિઘ્ન તો નહીં આવે ને !

ખુલ્લા આકાશમાં સૂર્ય જોઈને મંત્રીએ લીલી ઝંડી આપી. પણ જંગલમાં પહોંચ્યા ત્યારે રાજાએ ગાયો ચરાવતાં રબારીને મોટેથી બોલતો સાંભળ્યો કે દીકરા ! જલ્દી કર હમણાં જ વરસાદ તૂટી પડવાનો લાગે છે. ગાયોને દોડાવ, આપણે ઘર ભેગા થઈ જઈએ.



જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરેખર થોડી જ વારમાં વરસાદ ધોધમાર તૂટી પડ્યો. રબારીની આવી બુદ્ધિમત્તા જોઈને તેના ઉપર ખૂશ થઈ જઈને પલળી ગયેલો રાજા તેનાં ઝૂંપડામાં ગયો અને તેને કહ્યું : મારા મંત્રીને પણ જે વાતનું ભાન નથી, એ તારી પાસે છે. માટે હું તને મુખ્યમંત્રી પદે સ્થાપવા માંગુ છું.

રબારીએ કહ્યું : મહારાજ ! વરસાદ આવવાનો છે તે ભાન મને પણ ક્યાંથી થાય ! પણ મારો જે ગધેડો છે, તેને આ વાતનો ખ્યાલ તરત જ આવે છે. અને તે વખતે તે પોતાના કાન એકદમ ઉંચા અને કડક કરી દે છે. માટે મંત્રીપદ મારે ના જોઈએ. રાજાએ કહ્યું : ભલે ત્યારે હું એ ગધેડાને મંત્રી પદે બેસાડવાનું પસંદ કરીશ...

આમ કહીને લિંકને પોતાના મિત્રોને કહ્યું કે ગધેડાને મંત્રીપદે બેસાડતા રાજા જેવો હું ગધેડો નથી એટલું તમે ખ્યાલમાં રાખજો.

મંત્રી પદની જેનામાં લાયકાત હોય તે જ મંત્રી મંડળમાં સ્થાન પામી શકે!...

યાદ રાખજો, બીજાની હાર પર હસનાર કોક દિવસ પોતે પોતાની હાર પર રડે છે.



JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# નિમિત્તોથી દૂર રહો...

વિશ્વ વિજેતા બનવા નિકળેલો સિકંદર ઈરાનની ખૂબસૂરત શાહજાદીનો એટલો દિવાનો બની ગયો કે એના વિશ્વવિજેતા બનવાનાં સ્વપ્નો પણ એ ભૂલી ગયો. આ વાત એની સાથે રહેલા ગુરુ એરિસ્ટોટલના ધ્યાનમાં આવી ગઈ ! ને એક ઢળતી સાંજે વૃક્ષ નીચે એરિસ્ટોટલે સિકંદરને ઉપદેશ આપ્યો:

બેટા ! ઔરત કે ફંદે મેં ફંસના મત. ઔરત આફત કા દૂસરા નામ હૈ. બડેબડે શાહ ઔર શહેનશાહ ફંસ કર બરબાદ હો ગયે. બડી જાલીમ ઔર કાતિલ હૈ ઔરત કી જાત..ઉસકી ચુંગલ મેં વો બડે સે બડે કો ભી આસાની સે ફંસા દેતી હૈ. ઉનસે તો દૂર રહને મેં હી મઝા હૈ !

સિકંદર સમજી ગયો કે આ ગુરુજી શું કહેવા માંગે છે. એણે શાહજાદી ને કહી દીધું કે...અબસે હમ નહીં મિલેંગે...

શાહજાદી સમજી ગઈ કે આ કામ એરિસ્ટોટલનું છે. એણે સિકંદરને કહ્યું: બસ સિર્ફ મેરી એક બાત માનીયે. કલ આપ ઈસી બગીચે મેં છૂપકર બૈઠે ઔર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખેં. જલદી ન કરે.

બીજે દિવસે સવારે સિકંદર બગીચાના ફૂલછોડ પાછળ સંતાઈ ગયો. શાહજાદી સોળ શણગાર સજી, મદભરી ચાલે બગીચામાં આવીને જે વૃક્ષ નીચે એરિસ્ટોટલ બંદગી કરતા હતા ત્યાં ગઈ અને મધુર કંઠે સંબોધન કર્યું. થોડીવારે એરિસ્ટોટલે આંખ ખોલી. શાહજાદી ત્યાંજ બેસી ગઈને પ્રેમાલાપ શરૂ કર્યો.

એરિસ્ટોટલ પાગલ બની ગયા શાહજાદી પાસે આવી માંગણી કરી. ફૂલ છોડ પાછળ છૂપાયેલો સિકંદર અદ્ધર શ્વાસે બધું જોઈ રહ્યો. શાહજાદી કહે આપકી ઈચ્છા તબ પુરી કરુંગી... જબ આપ મુઝે અપની પીઠ પર બૈઠાકર ઘોડેકી તરહ બગીચે મેં સૈર કરાયે. આપ દો હાથ જમીન પર બૈઠાકર ઘોડા બન જાયે.

એરિસ્ટોટલ બે હાથ ટેકવી ઘોડા બની ગયા શાહજાદી એમની ઉપર બેસી ગઈ અને ચલ મેરા ઘોડા ટીક..ટીક..ટીક.. કરવા લાગી. હજુ થોડુંક ચાલ્યા હશે. ત્યાં તો દોડતો સિકંદર આવ્યો ને...બોલી ઉઠયો..

ગુરુજી યે ક્યા ! કલ શામકો આપને



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુઝે ક્યા ઉપદેશ દિયા ! ઔર અબ યે ક્યા ! અને તરત જ એરિસ્ટોટલ ઉભા થઈ ગયા...

સિકંદરને દૂર ખેંચી લઈ ગયા ને કહ્યું : બેટા ! મેરે જેસે બુઢ્ઢે કો ભી ઔરત ઘોડા બના દે તો દુસરોં કો ગધા બના દે ઉસમેં ક્યા આશ્ચર્ય ! ચલો...ભાગો... યહાં સે !

એરિસ્ટોટલ અને સિકંદર તરત જ ઘોડા ઉપર બેસી નાશી છૂટ્યા. દૂર રાહ જોતી ઈરાનની શાહજાદી દોડતી આવી. પણ એ પહેલા એરિસ્ટોટલ અને સિકંદર દૂર નીકળી ગયા હતા.

જોયું...નિમિત્તની ચિનગારી... જ્વલગારીને પણ સળગાવી દો.

जैन साइट JAINSITE.com जनम् जयति शासनम्

પોતાના ભાઈ ઉપર દ્વેષ-ભાવ હોય, અને દુનિયા સાથે મૈત્રીભાવ રાખીએ...
પોતાનો ભાઈ રીબાતો હોય, અને દુનિયાના જીવો પ્રત્યે કરુણાભાવ રાખીએ...
આ કાંઈ મૈત્રીભાવ કે કરુણાભાવ નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગૉંગલ્સ

સતત ત્રીજા વરસે પણ દુકાળ પડ્યો હતો. પશુઓ ઘાસ ચારાના અભાવે મોતને ઘાટ ઉતરી રહ્યા હતા. લીલું ઘાસ તો શું, પણ સૂકું ઘાસ પણ મળવું દુર્લભ હતું. પણ એક ખેડુત ભારે ખર્ચ કરીને બહારથી પોતાના પશુઓને માટે સુકું ઘાસ લઈ આવ્યો.

થોડા દિવસ સુધી તો પશુઓએ ઘાસ ખાધું પણ પછી એને સૂંઘવાનું ય બંધ કરી દીધું. રોજ-રોજ આવું ઘાસ શી રીતે ખવાય? ખેડૂત મુંઝાયો. હવે શું કરવું ? લીલું ઘાસ તો મળે તેમ નથી. અને સૂકું ઘાસ ખાવા પશુઓ તૈયાર નથી. જો આમને આમ ચાલે તો પશુઓ મરી જાય...

તેવામાં કોઈ ચાલબાજ માણસે ખેડૂતને સલાહ આપી કે આ બધા પશુઓને તું લીલા રંગના ચશ્મા પહેરાવી દે. પછી જો તેનું પરિણામ !... અને પેલાએ ખરેખર એ અખતરો કર્યો. તેને આશ્ચર્ય થયું. જે ઘાસની સામે પશુઓ જોવાય તૈયાર નહોતા. એજ ઘાસ પશુઓ ખૂબ જ મજેથી ખાવા લાગ્યા. કારણ કે લીલા ચશ્મા પહેર્યા પછી



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પશુઓને ઘાસ સૂકું નહીં પણ લીલું દેખાતું હતું... ખેડૂતના આનંદનો પાર રહ્યો નહિ.

## ચર્ચિલનો જવાબ

સર વિન્સ્ટન ચર્ચિલ સ્વભાવે ખૂબ ઉગ્ર હતા. એક વખત તેઓ પોતાના કુટુંબીજનો સાથે નવરાશની પળોમાં બેઠા હતા. તે વખતે તેમના જમાઈ પણ ત્યાં હતા.

તેમના જમાઈએ તેમને પૂછ્યું : મિ. ચર્ચિલ ! તમારામાં અને ઈટાલીના સરમુખત્યાર મુસોલિની એ બન્નેમાં શ્રેષ્ઠ કોણ ?

ચર્ચિલે કહ્યું : મુસોલિની મારા કરતાં શ્રેષ્ઠ ગણાય !

એ કઈ રીતે ? જમાઈએ ફરી પ્રશ્ન કર્યો.

ચર્ચિલથી હવે રહેવાયું નહીં. તેણે જડબાતોડ જવાબ આપ્યો કે મુસોલિનીને તેનો જમાઈ આવા વ્યર્થ પ્રશ્ન પૂછે તો તુરત શૂટ કરી દે. છતાં ત્યાં તેની પાસેથી કોઈ જવાબ માંગી શકે નહિ. ત્યારે મારે તો અહીં સંસદનો સામનો કરવો પડે છે !

જમાઈ તો આ જવાબ સાંભળીને ચૂપ જ થઈ ગયો.



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અબ્રાહમ લિંકન

અબ્રાહમ લિંકન અમેરિકાના એક નામાંકિત વકીલ હતા. એમની પાસે એક દિવસ એક અમીર આવ્યો. તેણે લિંકનને કહ્યું : સાહેબ ! એક નોટીસ તૈયાર કરો. એક ખેડૂત પાસે મારે અઢી ડોલરનું લેણું છે. તે ખોટા બહાના કરે છે. એટલે ના છૂટકે મારે નોટીસ તૈયાર કરાવવી પડે છે.

ત્યારે લિંકને કહ્યું : ભાઈ, તમને કદાચ અઢી ડોલર મળ્યા કે ન મળ્યા. તેથી શો ફરક પડવાનો છે. અઢી ડોલરનો કેસ તૈયાર કરી નોટીસ આપવા મારી ફીના દસ ડોલર તમે આપશો ? આવા પૈસા તમે શા માટે બગાડો છો ?

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારે અમીરે કહ્યું : સાહેબ, આમાં પૈસા કરતાં પ્રતિષ્ઠાનો સવાલ છે.

લિંકને કહ્યું : ભલે ત્યારે જેવી તમારી ઈચ્છા. મને ફી પહેલેથી જ આપવી પડશે. અમીરે દશ ડોલર આપ્યા. એટલે લિંકને કહ્યું :હવે કાલે આવજો. નોટીસ તૈયાર કરીને રાખું છું. અમીર ડોલર આપીને ગયો એટલે લિંકને પેલા ખેડૂતને બોલાવ્યો અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂછ્યું કે પેલા અમીરને અઢી ડોલર આપવાના છે એ વાત સાચી છે ! ખેડૂતે હા પાડી પણ પછી તે રડી પડ્યો, તેણે કહ્યું : શું કરું સાહેબ ! મારી પાસે અઢી ડોલર નથી. હું કેવી રીતે આપી શકીશ. હું ખૂબ જ ગરીબ છું.

લિંકન આ સાંભળીને પીગળી ગયા. તેમણે કહ્યું : તું ચિંતા ના કર. તારી સ્થિતિનો ખ્યાલ આવી ગયો છે. લે આ પાંચ ડોલર લઈ જા, એમાંથી અઢી ડોલર અમીરને આપી, એની લેખિત પહોંચ મને આપી જજે. બાકીના અઢી ડોલરનો ઉપયોગ તારા ઘર માટે કરજે. આભારવશ પાંચ ડોલર લઈ ખેડૂત ગયો.

અમીરને અઢી ડોલર આપી પહોંચ લઈ લિંકન સાહેબને આપી દીધી. અઢી ડોલર મળી ગયા એટલે અમીર લિંકન સાહેબને ત્યાં આવ્યો અને કહ્યું :

સાહેબ ! હવે નોટીસ તૈયાર ના કરશો. મને અઢી ડોલર મળી ગયા છે. પછી પેલા અમીરની નજર લિંકનના ટેબલ પર પડી. ત્યાં જ પોતે આપેલી અઢી ડોલરની પહોંચ પોતાની સહીવાળી ત્યાં પડી હતી. એ સમજી ગયો કે લિંકને જ આ બધું કર્યું



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે ત્યાંથી ચૂપચાપ ચાલ્યો ગયો.

## મૂર્ખ કોણ ?

પૅરીસમાં રહેતા પ્રસિદ્ધ ભારતીય ચિત્રકાર હૈદરઅલી રજા જ્યારે પણ આપણા દેશમાં આવે ત્યારે પોતાના ગામમાં જરૂર આવે.

એકવાર તેમણે કોઈ ખેડૂત પાસે સુંદર બળદોની એક જોડી જોઈ. તેમનું મન આ બળદોનું ચિત્ર બનાવવા લલચાયું. ખેડૂતની અનુમતિ લઈને તેમણે બળદોનું સુંદર ચિત્ર બનાવ્યું. એ ચિત્ર લઈને તેઓ પૅરીસ ગયા. ત્યાં કોઈ કલાપ્રેમીએ આ ચિત્ર સોળ હજારમાં ખરીધું.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તે ચિત્રકાર ભારત આવ્યા ત્યારે પોતાના ગામમાં ગયા. અને પેલા ખેડૂતને વાત કરી કે તમારા બળદોનું ચિત્ર પૅરીસમાં ૧૬૦૦૦ રૂ.માં વેચી દીધું. આ સાંભળીને ખેડૂત નવાઈ પામ્યો અને બોલ્યો ગજબ વાત છે. આવા મૂર્ખ લોકોના દેશમાં તમે રહો છો ! આનાથી પણ અર્ધી કિંમતમાં તો હું બળદગાડી સાથે બળદની જોડી ખરીદી શકું તેમ છું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કાલકાચાર્ય

નૂરમણી નગરીમાં કુંભરાજાને દત્ત નામે પુરોહિત મિત્ર હતો, રાજાએ તેને મંત્રી બનાવ્યો. હિંસક યજ્ઞો કરી તેણે ખ્યાતિ મેળવી હતી. તેની ઈચ્છા રાજા થવાની હતી. તેથી પોતાના ઉપકારી એવા કુંભરાજાને કેદ કરી પોતે પોતાને રાજા કહેવડાવવા લાગ્યો.

તે નગરીમાં દત્તના સંસારી મામા કાલકાચાર્ય પધાર્યા. દત્તની મા જૈન ધર્મી હોવાથી તેણીએ દત્તને કહ્યું કે વંદન કરવા જા. ઈચ્છા ન હોવા છતાં માતાનાં આગ્રહથી વંદન કરવા ગયો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

કાલકાચાર્યે તેને અહિંસક યજ્ઞનો ઉપદેશ આપ્યો, પણ આ ઉપદેશની તેને ખાસ અસર થઈ નહીં. ફરી એકવાર તે વંદન કરવા ગયો. ત્યારે તેણે પોતે કરેલા યજ્ઞનું ફળ પૂછવા લાગ્યો.

કાલકાચાર્યે કહ્યું કે દત્ત! તમે જે યજ્ઞ કરી રહ્યા છો તેનું ફળ નિશ્ચિત નરક જ છે. યજ્ઞ સ્તંભ છેદી, પશુઓને મારી અને લોહીનો કિચડ કરી ને જો સ્વર્ગમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવાતું હોય તો પછી નરકમાં કોણ જશે ?

દત્તે કહ્યું : તમારી વાત સાચી શી રીતે મનાય ! ગુરુએ કહ્યું : આજથી સાતમે દીવસે ઘોડાના પગના ડગલાથી ઉડેલી વિષ્ટા તારા મુખમાં પડશે, અને પછી તું લોઢાની કોઠીમાં પુરાઈશ. આ અનુમાનથી તારી અવશ્ય નરકગતિ થશે. એમ તું નક્કી માનજે.

દત્તે કહ્યું કે તો તમારી શી ગતિ થશે ? ગુરુએ કહ્યું કે અમે ધર્મના પ્રભાવે સ્વર્ગે જઈશું. આ પ્રમાણે સાંભળીને ક્રોધ પામેલા દત્તે વિચાર કર્યો કે સાત દિવસની અંદર તેમના કહેવા પ્રમાણે નહીં થાય તો અવશ્ય તેમને હું મારી નાંખીશ. એમ વિચારી કાલકાચાર્યની આસપાસ રાજસેવકોને મૂકી તે નગરમાં આવ્યો.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આખા શહેરના તમામ રસ્તાઓમાંથી અપવિત્ર પદાર્થો કાઢી નખાવી સાફ કરાવ્યા. સર્વ સ્થળે પુષ્પો પાથરી દીધા. પોતે અંતપુરમાં જ રહ્યો. છ દિવસ વીતી ગયા. ત્યારે તેણે ભૂલથી સાત દિવસ વીતી ગયા માની આઠમે દિવસે-ખરું જોતા સાતમે દિવસે તે ઘોડા પર બેસી ગુરુ ને મારવા ચાલ્યો.

તેવામાં કોઈ માળી વૃદ્ધ હોવાથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દસ્તની હાજત થતાં રસ્તામાં વિષ્ટા કરી. તેને ફૂલોથી ઢાંકીને ચાલ્યો ગયો. તેના ઉપર દત્તના ઘોડાનો પગ પડ્યો. તેથી વિષ્ટાનો અંશ ઉછળીને તેના મુખમાં પડ્યો. એટલે ગુરુના વચન ઉપર વિશ્વાસ આવવાથી પાછો ફર્યો.

ત્યાં એકાંત જાણી કુંભરાજાના સેવકોએ તેને પકડી લીધો. કુંભરાજાને કેદમાંથી છોડી ગાદીએ બેસાડ્યો. સામંત રાજાઓએ વિચાર્યું કે જો આ જીવતો રહેશે તો દુઃખદાઈ થશે. તેથી તેને લોઢાની કોઠીમાં નાખ્યો. ત્યાં તે મૃત્યુ પામી નરકે ગયો. શ્રી કાલકાચાર્ય નિરતિચાર ચારિત્ર પાળી સ્વર્ગે ગયા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સાચું સામાયિક

બધા જ પ્રાણીઓ ઉપર સમભાવ રાખવો, આત્મા ઉપર સંયમ રાખવો, આર્ત ધ્યાન-રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો, અને સમભાવની મસ્તીમાં મસ્ત બનવું. એ જ સાચું સામાયિક છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# તમે પણ ફકીર છો

ફરીદ નામનો એક ફકીર હતો. ગામના લોકો તેના પર ખૂબ જ ભક્તિભાવ રાખતા હતા. આ સંત પણ સૌની સાથે આત્મીય ભાવ રાખતા.

એક દિવસ ગામના લોકાએ ભેગા થઈ ફકીરને વિનંતી કરી કે આપને તો અકબર બાદશાહ પણ સન્માન આપે છે. એ તમારી બધી વાતનો સ્વીકાર કરે છે તો આપ અકબરને કહીને ગામમાં એક સ્કૂલ બનાવી દો. સંત ગામ લોકોના આગ્રહને ટાળી ન શક્યા.

એક દિવસ સવારના તેઓ અકબરને મળવા ગયા. ત્યાં તેમણે જોયું તો અકબર પોતાની મસ્જિદમાં નમાજ પઢી રહ્યો હતો. તે સંત ચૂપચાપ પાછળ ઉભા રહી ગયા. અકબરની નમાજ પૂરી થઈ એટલે અકબર હાથ ઉંચા કરીને બોલ્યો : હે ખુદા ! મારા ધનને વધારજો. મારી સુખ-સમૃદ્ધિ વધો, મારું રાજય વૃદ્ધિ પામો.

સંત આ સાંભળીને ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. અકબરે પાછળ જોયું, ફરીદની પાછળ દોડીને અકબરે કહ્યું : તમે કેવી

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે આવ્યા ! અને હવે એકદમ પાછા કેમ જઈ રહ્યા છો !

ફકીરે હસીને કહ્યું તમને સમ્રાટ અકબર સમજીને તમારી પાસે કાંઈક માંગવા માટે આવ્યો હતો. પણ અહીં આવીને જોયું તો તમે પોતે જ ફકીર છો. એક ભીખારી પાસેથી ભીખારીને શું મળી શકે છે ? આ વિચારીને વગર માંગ્યે જ હું અહીંથી પાછો જઈ રહ્યો છું.

## હું ખરીદી લઈશ

એક અમેરીકને ઈંગ્લેન્ડની મુલાકાત દરમ્યાન પોતાના દેશની સમૃદ્ધિની એટલી શેખી મારી કે એ સાંભળીને એક અંગ્રેજે એને ઠેકાણે લાવવાના ઈરાદાથી કહ્યું :

સાંભળ મિત્ર ! ઈંગ્લેન્ડ જેવો કોઈ પૈસાદાર દેશ નથી. અરે, અમારી પાસે એટલું બધું સોનું છે કે અમે એટલાંટિક સાગરની પાર છેક અમેરીકા સુધી સોનાનો પુલ બાંધી શકીએ છીએ.

અમેરીકને જરાય અંજાયા વગર કહ્યું તો બાંધવા માંડો ને ! મને ગમશે તો એ હું ખરીદી લઈશ........!



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિનીત શિષ્ય

એક સિદ્ધ પુરુષને બે શિષ્યો હતા. એક વિનીત હોવાથી શાસ્ત્રમાં કુશળ થયો. બીજો અવિનયી હોવાથી અકુશળ થયો. ગુરુની આજ્ઞાથી તેઓ નજીકના ગામે જતાં રસ્તામાં મોટાં પગલાં જોઈ વિનયી શિષ્યે કહ્યું :

આ કોના પગલા છે ? અવિનયી શિષ્યે કહ્યું કે મોટા પગલા તો હાથીના જ હોય. એટલું પણ તું નથી જાણતો ! ત્યારે વિનીત શિષ્યે કહ્યું : હાથી નહિ પણ હાથીણીના છે. તે ડાબી આંખે કાણી છે. તેની ઉપર બેસીને કોઈ રાજરાણી જાય છે. તેનો ધણી તેની સાથે છે. તેને પુત્રની પ્રસુતિ થવાની તૈયારી છે.

ત્યારે અવિનીતે કહ્યું કે આવું કેમ જાણ્યું ? ખાલી ગપ્પા મારે છે. તેણે કહ્યું: કે મેં જ્ઞાનથી જાણ્યું છે. સાચા ખોટાની આગળ જતાં ખબર જરૂર પડશે. ગામમાં પહોંચતાં જ તેઓ સરોવરને કાંઠે રાણીને રહેવાનો રાજમહેલ જોયો. તેની પાસે ડાબી આંખે કાણી હાથીણી પણ જોઈ. એક દાસીએ



JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્ર જન્મની વધામણી રાજાને આપતાં સાંભળી.

ત્યારે અવિનીતે કહ્યું : તારું કહેવું બરાબર છે. પછી તેઓ સરોવરને કિનારે બેઠા. ત્યાં કોઈ વૃદ્ધ સ્ત્રીએ તેમને વિદ્વાન જાણી પૂછ્યું કે મારો પુત્ર દેશાંતર ગયેલો છે તે ક્યારે પાછો આવશે ? તે જ વખતે તેના માથા ઉપરથી ઘડો પડી ગયો.

તે જોઈ અવિનીતે કહ્યું કે તારો પુત્ર મરી ગયો છે. વિનીતે કહ્યું કે હે માતા ! તમે ઘરે જશો એટલે પુત્રનું મુખ જોશો. તે સાંભળી ડોશી ઘરે ગઈ. પુત્રને જોઈ ખૂબ રાજી થઈ. પુત્રે માતાના પગમાં પડી પ્રણામ કર્યા. ડોશીએ પેલા વિનીત શિષ્યને પોતાના પુત્ર દ્વારા ઘણું ધન તથા વસ્ત્ર અપાવ્યા.

અવિનીત શિષ્ય મનમાં દુઃખી થતો વિચારવા લાગ્યો કે ગુરુએ મને બરાબર ભણાવ્યો નહીં. તેથી ગુરુ પાસે આવી તેમને નમ્યા વગર અક્કડ થઈ ઉભો રહ્યો. જ્યારે વિનીત શિષ્ય ગુરુના ચરણોંમાં માંથું મૂકી પ્રણામ કરી ઉભો રહ્યો. અવિનીત શિષ્યે ગુરુને ઠપકો આપી કહ્યું કે તમે મને ભણાવ્યો નહીં અને આને ભણાવ્યો. તેથી તે બધું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણી શકે છે. ત્યારે ગુરુએ વિનીત શિષ્યને પૂછ્યું :

હે વત્સ ! તે કેવી રીતે જાણ્યું ? તે કહે. તેણે કહ્યું કે મેં બારીકાઈથી તપાસ કરતાં હાથીણીના પગલા જાણ્યા. તેણે જમણી બાજુના વેલા ખાધા જાણી તે કાણી છે એમ લાગ્યું. હાથીણી ઉપર બેસી રાજા રાણી વિના કોણ જાય ? તથા તેણીએ ઉતરી પેશાબ કરેલું તેમ જ પગલાના ચિન્હથી રાણી જાણી. વૃક્ષ પર લાગેલા રાતા ટુકડાને જાણી તે સધવા લાગી. ને હાથ જમીન પર પડેલો જોઈ ગર્ભવંતી જાણી. પગે ચાલતાં ડાબો પગ પહેલો પડેલો જાણી તેને પુત્ર થશે એમ જાણ્યું. વળી વૃદ્ધ સ્ત્રીનો ઘડો માથા પરથી પડી જતાં જ્યાંથી ઉત્પન્ન થયો ત્યાં જ માટીમાં મળી ગયો જાણી તેનો પુત્ર આજે મળવો જોઈએ. એમ તેના પૂછવાથી કહ્યું તે જાણી ગુરુ ખુશ થયા.

અવિનીત શિષ્યને કહ્યું કે મેં તમને બંનેને સાથે જ અભ્યાસ કરાવ્યો છે. તે વિનયથી જ્ઞાન વૃદ્ધિ કરી શક્યો છે. અને તું અવિનીત હોવાથી જ્ઞાન વૃદ્ધિ કરી શક્યો નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# બંધનથી મુક્તિ

આખી ઉજ્જૈનીના લોકો આજે ગામના પૂર્વ દરવાજે ટોળે વળ્યા છે. બધાના મોઢા ઉપર શોક અને કુતુહલની મિશ્ર લાગણીઓ નજરે પડે છે. બ્રાહ્મણોના વચનો પરથી શ્રી ભક્તામર સ્તોત્રનો મહિમા જાણ-વાની ઈચ્છાવાળા રાજા ભોજે ત્રણ દિવસના ઉપવાસ પછી દોરડાના સખ્ત બંધનોથી બાંધી પાણી વિનાના એક ઉંડા અને અંધારા કૂવામાં દેવચંદ શેઠને ઉતાર્યા છે.

દેવચંદ શેઠ હતા તો વૃદ્ધ પણ તેમની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અચલ હતી. કોઈ દેવ પણ તેમની શ્રદ્ધાને ડગાવી શકે તેમ ન હતો. આજે તેવી જ આકરી કસોટી થઈ રહી હતી. અંધારા કૂવામાં ઉતાર્યા છતાંયે દેવચંદ શેઠ તો શાંત હતા. તેમનું ધ્યાન તો શ્રી ભક્તામરના શ્લોકમાં હતું. એક ચિત્તે તેનું સ્મરણ કરતાં હતા.

પૃથ્વી પર ધીરે-ધીરે અંધકાર છવાઈ રહ્યો હતો, લોકોના ટોળા પણ ઘર તરફ રવાના થયા. દેવચંદ શેઠ શ્રી ભક્તામરના ધ્યાનમાં લીન બની ગયા છે. ત્યાં જ અંધારા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૂવામાં એકદમ પ્રકાશ ફેલાઈ ગયો. એક કોમળ અવાજ સંભળાયો. માંગ-માંગ શું જોઈએ છે !

શેઠે ધ્યાન પૂર્ણ કર્યું. ઉંચી નજર કરી તો પ્રત્યક્ષ તેજ તેજના અંબાર સરખી દેવીને નિહાળી. શેઠે આંખો બંધ કરી તો થોડીવારમાં તેમના દોરડાના બંધનો તૂટી ગયા. અંધકારને બદલે પ્રકાશ ફેલાઈ ગયો, કૂવાના સાંકડા તળીયાને બદલે વિશાળ સુશોભિત સ્થળ બની ગયું. દેવી અલંકારોથી શેઠની કાયા વિશેષ સુશોભિત બની ગઈ.

આજે પથારીમાં પડ્યા પડ્યા રાજા ભોજને નિદ્રા આવતી નથી. પેટની મહાવ્યાધિ ઉત્પન્ન થયો છે. ઘણાં વૈદ્યો હકીમોએ પ્રયત્નો કર્યા છતાંય વ્યાધિ શમતો નથી. રાત દિવસ રાજા પીડાય છે. એક વૃદ્ધ પુરુષે કહ્યું : મહારાજ! કદાચ દેવચંદ શેઠના ઉપચારથી આપનો વ્યાધિ મટે ! રાજાએ માણસો મોકલ્યા. જાઓ, એમના બંધનો તોડી નાંખો અને કૂવામાંથી બહાર કાઢી તુરત જ માનપૂર્વક અહીં લાવો.

રાજાના હુકમથી રાજાના માણસો દોડ્યા.. મોટા મોટા દોરડા લીધા અને શેઠને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહાર કાઢવા કોશ જોડ્યા. અને દેવચંદ શેઠના નામનો અવાજ કર્યો. થોડીવારે કોઈની પણ સહાય વિના આનંદિત ચેહરે શેઠ બહાર આવ્યા. પોતાની જાતે જ ઉપર આવેલા શેઠને જોઈને લોકો નવાઈ પામ્યા. તેમના શરીર ઉપરના અલંકાર જોઈ લોકો હર્ષના પોકાર કરવા લાગ્યા. તેમના દુશ્મનો પણ તેમની પ્રશંસા કરવા લાગ્યા.

રાજાની પાસે જઈને શેઠે નમસ્કાર કર્યા. રાજા પણ આ સ્થિતિ જોઈ આશ્ચર્ય પામ્યો. જયારે તેણે જાણ્યું કે આ બધો પ્રભાવ શ્રી ભકતામર સ્તોત્રનો છે. ત્યારે તેને ખૂબ આનંદ થયો અને પ્રશંસા કરી.

શેઠને પોતાના વ્યાધિનો ઉપાય પૂછ્યો. શેઠે શ્રી ભક્તામરના પ્રથમ બે શ્લોકોનું જ શુદ્ધ ચિત્તે સ્મરણ કરી, અંજલી ભરી પાણી છાંટ્યું. રાજાનો વ્યાધિ શાંત થયો. તેના બે શ્લોકોનો આવો મહિમા છે. તો પછી આખા સ્તોત્રનો તો કેટલો મહિમા હોવો જોઈએ ! રાજાએ તેમની પ્રશંસા કરી. શ્રી ભક્તામર સ્તોત્રનો અભ્યાસ શરૂ કર્યો. જૈન ધર્મ પ્રત્યે તેને પ્રિતી થઈ. જૈન ધર્મનો જયજયકાર થયો.



जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નકલ ભારે પડી

જેમલો ધોબી ગામ આખાના કપડાં ધૂએ. એક વખત મધરાતે જોરદાર કૂતરાનો ભસવાનો અવાજ સાંભળી લાકડી લઈ બહાર ધસી આવ્યો. જોયું તો ચોરો કપડાના ગાંસડા ભરી લઈ જવાની તૈયારીમાં હતા.

ચોર ચોર બૂમો પાડતાં ચોરો ભાગી ગયા. હજારો રૂપિયાના કપડા ચોરાતા રહી ગયા. જેમલાએ કહ્યું : ખરેખર કૂતરાએ મારી લાજ રાખી. નહીં તો દુનિયાને મોઢું બતાવવું ભારે થઈ જાત. બીજે દિવસે કૂતરાને પેટ ભરી મિઠાઈ ખવડાવી. આ બધું નાટક જેમલાનો ગધેડો રાતથી જોતો હતો. એને થયું રાતના અર્ધો કલાક ભસીને કૂતરાએ આટલી બધી મિઠાઈ મેળવી. મારે પણ મિઠાઈ ખાવી છે.

એમ વિચારી મધરાતે ગધેડાએ ભુંકવાનું ચાલુ કરી દીધું. જેમલાની આંખ માંડ મળી હતી. ત્યાં ગધેડાએ હોંચી હોંચી કરીને ઉંઘ ઉડાડી દીધી. જેમલો દંડો લઈને બહાર આવ્યો, કસમયે ભસવા બદલ ગધેડાને ઢીબી નાખ્યો. નકલ કરી પણ ભારે પડી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચક્રેશ્વરી પ્રગટ થયા

વસંતપુરમાં કેશવદત્ત નામે એક વણિક રહેતો હતો. તે બહુ જ નિર્ધન અને અધર્મી હતો. એક ટંકનુ ભોજન કરવાના પણ સાંસા હતા. એક દિવસ કોઈ પ્રભાવશાળી મહાત્મા એ જ નગરમાં પધાર્યા. ગામ લોકોની સાથે કેશવદત્ત પણ મુનિનો ઉપદેશ સાંભળવા ગયો.

મુનિના ઉપદેશથી કેશવદત્તને ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગી. મુનિના કહેવાથી નિરંતર તે શ્રી ભક્તામર સ્તોત્રનો પાઠ કરવા લાગ્યો. ધીરે ધીરે તેના ઘરમાંથી નિર્ધનતા ઓછી થવા લાગી. થોડા પૈસા બચાવી તે પરદેશમાં વધારે ધન કમાવા ગયો.

એક દિવસ રસ્તામાં તેને એક ઠગ મળી ગયો. તે ઠગ ચાલાક અને બોલવામાં મીઠો હતો. તેણે કેશવદત્ત ને કહ્યું કે જો ભાઈ ! હું પણ તારા જેવો જ ગરીબ છું. અને પૈસા કમાવા નીકળ્યો છું પરંતુ તપાસ કરતાં મને એક કૂવો મળ્યો છે. તેમાં એક પ્રકારનો એવો રસ છે કે જો લોઢા ઉપર તે રસ છાંટીએ તો સોનું થઈ જાય. માટે જો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમે એ કુવામાં ઉતરીને આ તુંબડી રસથી ભરી આવો તો આપણા બંનેનું દારિદ્ર દૂર થાય.

ઠગના લાલચભર્યા વચનો સાંભળીને કેશવદત્ત કૂવામાં ઉતરવા તૈયાર થયો. કેડે એક દોરડું બાંધ્યું અને એક છેડો ઠગના હાથમાં આપ્યો. ધીમે ધીમે દોરડાની મદદથી તેણે નીચે ઉતરી રસથી તુંબડું ભરી લીધું. પછી ઠગે દોરડું ખેચ્યું. કેશવદત્ત લગભગ ઉપર આવી ગયો. એટલે ઠગે કહ્યું કે તું મને તુંબડું આપ પછી તને ઉપર ખેંચી લઉં. કારણ કે તુંબડીમાંથી રસ ઢોળાઈ જાય તો ફરી મહેનત કરવી પડે.

ભોળો કેશવદત્ત ઠગની લુચ્ચાઈ સમજયો નહીં અને તુંબડું ઠગના હાથમાં આપ્યું. એટલે ઠગે દોરડું છોડી દીધું. બિચારો કેશવદત્ત સીધો કૂવાના તળીયે જઈ પડ્યો. સીધો પડવાથી બહુ વાગ્યું નહિ. પરંતુ મુંઝાવા લાગ્યો. અનેક દેવ-દેવીઓને પોતાના દુઃખમાંથી મુકત કરવા પ્રાર્થના કરવા લાગ્યો.

ત્યાં જ તેને ભક્તામરનું સ્મરણ યાદ આવ્યું અને તેના ૮-૯માં શ્લોકનું ચિંતવન કરવા લાગ્યો. એક ચિત્તે આરાધન કરતાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાક્ષાત્ ચક્રેશ્વરી દેવી પ્રગટ થયા. અને તેને કૂવામાંથી બહાર કાઢ્યો. તેનું દારિદ્ર દૂર કરવા અનેક રત્નો આપી તેને સહી સલામત વસંતપુર પહોંચાડ્યો.

## સંબંધ

જન્મ, મરણ, વેવિશાળ, લગ્ન વગેરેની ક્રિયા કરાવનાર એક ગોરના ઘરની બરાબર બાજુમાં એક ગધેડો મરી ગયો.

ગોરે મ્યુનિસિપાલિટીની ઓફિસે ફોન કરી જણાવ્યું કે હું ગૌરીશંકર ગોર બોલું છું. મારા ઘરની બાજુમાં એક ગધેડો મરી ગયો છે. તો તેના શબની વ્યવસ્થા કરો. ફોન ઉપાડનાર કોઈ મશ્કરો હતો. તેણે તરતજ જવાબ આપ્યો કે મરનારની ઉત્તર ક્રિયા તો આપ કરો છો. તો પછી એના સમાચાર અહીં શું કામ આપો છો ? તેની જે વિધિ કરવાની હોય તે આપ બરાબર કરી લો.

ગોરે વળતો જવાબ આપ્યો કે એ તો હું પતાવી દઈશ. પરંતુ મરનારના સગા સંબંધીઓને સમાચાર તો આપવા જ પડે ને ! એટલે જ મેં તમને ફોન કર્યો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પિશાચ દૂર થયો

ચંપા નગરીમાં ધુરસેન નામે એક રાજા હતો. તે ખૂબજ દયાવાન અને નીતિવાન હતો. તેને ગુણચંદ્ર નામે એક પ્રધાન હતો. તે પણ બહુ જ ગુણવાન અને ન્યાયી હોવાથી રાજા-પ્રજા બંનેને પ્રિય હતો.

એક વખત અચાનક રાજા ધૂરસેનને કોઈ કારણસર એક પિશાચ વળગ્યો. તેથી રાજા લગભગ બેભાન રહેવા લાગ્યો. અને ક્યારેક તે અયોગ્ય કામ પણ કરી બેસતો.

આ પિશાચને કાઢવા મંત્રીએ ઘણા ઉપાયો કર્યા. પણ પિશાચ નિકળ્યો નહિ. રાજા તથા મંત્રી ખૂબ મુંઝાવા લાગ્યા.... એવામાં એક વખત તે નગરીમાં એક મુનિ પધાર્યા. સૌ તેમનો ઉપદેશ સાંભળવા ગયા. લોકોએ મંત્રીને કહ્યું કે જો આ મુનિને વિનંતી કરવામાં આવે તો તેઓ જરૂર રાજાને વળગેલા પિશાચને કાઢી શકે.

મંત્રીએ તરત જ મુનિ પાસે જઈને વિનંતી કરી કે આપ આ રાજાનો પિશાચ દૂર કરશો તો જૈન ધર્મનો મહિમા વધશે. માટે આપ આટલી કૃપા કરો.... મંત્રીના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચનો સાંભળી આ કાર્ય પરિણામે ફલદાયક છે એમ જાણી મુનિએ તેમને બીજા દિવસે આવવાનું કહ્યું.

રાત્રે મુનિએ શ્રી ભક્તામર સ્તોત્રના ૧૫મા શ્લોકની આરાધના વડે શાસન દેવીને બોલાવી અને રાજાના આ દુઃખનો ઉપાય પૂછ્યો. ત્યારે દેવીએ કહ્યું કે આ જ ૧૫મા શ્લોકનું ચિંતવન કરી આ રાખની ચપટીથી રાજાના કપાળમાં ચાંદલો કરજો એટલે રાજા તે દુઃખથી મુક્ત થશે.

બીજે દિવસે રાજા-મંત્રી વગરે નગરજનો સૌ મુનિ પાસે આવ્યા. મુનિએ રાખની ચપટી ભરી ૧૫મા શ્લોકનું ચિંતવન કરી રાજાના કપાળમાં તિલક કર્યું કે તરત જ રાજાને શાંતિ થઈ ગઈ. રાજાએ હર્ષવિભોર બનીને જૈન ધર્મની ખૂબ જ પ્રશંસા કરી.

આ ચમત્કારથી નગરજનો આશ્ચર્ય પામ્યા. રાજા પ્રજા સૌને જૈનધર્મ ઉપર શ્રદ્ધા થઈ. સૌ મુનિને વંદન કરી નગરમાં પાછા ફર્યા.

કહેવું સૌને ગમે છે, પણ સાંભળવું કોઈને ગમતું નથી. કડક શબ્દો બોલવા ગમે છે, પણ સાંભળવવા ગમતાં નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વાદમાં વિજય

કુંદનપુરના રાજા દેવધરની સભામાં આજે બૌદ્ધ મુનિ અને જૈન મુનિ વાદ વિવાદ કરવાના છે. આ વાત સાંભળી ઘણા લોકો રાજસભામાં ભેગા થયા છે. સમય થતાં રાજા આવ્યો. સભાજનોના પ્રણામ ઝિલતો-ઝિલતો તે પોતાના સિંહાસન ઉપર બેઠો.

આ તરફ બૌદ્ધ મુનિ શ્રી પ્રજ્ઞાકર અને જૈન મુનિ શ્રી મતિસાગર પણ રાજાની આજ્ઞા થતાં શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા. ત્યારે શ્રી મતિસાગરે પ્રથમ એકચિત્તે શ્રી ભક્તામર સ્તોત્ર ના ૨૨મા શ્લોકનું ચિંતવન કરી દેવના આશીર્વાદ મેળવ્યા. પછી શ્રી પ્રજ્ઞાકર સાથે વાદવિવાદ શરૂ કર્યો. તેમાં બૌદ્ધમતના એકાંતવાદ ને ઘણી દલીલો વડે તોડીને જૈન ધર્મના અનેકાન્તવાદને સિદ્ધ કર્યો. આથી રાજા વગેરે સૌ ખુશ થયા. અને જૈન ધર્મની શ્રેષ્ઠતા સ્વીકારી.

પોતાનુ અપમાન થવાથી શરમાયેલા બૌદ્ધ મુનિ શ્રી પ્રજ્ઞાકર ત્યાંથી ચાલ્યા ગયા. અને આ અપમાનનું વેર લેવા તે ઉપાય શોધવા લાગ્યા. પરંતુ તેવામાં તે અચાનક



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ મૃત્યુ પામ્યા અને યક્ષપણે ઉત્પન્ન થયા. અને તે યક્ષ રાજા દેવધરને અનેક ચમત્કારો દેખાડી પોતાની પૂજા કરાવવા લાગ્યો.

વળી નગરમાં બધા જૈનોને હેરાન કરવા લાગ્યો. ઘણા દિવસે એ જ શ્રી મતિસાગર મુનિ પાછા કુંદનપુરમાં આવી પહોંચ્યા. નગરના જૈનોએ યક્ષ તરફથી થતી હેરાનગતિ મુનિને કહી સંભળાવી.

તેથી શ્રી મતિસાગર મુનિએ ૨ ૨મા શ્લોકનું સ્મરણ કર્યું. યક્ષના મંદિરે જઈ યક્ષની પ્રતિમા સામે પગ કરીને સૂઈ ગયા. આથી યક્ષ ઘણો જ કોપાયમાન થઈ અનેક પ્રકારના ભયો બતાવવા લાગ્યો. પણ શ્રી મતિસાગર મુનિ જરાય પણ ડર્યા નહીં અંતે થાકીને યક્ષે રાજાને કહ્યું :

હે રાજન ! જે દેવની તમે પૂજા કરો છો, જેનાથી તમે સુખી છો તે દેવની એક જૈન મુનિ અવગણના કરે તે ઠીક નથી. રાજા આ સાંભળી એકદમ રોષે ભરાયો. અને તે મુનિને પકડી લાવવા તરત જ માણસો મોકલ્યા.

ઘણાં માણસો પકડવા જાય છે. પરંતુ જનારા આંધળા થઈ જવાથી મુનિને



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પકડી શકતા નથી. આથી તેઓ ચારે બાજુ ફટકા મારવા માંડ્યા. પરંતુ તે ફટકા મુનિને લાગવાને બદલે રાજાની પીઠ ઉપર લાગવા માંડ્યા. તેથી રાજા બૂમાબૂમ કરવા લાગ્યો. અને બીજા માણસોને મોકલીને મુનિને માર મારતા બંધ કરાવ્યા.

રાજા આ ચમત્કારથી મુનિના દર્શન માટે ઘણાં લોકો સાથે યક્ષના મંદિરે ગયો. અને શ્રી મતિસાગરના ચરણોંમાં નમી પડ્યો. ત્યારે મતિસાગરે શાસ્ત્રાર્થ વખતે થયેલ હારને યાદ કરીને પહેલાનું વૈર લેવા શ્રી પ્રજ્ઞાકર કેવી રીતે યક્ષ થઈ લોકોને હેરાન કરે છે તે કહી બતાવ્યું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આથી રાજા ઘણો નવાઈ પામ્યો. અને જૈન ધર્મ સ્વીકારી યક્ષ મંદિરના બદલે જિન ચૈત્ય બંધાવી ભક્તિ પૂર્વક સેવા-પૂજા કરવા લાગ્યો.

ચતુર્વિધ સંઘ એ મહાન તીર્થ છે. માટે જ આ તીર્થને તીર્થંકરો પણ નમસ્કાર કરે છે.
તીર્થંકરોએ આપણને જ્ઞાન, દર્શન, ચારિત્રનો સર્વ શ્રેષ્ઠ માર્ગ ચીંધ્યો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વ્યંતર ભાગી ગયો

વસંત ઋતુ હતી. ઉપવનમાં આજે સૂર્યપુર નગરનો રાજા અજિતસિંહ પોતાની પટ્ટરાણીઓ સહિત વસંત ઉત્સવ ઉજવવા આવ્યો હતો. રાણીઓ તો આવા મીઠા આનંદને અનુભવવા ઉપવનમાં ચારે તરફ ફરતી અને મનગમતા ફૂલો ચુંટતી.

તેવામાં તેમની નજરે એક પત્થર આવ્યો. તેના ઉપર સિંદૂર અને તેલ ચઢાવેલું હતું. તેલની ચિકાસથી આખો પત્થર ગંદો દેખાતો હતો. એટલે એક રાણીને સૂગ ચઢી અને તેના ઉપર થૂંકી. થોડીવારે બીજી રાણીઓ પણ થૂંકી. પરંતુ એકાએક આ શું !

બધી રાણીઓ ગોળ-ગોળ ફરવા લાગી. હસતી જાય, ચાળા કરતી જાય ને ગાતી જાય. ફરતી બંધ જ ન થાય. ખૂબ ફર્યા પછી ગાંડાની જેમ દોડવા લાગી. રાજા-મંત્રીઓએ આ જોયું. તેમને લાગ્યું કે તેઓ આનંદ કરતાં હશે. પણ જ્યારે મર્યાદા પણ સચવાવા ન લાગી ત્યારે લાગ્યું કે નકકી કંઈક વળગાડ વળગ્યો લાગે છે. ખરેખર હતું પણ તેમ જ.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે પત્થર પર તે થૂંકી હતી. તે પત્થરમાં એક વ્યંતરનો વાસ હતો. એટલે તે રાણીઓને વળગ્યો હતો.

ચારે તરફ આનંદ હતો. ત્યાં ભંગાણ પડ્યું. સૌ ચિંતામાં પડ્યા. તરત જ મંત્ર-તંત્રના જાણનારાઓને બોલાવ્યા. ખૂબ ધૂપ-ધુમાડા કર્યા. અનેક પ્રકારના મંત્રોના જાપ કર્યા. ભુવાઓ ધૂણવા લાગ્યા. પણ વ્યંતર જરાયે શાંત ન થયો. એટલે રાજા મુંઝાયો. હવે શું ઉપાય કરવો !

તે વખતે અચાનક શ્રી શાંતિકીર્તિ મુનિ વિહાર કરતાં પોતાના શિષ્યો સાથે સૂર્યપુરમાં પધાર્યા. તેઓ આ ઉપવન પાસેથી પસાર થતાં, થાક લાગવાથી એક ઝાડ નીચે આરામ કરવા બેઠા. ત્યાં જ રાજાના માણસોએ શ્રી શાંતિકીર્તિ મુનિને જોયા. અને કદાચ આ મુનિ પણ ઉપચાર જાણતા હશે. એમ ધારીને તેઓ રાજા પાસે જઈ મુનિઓ પધાર્યાની વાત કરી.

આપની આજ્ઞા હોય તો તેઓને વિનંતી કરીએ. રાજા પોતે માણસો સાથે શ્રી શાંતિકીર્તિ મુનિ પાસે આવ્યો. વંદન કરી પોતાની મુશ્કેલીઓ જણાવી. મુનિએ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણામે લાભ જાણી. ત્યાં જ શાંત ચિત્તે શ્રી ભક્તામરના ૨૪-૨૫ શ્લોકોનું સ્મરણ કરી એક લોટો પાણી એ બે શ્લોકો વડે મંત્રી આપ્યો.

રાજાએ મંત્રેલું પાણી રાણીઓ ઉપર છાંટ્યું. વળગેલો વ્યંતર ચીસ પાડી નાસી ગયો. રાજા આ ચમત્કારથી ખૂબ નવાઈ પામ્યો. તેણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને શ્રી શાંતિકીર્તિ મુનિ પાસેથી શ્રી ભક્તામર સ્તોત્રનો વિધિપૂર્વક અભ્યાસ કર્યો. સૌ આનંદથી પાછા નગરમાં આવ્યા.

## સત્સંગ

આકાશમાંથી પડેલું વરસાદનાં પાણીનું ટીપું સરોવરમાં પડતાં મીઠું બની જાય છે, સાગરમાં પડતાં ખારું બની જાય છે. ગંગા નદીમાં પડતાં પવિત્ર બની જાય છે. ખાબોચીયામાં પડતાં ગંદુ બની જાય છે અને કાળું માછલીના પેટમાં જતાં મોતી બની જાય છે.

તેમ માનવી જેવો સંગ કરે તેવો જ તેને રંગ લાગે છે. માટે હંમેશા સત્સંગ કરવો જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## રોગ નાશ પામ્યો

ધારા નગરીનો રાજા વિજયપાલ ન્યાયી અને ઉદાર હતો. તેને રૂપકુમારી નામે એક સ્વરૂપવાન કુંવરી હતી. એકની એક પુત્રી હોવાથી તે ખૂબ લાડમાં ઉછરેલી. તેથી કુંવરી અભિમાની બની ગઈ હતી, પોતાના કરતાં સૌને હલકા ગણતી અને તિરસ્કાર કરતી.

એક વખત તે પોતાની સખીઓ સાથે નગર બહારના ઉદ્યાનમાં ફરવા ગઈ. ત્યાં ધ્યાનસ્થ મુનિને જોઈ મશ્કરી કરી, બોલવા લાગી કે હે સખી! આ મુનિ તો કેવો ગંદો છે કદી ન્હાતો-ધોતો નથી લાગતો. શરીર પર કેટલો મેલ જામેલો છે. તેનું શરીર પુરા વસ્ત્રથી ઢાંકેલું પણ નથી. મનુષ્યના રૂપમાં પશુ લાગે છે. મને તો સૂગ ચઢે છે. માટે અહીંથી જતાં રહીએ. જતાં જતાં ખૂબ પત્થર-કાંકરા-ધૂળથી મુનિના શરીને ઢાંકી દીધું.

ઘરે પહોંચતાની સાથે જ રૂપકુમારીનું શરીર બેડોળ થઈ ગયું, આંખો ઉંડી પેસી ગઈ, હોઠ મરડાઈ ગયા, નાક બેસી ગયું.

જૈન સાઇટ JAINSITE .com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ રીતે આખા શરીરનું સ્વરૂપ બદલાઈ ગયું.

રાજા રાણી આ જોઈ નવાઈ પામ્યા. અને પુત્રીને વારંવાર પૂછવા લાગ્યા કે તે કોઈ દેવ-દેવીના સ્થાનની અથવા કોઈ મહાપુરૂષની અવગણના કરી છે ? કુંવરી તો ભયને લીધે કાંઈ બોલી શકી નહીં. પરંતુ દાસીએ કહ્યું કે હે મહારાજ ! અમે આજે ઉદ્યાનમાં ફરવા ગયા હતાં, ત્યાં ધ્યાનસ્થ રહેલા એક મુનિનુ અપમાન કર્યુ હતું, એ સીવાય કોઈ દેવ-દેવીના સ્થાને ગયા નથી.

રાજા આ સાંભળી બોલ્યો કે પવિત્ર મુનિને સતાવવાનું જ આ ફળ છે, માટે ચાલો જલ્દી મુનિ પાસે જઈ આપણાં અપરાધની માફી માંગીએ.

થોડીવારે રાજા, રાણી, રૂપકુમારી સૌ લોકો ઉદ્યાનમાં આવી પહોંચ્યાં, ત્યાં મુનિને ધ્યાનમાં રહેલાં જોયા. મુનિની આસપાસ પત્થરો અને ધૂળનાં ઢગલા જોઈ રાજા રડી પડ્યો. પત્થરો વગેરે દૂર કર્યા. મુનિએ ધ્યાન પૂર્ણ કર્યું. કુંવરીએ મુનિની ખૂબ ક્ષમા માંગી. રાજા-રાણી સૌ મુનિને ખમાવવા લાગ્યા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિએ શાંત ચિત્તે રાજાને કહ્યું : આમાં કોઈનો દોષ નથી. કરેલા કર્મો સૌને ભોગવવા જ પડે છે, પણ પ્રચંડ પાપના ફળ તો તરત જ ભોગવવા પડે છે. માટે ધર્મનું જ એક શરણ સ્વીકારવું એ જ એક શ્રેષ્ઠ ઉપાય છે.

રૂપકુમારીની વ્યાધિ મટાડવા રાજાએ મુનિને વિનંતી કરી. મુનિએ શ્રી ભક્તામર સ્તોત્રની ૨૮-૨૯મી ગાથાનું શુદ્ધ ભાવે સ્મરણ કર્યું. ત્યાર બાદ રાજા-રાણીને સમજાવતાં કહ્યું કે બે શ્લોકનું વિધિપૂર્વકનું આરાધન બતાવી ત્રણ દિવસ તેમના દેહ પર પાણી છાંટશો તો આ વ્યાધી દૂર થશે, એમ કહી મુનિ તો ફરી ધ્યાનમાં લીન બની ગયા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

રાજાએ એ પ્રમાણે ત્રણ દિવસ આરાધના વડે રૂપકુમારીનો રોગ મટાડ્યો. આથી ઘણા લોકો આ શ્રી ભક્તામર સ્તોત્રનું આરાધન કરવા લાગ્યા. રાજા રાણી પણ ચુસ્ત જૈન ધર્મી બની ગયા.

નવપદનું ધ્યાન કરવા માટે આપણું હૃદય કમળ જેવું કોમળ અને નિર્મળ હોવું જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બળતરીયો તાવ

ગંગા નદીના કીનારે પાંતલપુરનું નાનું રાજય હતું. ત્યાંનો રાજા ભીમસેન દયાળુ અને પ્રજાને સુખ આપનારો હતો. પ્રજા પણ રાજા પ્રત્યે ખૂબ પ્રેમ રાખતી હતી.

રાજાનો વૈભવ ઘણો હતો, પણ તેના શરીરમાં એક પ્રકારનો દાહજવર (બળતરીયો તાવ) ઉત્પન્ન થવાથી એ બહુ જ પીડા પામતો હતો. તેથી રાજયનો વૈભવ પણ તેને કંટાળા રૂપ થઈ પડ્યો હતો. ઘણા વૈદ્યો હકીમોના ઉપચારો કર્યા છતાં રાજાનો દાહજવર કોઈ મટાડી શક્યું નહીં. તેથી કંટાળેલો રાજા મરવા માટે તૈયાર થયો. ઘણા લોકોએ સમજાવવા છતાં રાજાએ હઠ છોડી નહીં,

ત્યારે ગામ બહાર એક મોટી ચિતા તૈયાર કરાવી રાજા ત્યાં આવી પહોંચ્યો. એક તરફ ભડ-ભડ અગ્નિ સળગે છે. લાખો નગરવાસીઓ ચોધાર આંસુએ રડે છે, રાજા ચિત્તામાં કૂદી પડવાની તૈયારી કરે છે. તેવામાં ઘણે દૂરથી વિહાર કરતાં જૈન મુનિ ત્યાં આવી પહોંચ્યા, અને કહેવા લાગ્યા:

હે રાજન ! એવી રીતે મરવાથી બીજા



JAINSITE.com जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક ભવો પણ દુઃખમાં જ ભોગવવા પડે છે. માટે આવું અકાર્ય કરવું યોગ્ય નથી. મુનિના પવિત્ર વચનોથી રાજાએ આપઘાત કરવાનું બંધ રાખ્યું અને મુનિના ચરણોમાં પડી અત્યંત વેદનાથી રડવા લાગ્યો.

મુનિએ લાભનું કારણ જાણી રાજાને શ્રી ભક્તામર સ્તોત્રના ૩૪-૩૫ એ બે શ્લોકો વડે મંત્રેલું પાણી છાંટ્યું, તેથી રાજાને શાંતિ થઈ. પછી આનંદથી રાજા-મુનિરાજ તથા નગરવાસીઓ ગામમાં આવ્યા.

મુનિએ રાજાને ફરી મંત્રેલુ પાણી છાંટ્યું. પહેલા કરતાં રાજાને ખૂબ શાંતિ થઈ. મુનિએ રાજાને પોતાની પાસે ત્રણ વખત આવવાનુ કહ્યું. રાજા પણ દિવસમાં ત્રણ વખત જવા લાગ્યો. ત્રણ દિવસ મંત્રેલું પાણી છાંટવાથી રાજાનો દાહ જ્વર નાશ પામ્યો. આથી રાજા બાર વ્રત સ્વીકારી સાચો જૈન બન્યો, અને અનેક લોકોએ પણ જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

એક વખત રાજા મહેલની અગાશીમાં બેઠો છે. સંધ્યા પૂર બહારમાં ખીલી છે, અને થોડી જ વારમાં સંધ્યા અંધકારમાં ફેલાઈ ગઈ. આ જોઈ રાજાને વૈરાગ્ય થયો,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે ખરેખર આ જીવન પણ સંધ્યાના રંગ જેવું ક્ષણિક છે, તો શા માટે તેનો ઉપયોગ ન કરી લેવો ! એમ વિચારી પોતાના પુત્રને રાજ્ય સોંપી રાજાએ ચારિત્ર અંગીકાર કર્યું.

## દીવાલની જેમ વર્તો

તરૂણ અને અરૂણ નામના બે વિદ્યાર્થીઓ ઝઘડતા પ્રિન્સીપાલ પાસે પહોંચ્યા. તરૂણે ફરિયાદ કરી કે સાહેબ : આ અરૂણે મને ગાળ આપી. અરૂણે કહ્યું : સાહેબ , તરૂણે મને ગાળ આપી.

પ્રિન્સીપાલ સાહેબ શાણા અને સમજુ હતા. તેમણે તે બન્નેને પૂછ્યું : બતાવો. એ ગાળ તમને કઈ જગ્યાએ વાગી ?

બન્ને વિદ્યાર્થીઓ શરમાઈ ગયા. તેમની સમજને સ્થિર કરવા માટે તેમણે બન્નેને કહ્યું : દિવાલ ઉપર ફેંકેલો દડો ફેંકનાર તરફ પાછો વળે છે. તેમ કોઈ તમને અપશબ્દો કહે ત્યારે જો તમે દિવાલની જેમ વર્તો તો અપશબ્દો તે બોલનાર તરફ પાછા ફરીને તેના પસ્તાવાનું કારણ બને છે. અપશબ્દ જીરવવા જેટલી પણ સહિષ્ણુતા નહિ કેળવીએ તો જીવન હારી જઈશું.

जैन साईट JAINSITE.com જયવંતુ જિનશાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# બંધનો તૂટી ગયા

ઘણાં વખતથી દિલ્હીનો બાદશાહ અજમેર જીતવા પ્રયત્ન કરતો હતો. પરંતુ એનો કિલ્લો ખૂબ મજબુત હોવાથી અને ત્યાંનો રાજા નરપાળ ખૂબજ સાવધાન હોવાથી તેમાં તે ફાવી શકતો ન હતો.

અજમેરથી થોડે દૂર આવેલા પલાશપુરમાં પણ નરપાળનો પુત્ર રણધીર રાજ્ય ચલાવતો હતો. તે પણ લાગ જોઈને વારંવાર અજમેર પર ચડી આવતો, અને બાદશાહના લશ્કરને હેરાન કરવાનું ચૂકતો નહીં, એટલે બાદશાહે ખીજાઈને એકવાર પલાશપૂર ઉપર ચઢાઈ કરી, અને ત્યાંનો કિલ્લો તોડી, રણધીરને કેદ પકડી, દિલ્હી લઈ ગયો.

કેદખાનામાં લોઢાની બેડીઓ પહેરાવી રણધીરને બાદશાહ ખૂબ જ દુઃખ આપતો. પરંતુ રણધીર બહુ જ ધર્મ સંસ્કારી અને જૈન ધર્મમાં અનુરાગવાળો હોવાથી પોતાના ગુરુએ શીખવેલા શ્રી ભક્તામર સ્તોત્રનું નિરંતર આરાધન કરતો. દુઃખના સમયે ધર્મ એ જ એક આલંબન હોવાથી રણધીર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ શ્રદ્ધાપૂર્વક ગુરુએ બતાવ્યા પ્રમાણે સ્તોત્ર પાઠ કરવા લાગ્યો. તેમાં ખાસ કરીને ૪૨મા શ્લોકનું આરાધન કરવાથી કાચા સૂતરના તાંતણાની જેમ બેડીના બધા બંધનો તૂટી ગયા અને રણધીર છૂટો થઈ ગયો.

જયારે બાદશાહે આ જાણ્યું ત્યારે કોઈ પહેરેગીરે સહાય કરી હશે. એમ સમજીને ફરી તેને સખત બેડીઓના બંધનોમાં નાખ્યો અને વિશ્વાસુ પહેરેગીરોને મૂક્યા. આમ થયા પછી પણ ફરીવાર રણધીરે અનન્ય શ્રદ્ધાથી પ્રભુ ભક્તિ કરવા માંડી. અને ૪૨ મા શ્લોકના આરાધનની સાથે જ બેડીઓના સખત બંધનો તૂટી ગયા. તે બાદશાહ સામે ખડો થયો.

બાદશાહને થયું કે આ કોઈ ચમત્કારી પુરુષ લાગે છે. એટલે તેને ખૂબ સન્માનપૂર્વક ઉત્તમ વસ્ત્રો અલંકારો આપી પલાશપુર પાછો મોકલ્યો. પલાશપુરના લોકોએ પણ માન સહિત આવતા રાજાને જોઈ શહેરમાં આનંદ ઉત્સવ ઉજવ્યો. જયારે તેના પિતાએ આ વાત જાણી ત્યારે તો એ બહુ જ ખુશ થયા. બાદશાહ પણ ત્યારથી અજમેર ઉપર ચઢાઈ કરવાનું ભૂલી ગયો.



जैन साइट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અધીયતાં કુમાર

સમ્રાટ્ અશોકનો એક લાડકવાયો પુત્ર હતો કુણાલ. એ નાનો હતો ત્યારે જ એની માતા મરી ગઈ હતી. જે સાવકી માતા હતી તેને તો આ કુણાલ દીઠો ય ગમતો ન હતો. ગમે તેમ કરીને કુણાલને મારી નાંખવાની તક તે શોધતી હતી.

સમ્રાટ્ અશોકને આ વાતની ગંધ આવી ગઈ એટલે તેણે કુણાલને તક્ષશિલામાં મોકલી દીધો. તેની સાથે કુશળ મંત્રીઓને મોકલી દીધા. ત્યાં કુણાલ મોટો થાય છે.

એક દિવસની વાત છે. કુણાલની કુશળતાના સમાચાર લઈને તક્ષશીલાથી એક દૂત સમ્રાટ અશોક પાસે આવ્યો. કુણાલની બધી વાતે કુશળતા જાણીને સમ્રાટ અશોકને આનંદ થયો. સમ્રાટે કુણાલ પર પત્ર લખાવ્યો. તેમાં મંત્રીઓને ભલામણ કરતું એક વાક્ય સંસ્કૃત ભાષામાં લખાયું. ''अधीयतां कुमार:'' જેનો અર્થ હતો તમે કુમારને સારી રીતે ભણાવજો.

પેલી સાવકી માતાને આ પત્રના સમાચાર મળી ગયા. તેણે ગમે તે રીતે



JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પત્ર મેળવી લઈને 'અ' ઉપર મીંડુ ચડાવી દીધું, આથી વાકય આ રીતે બની ગયું "अंधीयतां कुमार:" તેનો અર્થ સાવ બદલાઈ ગયો. કુમારને આંધળો કરી નાંખજો.

દૂત દ્વારા પત્ર કુણાલ પાસે પહોંચ્યો. તે વાંચતા જ પિતાની આજ્ઞાનું પાલન કરવા તેણે ધગધગતા બે સોયા મંગાવ્યા. મંત્રીઓ ને કહ્યું : પિતાજીની આજ્ઞા છે કે મારી બે આંખો ફોડી નાંખીને મને આંધળો કરવો. આ આજ્ઞાનુ પાલન કરો. જયારે મંત્રીઓએ ફરીથી તપાસવાનો આગ્રહ કર્યો. ત્યારે કુણાલે સાફ ના પાડી દીધી અને પોતાની જાતે જ હાથમાં ગરમ કરેલા ધગધગતા સોયા ભોંકી દઈને બંને આંખો ફોડી નાંખી.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પુણ્યના ઉદયે સુખ મળે છે. અને પાપના ઉદયથી દુ:ખ મળે છે. આ માન્યતા અધૂરી છે. પુણ્યના ઉદયે સુખની સામગ્રી મળે પણ સુખ ન મળે. પાપના ઉદયે પાપ કરવાના નિમિત્તો મળે, દુ:ખના નિમિત્તો મળે પણ દુ:ખ નથી મળતું.
સુખ કષાયોની મુક્તિથી મળે છે. દુ:ખ કષાયોથી મળે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ડૉક્ટર બ્રેકેટ

વિદેશની ધરતી પર થઈ ગયેલા ડૉક્ટર બ્રેકેટની આ વાત છે. ડૉ. બ્રેકેટ નામાંકિત હતા. તેઓ યુવાન હતા તે વખતે એક પરિણીત યુવતી ક્રોમવેલ તેમના પરિચયમાં આવી અને બંને વચ્ચે પ્રેમ થયો. બંનેએ પરણી જવાનો નિર્ણય કર્યો. પરણવાના દિવસોની વાર છે. અવાર નવાર બંને મળતા રહે છે.

એક દિવસ રાત્રીનો સમય છે. કુમારી ક્રોમવેલ ડૉ. બ્રેકેટના ઘરે પહોંચી ગઈ. રાત્રે દશ વાગે બંનેની વચ્ચે વાતો ચાલે છે. એટલામાં ડૉ.ના બારણે ઘંટડી વાગે છે. બ્રેકેટ તરત જ બારણું ખોલે છે અને જુએ છે તો સામે એક ગરીબ ચીંથરેહાલ હબસી બાઈ ઉભી છે !

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

ડૉ.ના પગમાં પડીને કહે છે સાહેબ! જલ્દી મારી સાથે ચાલો. મારા દીકરાને બચાવી લો. મારો એકનો એક દીકરો છે. ગંભીર બીમારીમાં પડ્યો છે. અત્યારે સારવાર નહીં મળે તો કદાચ મરી જશે. એ મારા જીવનનો આધાર છે. આપ કૃપા કરી જલદી પધારો. આ ગરીબ ઉપર દયા કરો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સાંભળીને ડૉ. બ્રેકેટ અંદર જાય છે ને કુમારી ક્રોમવેલને કહે છે કે એક ઠેકાણે જવાનું છે ત્યાં જઈને આવું છું. તારે બેસવું હોય તો બેસ. નહિ તો આપણે કાલે મળીશું. અત્યારે એક ગરીબ માનો દીકરો બિમાર પડ્યો છે. મારે જવું જોઈએ.

કુમારી ક્રોમવેલને આઘાત લાગ્યો. એ કહે છે : આવા તો કેટલાય આવશે અને જશે. મારા પ્રેમની તો કોઈ કિંમત જ નથી ! હું તમને કેટલા મહિને કેટલા પ્રેમથી મળવા આવી છું. એક હબસણ બાઈને ખાતર મને તરછોડીને ચાલ્યા જશો !

ડૉક્ટર બ્રેકેટે જવાબ આપ્યો કે તારા પ્રેમનું અપમાન કરવાની આ વાત નથી. પણ એક માતાના હૃદયમાં બેઠેલા વાત્સલ્યનું સન્માન કરવાનો આ પ્રસંગ છે. તારા પ્રેમનું મૂલ્યાંકન હું જરૂર કરી શકું છું. પણ એક માતાના હૃદયના વાત્સલ્યનું અપમાન કરવું મારે માટે મુશ્કેલ છે.

આટલું કહીને ડૉ. તુરત જ ગરીબબાઈ સાથે તેને ઘરે જઈને એના પુત્રને સારવાર આપે છે. બાળકની સ્થિતિ ખરેખર ગંભીર હતી. છોકરો બેભાન છે. માના મનમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભારે ચિંતા છે. ડૉ. કહે : હવે તમે ચિંતા ના કરશો. જ્યાં સુધી તમારો બાળક આંખ નહીં ખોલે ત્યાં સુધી હું બેસીશ.

ડૉ. આખી રાત ત્યાં બેસી સતત સારવાર આપતા રહ્યા. સવાર પડી. છોકરાએ આંખ ખોલી. પછી જ ડૉ. પોતાના ઘરે પાછા ગયા.

સવારે ક્રોમવેલનો ફોન આવે છે. એ ગુસ્સામાં બોલે છે. કે આપણે લગ્નનો વિચાર કર્યો હતો. પણ તમારા જેવા કદરહીન માણસને હું મારી જીંદગી સોંપવા નથી માંગતી. મેં તમારી સાથે પરણવાનો વિચાર માંડી વાળ્યો છે. તમે ગમે તે રસ્તો લઈ શકો છો.

ડૉ. બ્રેકેટે જવાબ આપ્યો કે તારે શું કરવું તે માટે તું સ્વતંત્ર છે. હું તને બંધનમાં રાખવા માંગતો નથી. મારે ડૉ. તરીકેના મારા કર્તવ્યનું પાલન કરવાનું છે. મારે સમાજની સેવા કરવી જ જોઈએ. હું તારી ખાતર સમાજસેવાના ધર્મને છોડી શકું તેમ નથી. તું ગમે તેની સાથે પરણી શકે છે. મારા તરફથી તું મુક્ત છે.

આ ઘટના પછી ડૉ બ્રેકેટે પરણવાનો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચાર જ માંડી વાળ્યો. મારે એકના બનીને સર્વના મટી જવું નથી. પરણીને હું એકનો બની જાઉં. તેના બદલે અપરિણીત રહીને સર્વનો બની રહું. એ જ મારા માટે યોગ્ય છે. અને ડૉ. બ્રેકેટે અપરિણીત રહેવાનો સંકલ્પ કરી લીધો.

જીંદગીના અંત સુધી તેઓ ગરીબોની સેવા કરતા રહ્યા. સિત્તેર વર્ષની ઉંમરે જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે આખું શહેર સ્મશાન યાત્રામાં જોડાયું. એમના સમાધિસ્થાને સુંદર કબર બનાવામાં આવી. એ સમાધિ સ્થાન પર સુંદર સુવાક્ય મુકવાનો સૌને મનમાં વિચાર આવ્યો. એવું કયું સુવાક્ય મૂકવું? એમાં સૌ મુંઝાઈ ગયા.

એ દરમ્યાન વળી એક ઘટના બને છે. પેલો હબસી છોકરો જેનું જીવન અને પ્રાણ આ ડૉકટરે બચાવ્યા હતા. એ છોકરો વર્ષો વીતી જવાને લીધે પ્રૌઢ થઈ ગયો હતો. ડૉ. બ્રેકેટના મૃત્યુ પછી એક દિવસ એ છોકરો રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે રસ્તા પર લાગેલા અનેક બોર્ડો પૈકીના એક બોર્ડ પર એની નજર પડી.

એક બહુમાળી બિલ્ડીંગના ઉપરના

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મઝલે ડૉ.નું દવાખાનુ ચાલતું હતું. એના ભોંયતળીયે બોર્ડ મારેલું હતું કે "ડૉ. બ્રેકેટનું દવાખાનું ઉપર છે." પેલો હબસી તો આ બોર્ડ જોઈ ખૂબ જ ખુશ થઈ ગયો. એના મનમાં એક ઝબકારો થયો.

એણે પેલું પાટીયું નીચે ઉતારી લીધું. એ લઈને દોડ્યો, ને જ્યાં ડૉ.બ્રેકેટની કબર હતી ત્યાં આગળ જઈને મૂકી દીધું. હવે ડૉ. બ્રેકેટની કબર ઉપર આ વાકય લખેલું છે. ડૉ. બ્રેકેટનું દવાખાનું ઉપર છે. એટલે કે આ માનવ મૃત્યુ પછી ઉપર સ્વર્ગમાં જ ગયો હોય. એ નીચે ન જઈ શકે.....

સફળતાના બે સોપાન
પ્રેમ અને પ્રસન્નતા
સુખશાંતિ માટે ત્રણ સોપાન
ઉદારતા-વિશાળતા-ગંભીરતા
પાંચ મહાસત્તા
કાળ-કર્મ- નિયત્તિ-ભાગ્ય-પુરુષાર્થ
ત્રણને યાદ રાખો
ક્રોધ અને અભિમાન ન કરવું.
કોઈ સાથે ઝઘડો ન કરવો.
કોઈનું અપમાન ન કરવું.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ધનદેવ મુનિ

મૃતિકાવતી નગરીમાં જીતારી રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સુદત્ત નામે શેઠને ધન અને ધરણ નામે બે પુત્રો હતા. ધન ઉત્તમ ગુણોથી યશ પામ્યો. જ્યારે ધરણ નિર્દયી, ક્રૂર અને ઈર્ષ્યાળુ હોવાથી અપયશ પામ્યો. તેથી ધનને મારી નાંખવાનું નક્કી કરી, કહેવા લાગ્યો કે અત્યાર સુધી પિતાના દ્રવ્યથી આપણે સુખ ભોગવીએ છીએ. પણ જાતે કમાવવા પરદેશ જઈ આપણા ભાગ્યની પરીક્ષા કરીએ.

બંને ભાઈઓએ માતા પિતાની આજ્ઞા લઈ પરદેશ માટે પ્રયાણ કર્યું. માર્ગમાં ધરણે ધનને પૂછ્યું : સંસારમાં સુખ ધર્મથી મળે કે પાપથી ! ધને કહ્યું : સુખ ધર્મથી જ મળે. ત્યારે ધરણે કહ્યું કે પાપથી જ સુખ મળે...

લોકોને પુછતાં જો મારી વાત સાચી ઠરે તો હું તારા બંને નેત્રો કાઢી લઈશ. અને જો તારી વાત સાચી ઠરે તો તું મારા બંને નેત્રો કાઢી લેજે. આ પ્રમાણે શરત કરી બંને આગળ વધ્યા. ત્યાં કોઈ ધરણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવો અજ્ઞાની નાસ્તિક મળતા તેને પૂછ્યું કે પ્રાણીઓને જે કાંઈ સુખ મળે છે તે ધર્મથી કે અધર્મથી ?

નાસ્તિકે કહ્યું કે ધર્મ તો ભોળા લોકોને ઠગવાનો પ્રપંચ છે. અધર્મથી જ સુખ થાય છે. આ સાંભળી ધરણે શરત પ્રમાણે ધનના બંને નેત્રો કાઢી લીધા. આગળ જતા જંગલમાં ધનને મૂકી ધરણ છાનોમાનો ઘરે આવ્યો ને માતા પિતાને કહેવા લાગ્યો કે જંગલમાં અમે સૂતા હતા ત્યાં વાઘે ધનને ફાડી ખાધો. હું ભયથી ત્રાસી તેની નજર ચુકવી મહામુશ્કેલીએ અહીં આવ્યો છું.

આ સાંભળી ધનના માતા પિતા તથા તેની પત્નિ રૂદન કરવા લાગ્યા. ધરણ બહારથી દુઃખી અને અંદરથી આનંદ પામતો હતો. પુણ્યાત્મા ધનને વનદેવતાએ દિવ્યાંજન આપી તેના નેત્રો નિર્મળ બનાવ્યા. અને તેને વનદેવતાએ કહ્યું : આ દિવ્યાંજનથી તું બીજાના નેત્રો પણ સારા બનાવી શકીશ.

ધનકુમાર ત્યાંથી સુભદ્રપુર નગરે આવ્યો. ત્યાં અરવિંદ રાજાની પુત્રી પ્રભાવતી કર્મ સંયોગે અંધ બની હતી. રાજાએ પડહ વગડાવ્યો કે જે કોઈ મારી પુત્રીને દેખતી



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરશે તેને પુત્રી તથા અર્ધું રાજય આપીશ. ધનકુમારે પડહ ઝીલીને રાજકુમારીને દિવ્યાંજનથી દેખતી કરી.

રાજાએ હર્ષ પામી પુત્રી પરણાવી ને કન્યાદાનમાં અર્ધું રાજય આપ્યું. આ વાતની ખબર માતા પિતાને મળતાં તેઓ હર્ષ પામ્યા. પણ ધરણ વિચારવા લાગ્યો કે હવે પણ કોઈ ઉપાયે તેને મારી જ નાંખું. તો જ મને શાંતિ મળે. તેથી માતા પિતાને કહ્યું કે હું ભાઈને મળવા જાઉં છું. આજ્ઞા મળતા તે મારવાના ઈરાદે ધનદેવ પાસે આવ્યો.

ધનદેવે પૂર્વની વાત ભૂલી જઈ તેનું તથા માતા પિતાનું કુશળ પૂછ્યું. ધરણે કહ્યું બધા કુશળ છે, પણ તારા વિના મને ચેન ન પડ્યું-તેથી મળવા આવ્યો છું. પછી બંને સુખે રહેવા લાગ્યા.

એક વખતે ધરણે રાજાને એકાન્તમાં કહ્યું કે તમે જેને જમાઈ બનાવ્યો છે તે તો જાતનો ચંડાળ છે. કાચા કાનનો રાજા સાચું માની જલ્લાદો પાસે ગુપ્ત રીતે મધ્યરાત્રીએ તેને બોલાવ્યો. રાજાના બોલાવવાથી ધનદેવ જવા તૈયાર થયો. ત્યારે ધરણે કહ્યું : મને રાજા પાસે જવા દે. તેથી ધરણ રાજા પાસે



જૈન આર્ટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો કે તરત જ સંકેત મુજબ જલ્લાદોએ તેને મારી નાંખ્યો. અતિ ઉગ્ર પાપના યોગે મરીને તે સાતમી નરકે ગયો.

પછી ધનદેવને રાજા પાસેથી સર્વ વૃત્તાંત જાણવા મળે છે. તે જાણીને તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે માતા પિતાને તેડાવી શ્રી ભુવનપ્રભ મુનિ પાસે ચારિત્ર લીધું. દ્વાદશાંગી ભણીને ગુરુ સાથે વિહાર કરવા લાગ્યા. ગુરુના મુખેથી વિનયનો મહિમા સાંભળી ધનદેવ મુનિએ ગુર્વાદિ પંચ પરમેષ્ઠીનો વિનય કરવાનો અભિગ્રહ લીધો. અનુક્રમે વિહાર કરતાં સાકેતપુરના ઉદ્યાનમાં આવ્યાં.

ત્યાં આદિત્ય નામે ચૈત્યમાં જિન પ્રતિમાને વંદન કરવા આવ્યા. ધરણેન્દ્ર પણ ત્યાં આવ્યા તેમણે મુનિની પરીક્ષા કરવા તેમના શરીરે સર્પો વીંટાળી ડંશ આપી ઘણા ઉપસર્ગો કર્યા. મુનિએ બધા ઉપસર્ગો સમભાવે સહન કર્યા. ત્યારે ધરણેન્દ્ર પ્રસન્ન થઈ અપરાધ ખમાવી તેમનાં ગુરુ પાસે આવી પૂછ્યું કે ધનદેવ મુનિએ આવા પ્રકારના ઉત્તમ અભિગ્રહથી શું પુણ્ય મેળવ્યું ?

ગુરુએ કહ્યું : વિનય પદની આરાધનાથી તેમણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું છે. ધનમુનિ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળ કરી આઠમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ પામીને શાશ્વત મોક્ષ પદને પામશે.

## ભક્તિ અને વિવેક

બહેનના ઘરે વિવાહનો પ્રસંગ હતો. ભાઈમાં ભક્તિ હતી પણ વિવેક ન હતો. ખેતરમાં કપાસ ઘણું પાક્યું છે. એનું જ એક ગાડું ભરીને બહેનને ભેટ આપી દઈશ. એમ વિચાર કરી ભાઈએ કહ્યું : બહેન! વિચાર તો વસ્ત્રો જ ભેટ આપવાનો હતો. પણ પૂછી થયું કે તાકા ક્યાં લઈ જવા ? માટે વસ્ત્રો જેમાંથી તૈયાર થાય છે એ કપાસનું ગાડું જ સાથે લેતો આવ્યો છું.

બહેનને થયું કે ભાઈમાં ભક્તિ છે પણ વિવેક નથી. ભાઈને શિખામણ આપવા માટે જમવાના સમયે ભાઈની થાળીમાં ઘઉં જ પીરસ્યા. ભાઈને આશ્ચર્ય થયું. તેણે કહ્યું: આ ઘઉં ખાવાના કામમાં કેવી રીતે આવે? બહેને કહ્યું : બધી વાનગીઓ ઘઉંમાંથી જ બને છે. કપાસનો ઢગલો જો પહેરવાના કામમાં આવે તો ઘઉંથી પેટ કેમ ન ભરાય? ભાઈને પોતાની ભૂલ સમજાઈ ગઈ.



જૈન સાઈટ JAINSITE .com જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનોખી રીત

સોમચંદ શેઠે પોતાના ઘરમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવનું ખૂબ જ સુંદર ગૃહમંદિર બનાવ્યું હતું. કરોડો રૂપિયાના માલીક શેઠને પ્રભુ પ્રત્યે ખૂબ જ ભક્તિ હતી. એમના ગૃહમંદિરમાં એક રત્નની પ્રતિમા હતી. જેની કિંમત તે જમાનામાં લાખ રૂપિયા જેટલી હતી.

એક ભાઈ આ શેઠના ગૃહમંદિરમાં દરરોજ દર્શન કરવા આવતો. અને તે રત્નની મૂર્તિના પણ દર્શન કરતાં. આ ભાઈની એક ખરાબ આદત એ હતી કે તે દરરોજ સટ્ટો રમતાં. એક વખત આ ભાઈ સટ્ટામાં એક લાખ રૂપિયા હારી ગયા. હવે લેણદારોને રકમ ચુકવવી કેવી રીતે ! ખૂબ વિચાર કરતાં તેને રત્નની પ્રતિમા યાદ આવી ગઈ.

બીજે દિવસે સવારે તે દર્શન કરવા આવ્યો. સોમચંદ શેઠ પૂજા કરીને બહાર નીકળતા હતા. આથી પેલા ભાઈએ લાગ જોઈને રત્નની પ્રતિમા લઈ લીધી અને ઝોળીમાં નાંખી દીધી. સોમચંદ શેઠની ચકોર નજર તે જોઈ ગઈ. શેઠે બહાર ઉભેલા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોકીદારને કહ્યું કે અંદર ગયેલા ભાઈ જેવા બહાર નીકળે કે તરત જ તેમને આપણા ઘરે જમવા લઈ આવજે. આટલું કહીને શેઠ ઘરે ગયા.

પેલા ભાઈ જેવા બહાર નીકળ્યા કે ચોકીદાર તેમને તરત જ શેઠના ઘરે લઈ ગયો. શેઠે પેલા ભાઈનું સ્વાગત કર્યું. અને તેમને ખૂબ પ્રેમથી પકવાન જમાડ્યા.

પછી શેઠે પૂછ્યું... ભાઈ ! આજે તમે જે કામ કર્યું છે તે જરા પણ સારું કામ નથી કર્યું. તમે કેમ આમ કર્યું...?

શેઠની વાત સાંભળીને પેલા ભાઈ ધ્રુજી ઉઠ્યા. એણે શેઠની માફી માંગી કહ્યું શેઠ ! મારી ભયંકર ભૂલ થઈ ગઈ, મને માફ કરો. મેં સટ્ટામાં એક લાખ રૂપિયા ગુમાવ્યા છે. અને આવતી કાલે તે ચૂકવવાના છે. માટે મને આ પ્રતિમા ચોરવાનું સૂઝ્યું.. પણ શેઠ ! હવે આવું પાપ કદી નહીં કરું...

શેઠે કહ્યું કે તો તમારે મને આ વાત પહેલા કરવી હતી ને ! જો તમે મને આ વાત કરી હોત તો ચોરી કરવાની જરૂર જ ન રહેત....અને શેઠે તે જ વખતે પેલા ભાઈને એક લાખ રૂપિયા ગણીને આપી દીધા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પેલો માણસ શેઠની આવી મહાન ઉદારતા જોઈને નવાઈ પામ્યો. એની આંખમાંથી આંસુ સરી પડ્યા... ચોર પ્રત્યે પણ શેઠની કેવી મહાન ઉદારતા ! પોતાના સાધર્મિક પ્રત્યે કેવું અનોખું વાત્સલ્ય....

## આત્માની શક્તિ

અમેરિકામાં પોમ્ફિલા વોટસન નામની બાલિકાની ઉંમર માત્ર અઢી વર્ષની હતી.ત્યારની આ વાત છે. તેનું વજન ૧૩ કિલો, ઉંચાઈ સવા બે ફૂટ હતી.

આ નાની બાલિકાએ પૂર્વભવના સંસ્કારોના કારણે અમેરિકામાં ચકચાર જગાવી હતી. જન્મથી પાંચમા દિવસે પોતાના સ્વજનોના ચહેરા ઓળખતી થઈ. એક વર્ષની ઉંમરે શરીરના બધા અવયવોના નામો તેને આવડતા હતા. દોઢ વર્ષની વયે ચારસો શબ્દો તેને કંઠસ્થ થયેલ. આટલી નાની ઉંમરે તેની માતા જે છાપા વાંચવા આપે તે વાંચી બતાવે. અઢી વર્ષની ઉંમરે સ્વરચિત રચનાઓ દ્વારા પરમાત્માને પ્રાર્થના કરતી હતી.

આત્માની શક્તિનો અદ્ભુત આવિષ્કાર.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# માણેક ચોક

અહમદશાહ નામના રાજાએ પોતાના નામ ઉપરથી અહમદાબાદ નગર વસાવ્યું. જેનું પાછળથી અમદાવાદ થઈ ગયું. જયારે આ નગર વસાવ્યું, ત્યારે તેની ચારે બાજુ ફરતો કિલ્લો બનાવવાનું શરુ કર્યું. પરંતુ મોટી મુશ્કેલી એ થઈ કે કડિયાઓ જે કિલ્લો દિવસે ચણતા તે રાતે પડી જતો.

આ કારણથી રાજા ખૂબ જ ચિંતામાં પડ્યો. પોતાના સાથીઓ સાથે આ અંગે ઘણી બધી વિચારણાઓ કરી. છેવટે એક જણે ઉપાય બતાવ્યો, રાજાજી ! કિલ્લાની પાસે માણેકનાથ નામનો બાવો બેઠો હતો. જો તેને ખૂશ કરવામાં આવે તો કદાચ આ સંકટમાંથી છૂટકારો મળે...

રાજાએ આ ઉપાય અજમાવી જોવાનું વિચાર્યું. રાજા પોતે પગે ચાલીને માણેકનાથ બાવા પાસે આવ્યો. તે સમયે માણેકનાથ સાદડી વણી રહ્યો હતો. રાજા આવીને પગે લાગ્યો અને માણેકનાથને કહે બાવાજી ! આ નગરીનો કિલ્લો કેમ રોજ રાતે પડી જાય છે ? ત્યારે બાવાજી કહે :



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજન્ ! આ સાદડી હું દિવસે વણું છું ને તારો કિલ્લો ચણાય છે, અને રાતે ઉકેલી નાંખું છું તેથી કિલ્લો તૂટી જાય છે. રાજા કહે : તો આમાંથી બચવાનો કોઈ ઉપાય?

બાવાજી કહે : ઉપાય છે, મારું નામ અમર કરવાનું વચન આપો તો મારી આ વિદ્યાથી તમારો આ કિલ્લો તૂટશે નહિ. રાજાએ વચન આપ્યું. અને ત્યાંના ચોકને ''માણેક ચોક'' નામ આપ્યું. ત્યાર પછી કિલ્લો ઝપાટાબંધ ચણાઈ ગયો.

## વેદનાના મોતી

ઘુઘવતા સાગરના તળીયેથી મરજીવા મોતી કાઢી શકે છે. પણ અંતરની છીપમાં પડેલા વેદનાના મોતીને દુનિયાનો કોઈપણ મરજીવો કાઢી શકતો નથી, સિવાય કે માનવી ખુદ મરજીવો બની અંતરની છીપને તોડી ફોડી, વેદનાના મોતીને દુનિયાની સપાટી પર રમતું મૂકી દે.

વેદના હદથી ગુજરી ગઈ છે. સહનશીલતાની સરહદ પણ આવી ગઈ છે. સરહદની સરહદ ન હોય સ્વપ્ન ભગ્નના ટુકડે ટુકડા વેરવા અંતર બેચેન બની ગયું છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સિકંદરની ગુરુભક્તિ

સિકંદર એક મહાન સમ્રાટ હતો. એરિસ્ટોટલ તેના ગુરુ હતા. સિકંદર તેના ગુરુની આજ્ઞા મુજબ જીવન જીવવા હંમેશા પ્રયત્ન કરતો.

એક દિવસ ગુરુ અને શિષ્ય બંને જઈ રહ્યા હતા. રસ્તામાં નદી આવી. નદીમાં પાણી કેટલું ઉંડુ છે તે બાબત અંગે બે વચ્ચે વિચારણા ચાલી. એનો કોઈ નિર્ણય ન આવ્યો. તેમ છતાં સિકંદરે નદીમાં કૂદકો લગાવી દીધો. તે તરતો તરતો સામે કિનારે પહોંચી પણ ગયો.

ત્યાંથી તેણે ગુરુને કહ્યું. ગુરુજી ! આપ પણ તરતાં-તરતાં આવી જાઓ કોઈ ભય નથી. પાણી વધારે ઉંડું નથી. પછી એરિસ્ટોટલ તરીને સામે કિનારે પહોંચી ગયા. પછી સિકંદરને પૂછ્યું : તે આવું સાહસ કેમ કર્યું ! જો નદીમાં પાણી ઉંડું નીકળ્યું હોત તો તારી જીદના કારણે તું તો મરી જાતને !

સિકંદરે કહ્યું : ગુરુજી ! હું કદાચ મરી ગયો હોત તો મારા જેવા બીજા દશ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિકંદરને આપ પૈદા કરી શકયા હોત. પણ જો પહેલા આપ નદીમાં પડીને કદાચ મરી ગયા હોત તો અમે ફરીથી આપના જેવા બીજા એરિસ્ટોટલ ગુરુને ક્યાંથી મેળવી શકત ! માટે મેં નદીમાં પહેલા કુદકો માર્યો હતો.

એરિસ્ટોટલ સિકંદરની ગુરુ ભક્તિ નિહાળી રહ્યા.

## સાપનું બચ્ચું !

સાપનુ બચ્ચું રાતે ફરતું ફરતું એક રસોડામાં આવ્યું. અને ચાહ બનાવાની કીટલીમાં કુંડાળુંવાળીને બેસી ગયું. કીટલી ઉઘાડી હતી. વહેલી સવારે અંધારામાં ગૃહણી ઉઠી. કીટલીમાં થોડુ પાણી નાંખી, ઢાંકણું ઢાંકી ચૂલા પર રાખીને નિત્ય ક્રમમાં પરોવાઈ ગઈ.

થોડી વારમાં તેણે ત્રણ કપ ચાહ બનાવી અને પોતાના પિતા-પુત્રની સાથે બેસીને પીધી. લગભગ એકાદ કલાકમાં ત્રણેય મરી ગયા. પછી જયારે કીટલીમાં મરેલા ઉકળેલા સાપનું બચ્ચું નિકળ્યું. ત્યારે પડોશી ઓએ ત્રણેયના મૃત્યુનું રહસ્ય જાણ્યું.



જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કૌશલ નરેશ

કાશી નરેશ અને કોશલ નરેશ વચ્ચે યુદ્ધ થયું. એમાં કોશલ નરેશનો ઘોર પરાજય થયો. કોશલ રાજ્યમાં કોશલ નરેશ ખૂબ જ પ્રિય અને પ્રજા વત્સલ હતા. એમનો પરાજય થતાં કોશલની પ્રજાને ભયંકર આઘાત લાગ્યો. આ બાજુ કોશલ નરેશ પણ પરાજિત થતાં જ કાશી નરેશથી બચવા માટે ગુપ્ત રીતે ભાગી છૂટ્યા.

કોશલ ઉપર કાશી નરેશનું સામ્રાજ્ય આવતાં જ કાશી નરેશે કોશલ નરેશનું માથું કાપી લાવનારને ૫૦૦૦ મહોરોનું ઈનામ જાહેર કર્યું. આ સમાચાર કોઈપણ રીતે ભાગી છૂટેલા કોશલ નરેશને મળ્યા હતા. તેઓ પોતાના કોશલ દેશની પ્રજાના સુખ-દુઃખ ની ખબર રાખવા માટે ગુપ્ત વેશમાં ઘણીવાર આવતા હતા. પોતાની પ્રજા પ્રત્યેની અપાર મમતા તેમના અંતરમાંથી કેમે ય કરીને હટતી ન હતી.

કોશલ નરેશ એકવાર સન્યાસીના વેશમાં કોશલની પ્રજાની સ્થિતિ જાણવા આવ્યા. તેમને એક ગરીબ ખેડૂત મળ્યો,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિ ઉપરથી તે ખૂબ જ ગરીબ બની ગયો હોય તેમ તેમને લાગ્યું. કોશલ નરેશે તેને પૂછ્યું : તું કોણ છે ? તું ખૂબ દુઃખી લાગે છે ! ત્યારે પેલો ગરીબ ખેડૂત કહેઃ

સ્વામીજી ! શું કહું ! અમારા પાપ જાગ્યા કે અમારા સુખ-દુઃખની કાળજી રાખનાર અમારા કોશલ નરેશ યુદ્ધમાં હારી ગયા અને આ કાશી નરેશના રાજયમાં અમે દુઃખી-દુઃખી થઈ ગયા છીએ.

આ દુઃખી ખેડૂતની વાત સાંભળી કોશલ નરેશનું હૃદય રડી ઉઠ્યું. પણ તેમની પાસે પોતાની પ્રજાને આપવા માટે એક પૈસો પણ ન હતો. કોશલ નરેશે કાંઈક વિચાર કરીને તરત જ તેમણે પેલા ગરીબ ખેડૂતને કહ્યું કે તું મારી સાથે ચાલ. હું તારૂં જીંદગીભરનું દુઃખ દૂર કરી દઈશ. અને પેલા ખેડૂતને લઈને કાશી નરેશ પાસે પહોંચી ગયા.

કાશી નરેશને જઈને કહ્યું : રાજન્! મેં સાંભળ્યું છે કે આપે કોશલ નરેશનું માથું કાપી લાવનારને ૫૦૦૦ સોનામહોરો ઈનામ આપવાનુ જાહેર કર્યું છે તે શું સાચું છે ?

કાશી નરેશે કહ્યું...હા, તે વાત સાચી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તો પછી આ ખેડૂતને ૫૦૦૦ મહોરો તમે જલ્દી આપી દો કેમકે હું પોતે જ કોશલ નરેશ છું. આપ મારું માથું કાપી લો.

તમારી સાથેના યુદ્ધમાં હું હારી ગયો છું. તમે જીતી ગયા છો, પણ લોકોના દીલમાં તમે હજી જીત મેળવી શકયા નથી. એમ કહીને કોશલ નરેશે સન્યાસીનો વેશ ઉતારી નાંખ્યો. અને પોતાનુ અસલી સ્વરૂપ પ્રગટ કર્યું.

કોશલ નરેશની વાત સાંભળીને કાશી નરેશની આંખમાં આંસુ ઉભરાઈ આવ્યા. પોતાની પ્રજાના દુઃખને દૂર કરવા માટે પોતાનું માથું આપી દેનારા કોશલ નરેશ પ્રત્યે એને એટલું માન જાગ્યું કે તેના પ્રત્યેના વેરને ભૂલી ગયો. અને ઉભો થઈને કોશલ નરેશને ભેટી પડ્યો. કાશી નરેશે કોશલ નરેશને તેનું રાજય પાછુ સોંપ્યું. કાયમ માટે બંને પાકા મિત્રો બની ગયા.

જો તમારો આત્મા જાગૃત હશે, તમારામાં સાચું જ્ઞાન હશે તો તમે સુખ-દુઃખના પ્રસંગોમાં પણ સમતા - સમાધિને ટકાવી શકશો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અમર ફળ

રાજપુરમાં રાજસેન રાજા અને રામપુરમાં વીરસેન રાજા રાજ કરતાં હતા. એકવાર વીરસેન રાજાએ પોતાના મિત્ર રાજસેનને નારંગી જેવા ફળ ભેટ મોકલ્યા. આ ફળને તે લોકો અમર ફળ કહેતા હતા. અને માનતા કે આ ફળ ખાવાથી આયુષ્ય વધી જાય.

આ નારંગી જેવા ફળ ખૂબ જ દુર્લભ ગણાતા હતા. રાજસેને તો મોટો દરબાર ભર્યો અને વીરસેનની એ અમૂલ્ય ભેટ પોતાના દરબારીઓ જોઈ શકે તે માટે દરબારમાં એ ફળને ફેરવવાનો હુકમ કર્યો.

હજુરીયાઓ ફળ લઈને બધાને બતાવવા લાગ્યા. એટલામાં એક દરબારીએ થાળમાંથી ફળ ઉઠાવીને ખાવા માંડ્યું. સભામાં સન્નાટો છવાઈ ગયો. રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. તેમણે હુકમ કર્યો કે ઉડાડી દો એ બદમાશનું માથું. આ સાંભળીને પેલો દરબારી રોવા લાગ્યો.

રાજાએ ગુસ્સે થઈને કહ્યું : મોતનો ડર હતો તો ગુનો શા માટે કર્યો! દરબારી બોલ્યો: મહારાજ હું મારા મોતનાં ભયથી નહિ પણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપના માટે રડું છું... રાજા બરાડ્યો: તું કેવી વાત કરે છે! હું ક્યાં મરી જવાનો છું. કે તું મારા માટે રડે છે.

દરબારી કહે: મહારાજ આ ફળથી આયુષ્ય વધે છે એવું સાંભળીને મેં આ ફળ ખાધું. મને થયું કે મારું આયુષ્ય વધશે તો હું મારા રાજાની નોકરી વધારે સમય સુધી કરી શકીશ. પણ મેં અમર ફળનું બચકુ ભર્યું ત્યાં તો મારા પર મોત આવી પડ્યું. અને મને એ ડર છે કે તમે તો આખું ફળ ખાવાના છો તો તમારી શી દશા થશે? આ વિચાર થી હું રડું છું!

આ સાંભળી ને રાજા સમજી ગયો. તેણે દરબારી ને છોડી દીધો. અને ઈનામ પણ આપ્યું.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## દિવ્ય શક્તિ

વિશ્વના જીવોને મોક્ષ માર્ગની આરાધનામાં જોડવાનું કાર્ય ઘણું જ મુશ્કેલ છે. એ મુશ્કેલ કાર્ય માનવ શક્તિથી અશક્ય છે. તેના માટે દિવ્ય શક્તિની જરૂર પડે છે. એ દિવ્ય શક્તિ આત્મ કમલની અંદર નવપદોના ધ્યાન દ્વારા જ આપણે મેળવી શકીએ છીએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પુસ્તકના પ્રેરક



પ્રખર વિદ્વાન્- સિદ્ધાંત દિવાકર
પ્રશાંતમૂર્તિ- પૂ. ગચ્છાધિપતિ
આચાર્ય ભગવંત
શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજા

પૂ. ગુરુદેવ શ્રી

મહાન્ ત્યાગી-સમતાના સાગર
પ્રવચન કુશળ- પ્રવર્તક પ્રવર
પૂજ્ય મુનિરાજ
શ્રી ધર્મગુપ્ત વિજયજી મ.



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्